ॐ श्री १।

Government Of the WorlD.

સૃષ્ટિની મહારાણી

H. I. M.

તે. હું. છું.

GITA-SUN-SONG OF ANANDANAND.

આનંદાનંદ સંગીત ગીતા.

કર્તા,

સ્વામી આનંદાનંદ સરસ્વતી.

પ્રકાશક,

ભગુભાઇ ઇશ્વરદાસ.

જાદાભગતની પોળ–અમદાવાદ.

સંવત ૧૯૭૫. સંને ૧૯૧૯.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

કીંમત રૂ. ૧—૪—૦

અમદાવાદ.
ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ શામળદાસે છાપ્યું,

Gita-sun-git Of anandanan D.

આનંદાનંદ સંગીત ગીતા.



સરસ્વતી.

પ્રસ્તાવના.

આપણી પરા પૂર્વની મહારાજ્ઞી શ્રી ગીતાજીના નામથી હું નથી ધારતો કે આ સૃષ્ટિમાં કોઇ અજાણ્યું હોય. કારણ કે એનાજ પ્રતાપ વડે અનેક મહાત્માઓ તરી ગયા છે. એ ગીતાથી શું શું લાભ થાય છે તે તો એનાં મહાત્મમાંજ બતાવ્યું છે તો હું એથી વિશેશ આપને શું બતાવું છતાં વિશેશમાં મારે એજ કહેવાનું કે એનો જે ખરો લાભ તે હું લઇ ચુક્યો છું. પણ હવે એનો લાભ આપને પણ આપવાની ઇચ્છાથી આ ગીતાને આનંદાનંદથી સંગીત કરી આપનામાં પણ એના ખરા સુખનો અનુભવ ઉતારવા માટે આપની સમક્ષ રજુ કરી છે. આ ગીતા પ્રથમ ગુરૂ પર શ્રદ્ધા રાખતા શીખવશે કારણ કે શ્રદ્ધા સકળનું મુળ છે શ્રદ્ધા વિના સહુ ધુળ છે. જ્યારે તમને શ્રદ્ધા બંધાશે ત્યારે તન મન અને ધન ગુરૂને શી રીતે આપવું તે શીખવશે અને પછી જ્ઞાનરૂપ અમૃત પીવડાવી આત્મ દર્શન કરાવી તમને મહારાજાના પણ મહારાજા બનાવશે.અને જ્યારે તમે તે પદ્દીએ પહોંચશો ત્યારે તમને આ જગત ચિત્રમય લાગશે અને તમને પ્રત્યક્ષ બતાવશે કે તમારા એક અંશમાં જગત છે અને જગતના એક અંશમાં તમે છો. જેમ અરજુને શ્રી કૃષ્ણના પ્રતાપથી દૃષ્ટિમાં સૃષ્ટિ જોઇ હતી તેમ તમે આ ગીતાના પ્રતાપથી જોવાને શક્તિવાન થશો જ. મ્હેં પોતે શી રીતે જોયું તે તો આ-પણી ગીતામાં અર્જુને પણ વર્ણવી બતાવ્યું છે. પણ તેથી આપની ખાત્રી શું થઇ. તેવી જ રીતે હું પણ વર્ણવી બતાવીશ પણ તેથી આપને શી રીતે ખાત્રી થશે. ઘણું ઘણું તો હું એજ વસ્તુનું રૂપાં-તર કરી બતાવીશ અને ભુતને વર્તમાનમાં લાવી આપની સમક્ષ રજુ કરીશ. પણ તે માનવું યા ન માનવું એ આપનું કામ છે. એ માનવાથી કે ન માનવાથી તમને કોઇ લાભ નથી. પણ પ્રત્યક્ષ જો-

વાથી જે લાભ થશે તે અમુલ્ય થઇ પડશે. શાસ્ત્રમાં કહ્યું છે કે "જેવું આ તેવું તે" જો અર્જુને રૂપ જોયું તે ખોટું હશે તો મારૂં પણ ખોટું જ હશે અને તે ખરૂં હશે તો મારૂં પણ ખરૂં જ હશે. કારણ કે જેવું ભુત તેવું જ વર્તમાન અને તેવુંજ ભવિષ્ય. રૂપાંતર થવું એ તો સ્વભાવિક છે. તેથી કૃપા કરી પ્રથમ આ ગીતા વાંચી તેનું ખરૂં રહસ્ય તમારા અંતરના ઉંડા ભાગમાં ઉતારો. અને તમારા પોતાના જે ગુરૂ હોય તેના પર પૂર્ણ શ્રદ્ધા રાખો તેને તન મન અને ધન અર્પણ કરો જેથી ગુરૂ તમને દિવ્ય દૃષ્ટિ આપશે અને તે દૃષ્ટિથી તમે તમારા પોતાના ખરા સ્વરૂપના દર્શન કરવાને ભાગ્યશાળી થશો. અને મને પણ આશા છે કે વિશ્વ દર્શન એ નામનું ખાસ પુસ્તક રચી મારાથી જેટલું બનશે તેટલું વિવેચન કરી આપનું મન રંજન કરીશ. પણ તમે જાતે જોશો તેવું મારાથી વર્ણવી શકાશે નહીં જ. શું વર્ણવું ? અર્જુન અથવા અન્ય અનેક મહાત્માઓ થઇ ગયા તે પણ વર્ણવી શકયા નથી તો હું કેવી રીતે વર્ણવું. છતાં પણ મને આશા છે કે તેનાથી કંઈ ઉન્નતિનો અનુભવ તો આપ અવશ્ય લેશો જ.

મ્હેં જે આ ગીતાથી ઉન્નતિ કરી છે તે ખરૂં જોતા આપનીજ ઉન્નતિ હું માનું છું કારણ કે જો આપ ન હોત તો હું મારા હૃદયની વાત પણ કોને સંભળાવત. મારી સર્વ વાત આપ ધ્યાનથી સાંભળો છો એજ મારી પ્રથમ ઉન્નતિ માનું છું. જે મ્હેં વિશ્વ દર્શન કર્યું તે આપનુંજ હતું તેથી આપનું વર્ણન આપજ કરી શકો મારાથી શી રીતે બને ? અહા ! જોનાર કોણ સાંભળનાર કોણ, કહેનાર કોણ ખરેખર આ સર્વે વિશ્વની રચના કોઇ ચમત્કારીજ છે. એકજ વસ્તુ છે પણ અનેક રૂપે દેખાય છે. અનેક ભાવે દેખાયછે.

એ વસ્તુ શું હશે. ભલે ગમે તે હો પણ હું તો આપનુંજ દર્શન કરી આ ગીતા રૂપ ચંદન ચડાવી કૃતાર્થ થાઉં છું. અને આશા છે કે અલ્પ સમયમાં વિશ્વ દર્શન જેવું મ્હેં કર્યું તેવું આપને થશેજ.

જેણે વિશ્વદર્શન કર્યા તે કોણ હશે એ વિશે પ્રશ્ન થવો એ એક સ્વાભાવિક છે પણ હાલમાં હું એટલુંજ કહું છું કે ગુજરાતી ૭ તથા અંગ્રેજી ચાર ચોપડી ભણેલો એક બાળક છે. અને પોતે રેલ્વે મેલ સર્વિસમાં સૉર્ટરનું કામ કરતો હતો. ત્યાર પછી બેક વર્ષ ટાઇપીસ્ટમાં નોકરી કરી વૈરાગ્ય આવવાથી સંસાર છોડી સાધુ થયો. અને સાધુ થયા પછી સાત વર્ષે ઇશ્વરનો ચમત્કાર જોયો અને આઠમે વર્ષે ગુરૂના ફરીથી દર્શન કર્યા ગુરૂને તન મન અને ધન આપી વિશ્વદર્શનનો અનુભવ લીધો અને વિશ્વદર્શન થયા પછી બીજે વર્ષે ગીતા લખવાનો આરંભ કર્યો અને ત્રીજે વર્ષે આપની સમક્ષ મુકવાને શક્તિવાન થયો છે. અને આશા રાખે છે કે ભવિષ્યમાં પણ આપની સેવા કરવામાંજ પોતે આનંદ લેશે. હાલમાં આ (પત્રરૂપ) ઓરસીયા પર (વિચાર રૂપ) કેસર તથા (સરસ્વતી રૂપ) કસ્તુરી નાખી (કલમ રૂપ) સુખડથી (પ્રેમ રૂપ) ચંદન ઘસી (ઇશ્વર રૂપ) આપનેજ ચર્ચીને (અક્ષર રૂપ) અમૃત ભોજન આપું છું તે સ્વિકારી આપ પણ મારી માફક સમય પ્રાપ્ત થતા આનંદાનંદનો અનુભવ કરશો.

આ ગીતાથી જેને આત્મદર્શન થાય તેણે આ ગીતાની બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે છપાવી આપવા કૃપા કરવી.

લી० હું છું આપનો.
સેવક–સ્વામી.
આનંદાનંદ સરસ્વતી.

સદ્ઉપદેશ શ્રેણીમાંથી.

—પ્રભુ રૂપ પતિ વશ કરવાનો મંત્ર—

(અલી આમ રીસાઇએ સમય વિચારી.)

સખી ! આવી રીતે પ્રિયતમ વશ કરીએ, સ્નેહ સબંધે બાંધી
કદી ભિન્ન પડે નહીં એવા દઇએ, હૃદયથી હૃદયને સાંધી;
શાથી રીઝે અને શાથી ખીજે એ, તપાસીએ બહુ ધ્યાને,
અનુકુળ વર્તન કરતા મોહન, મગરૂર છે ના માને. સખી.

ભલે દુખ એ દે પણ આપણુ સુખ રૂપ તેને લહીએ,
રડાવવા એ કરે ઉપાયો, તેમ આપણુ હરખાઇએ. સખી.

માગ્યા પહેલા બધુંજ, પ્રભુ ચરણોમાં મુકી દઇએ,
ભલે બતાવે એહ વિમુખતા, આપણુ અભીમુખ રહીયે. સખી.

વિરોધનું કારણ પ્રગટયે ઝટ, આપણુ મનાવી લઇયે,
મનાવવા પ્રિયતમને એમાં, સપાડું છે શું કંઇએ. સખી.

પ્રભુ આપણા અને સદાયે, આપણુ તેના છઇએ,
રીઝાવી પતિસહ રમીયે નહીંતો જીવન હારી જઇયે. સખી.

Sreyassadhak Of the hindustaN.

મારા પ્રિય શ્રેયસ્સાધક બંધુઓ—

આપણા જગતગુરૂ શ્રીમન્ન ઉપેન્દ્ર ભગવાને મને જે આત્મદર્શનનો અલભ્ય લાભ આપ્યો છે તેને માટે પ્રથમ હું આપનોજ ઉપકાર માનું છું. કારણ કે આપની કૃપા વડેજ મને ગુરૂની મુલાકાત થઇ છે. આપની કૃપા વડેજ તેમનાથી મંત્ર પ્રાપ્ત થયો છે. એ મંત્ર રૂપ પ્રસાદી લઇને ગુરૂના ઉપર શ્રદ્ધા રાખીને અનેક દૂર દેશોમાં વિચરવા છતાં ત્યાં પણ એજ ગુરૂએ મને દર્શન દઇને તથા મારૂં સર્વસ્વ લઇને મને ચિંતાથી મુક્ત કર્યો છે મને સર્વ શંકાથી મુક્ત કર્યો છે. અરજુને જે રૂપ શ્રી કૃષ્ણનું જોયું હતું તેજ રૂપ એમણે મને પોતાનું બતાવ્યું છે. જે દર્શન મને દૂર રહેવા છતા પણ બાર વરસ જેવા અલ્પ સમયમાં પ્રાપ્ત થયું તેજ દર્શન આપ ગુરૂની પાસે રહી હર વખત કરતાજ હશો તેથી મારા કરતા આપને હું વિશેશ ભાગ્યશાળી ગણું છું. આવો અલભ્ય લાભ આપ નિત્ય મેળવો છો તે ગુપ્ત કેમ રાખો છો તે હું સમજી શકતો નથી. છતાં પણ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરતા માલમ પડે છે કે આપના મન સાગર જેવા હોવાથી છલકાતા નથી પણ મારૂં મન નદી જેવું હોવાથી તેમાં ગુરૂના ઉપદેશ રૂપ વૃષ્ટિથી બંને કિનારા છલાછલ ભરાઈ ગયા છે અને પાણી રૂપ વાણી આમ તેમ દોડાદોડ કરી રહી છે. સાગર નથી કહેતો કે તમે મારામાં સ્નાન કરી પવિત્ર થવાને આવો પણ નદી તો ગામે ગામ અને દેશે દેશ ફરી સર્વને પોતામાં સ્નાન કરી

પવિત્ર થવાને નિમંત્રણુ કરે છે. પણુ તેની દૃષ્ટિ તો માત્ર સાગર તરફજ હોય છે, તેમ હું સાગર રૂપ આપના તરફ દૃષ્ટિ રાખી ગુરૂ રૂપ ગીતા નદીમાં પ્રેમના કિનારા બાંધી સર્વને આનંદાનંદના પ્રેમ જળમાં સ્નાન કરાવી પવિત્ર કરી આનંદ સાગરમાં લાવી મુકીશ.

હું કોણુ છું અને મને દર્શન શી રીતે થયા ઇત્યાદિ હકીકત પૂછનાર અનેક છે પણુ મારી જીભ એકજ છે. વળી દર્શન એ કંઇ વાણીનો વિષય નથી પણુ પ્રત્યક્ષ જોવાનો વિષય છે. તેના જેવી અન્ય વસ્તુ નથી કે હું ઉપમા આપીને સમજાવી શકું. અને સમજાવવા જાઊં તો પણુ હું એક ગાંડા માણસમાં ગણાઊં છતાં પણુ આપ જેને ઓળખવા માગો છો, જેના રૂપ થવા માગો છો તેના જ્યારે દર્શન કરો ત્યારે આ મારી ગીતાને ભુલશો નહીં. કૃપા કરી એને આપના પ્રભુના ચરણુ સમીપ રજુ કરજો. એમાં કંઇપણુ ભુલ ચુક કે ખોડ ખાંપણુ રહી ગઇ હશે તો મને આશા છે કે તે સુધારીને સ્વિકારી લેશે. કારણુ કે ગીતાની ભુલચુકના માલીક ઇશ્વર જ છે. મને આશા છે કે જેને ત્યાં આ ગીતા હશે તેને ત્યાં પ્રભુને કોઇ પણુ રૂપથી ગયા વગર છૂટકોજ નથીં. ઇશ્વરને ઘેરે ઘેરભટકાવવાની ઇચ્છાથીજ આ ગીતા પ્રગટ કરવામાં આવી છે: ઇશ્વર એક હોવા છતાં અનેકને દર્શન શી રીતે આપે છે ગીતામાં લખેલું મહાત્મ શી રીતે સિદ્ધ કરી બતાવે છે, અર્જુનના જેવી સર્વને દિવ્ય દૃષ્ટિ શી રીતે આપે છે એ સર્વ મારે પોતાને જાણવાની ઇચ્છા છે. માટે કૃપા કરી આ ગીતાથી જેને કંઇ પણુ લાભ મળે તેણે આ ગીતાનો સર્વને લાભ આપવો. પોતાને જેવી રીતે લાભ મળ્યો હોય તે દર્શાવવો ઇશ્વરનું મહાત્મ વધારવુ એજ આ ગીતાનો ઉદ્દેશ છે.

-જગદ ગુરૂ શ્રીમદ ઉપેન્દ્ર ભગવાન્-

ગુરૂવર્ય—

આપની કૃપા પ્રસાદી રૂપ મંત્ર પ્રાપ્ત કરી હું આજે બાર વરસે અખંડઆનંદ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થયો છું. તે માત્ર હે ગુરૂ ! આપના પર પૂર્ણ શ્રદ્ધા હોવાનુંજ કારણ છે. મ્હેં આપનું સામાન્ય તથા વિશેષ રૂપ પૂર્ણ રીતે જોયું છે અને અદ્યાપિ પર્યંત પણ મારી દૃષ્ટિ સમીપથી ખસતું નથી. આવી રીતે આપ સર્વદા મારી દૃષ્ટિમાં જ રહેશો એજ મારી વિનંતિ છે. આપની સ્તુતિ શું કરૂં જો આપનું એક સ્વરૂપ હોત તો તે મારાથી વર્ણવી શકાતે પણ અનેક સ્વરૂપો આપનાજ હોવાથી તેનું વર્ણન કરવાને મારી પાસે જીભ પણ વધારે નથી. આપના તો અનેક રૂપ છે પણ મારૂં તો એકજ રૂપ છે તે એક રૂપનું વર્ણન કરતાં કંઇક કાળ વહી જાય એમ છે તો આપનાં અનેક રૂપોનું વર્ણન ક્યારે થઇ રહે. આ ગીતામાં જે જે સ્તુતીઓ કરેલી છે તે આપનીજ છે અને એ ખરેખરો અમૃત મેવો છે. બીજી થોડી ઘણી લોચા લાપશી પણ છે તે જો ન ભાવે તો પ્રસાદ તરીકે આપના ભાણામાંજ રહેવા દેજો તે હું જ ખાઇશ. અને તેથી વધશે તો મારા બંધુઓને આપીશ. મને તો લાગે છે કે એ લોચા લાપશી પણ ગુરૂનો પ્રસાદજ છે એમ જાણી મારા શ્રેય-સાધક બંધૂઓ પ્રેમથી ખાશે. અને એજ પ્રસાદ વડે પોતાના ગુરૂના સ્વરૂપને જાણી શકશે. આ ગીતા મ્હેં કરી છે એ કહેવુંજ ખરૂ જોતા ભુલ ભરેલું છે. જો મારા હૃદયમાં ગુરૂ ન હોત તો મારી શું તાકત હતી કે હું ગીતા રચી શકત પણ મને નિશ્ચય થયો કે હે ગુરૂ ! આપેજ મારા હૃદયમાં બેસી ગીતા રચેલી છે. હું આપને અ-

પણ શું કરૂં આપેજ મને તે અર્પણ કરેલી છે. હું આપને શું આપું કારણ કે આપનુંજ સર્વ આપેલું છે આપના એકેક ગીત મારા હૃદય સરસા ચોંટી ગયા છે. તેના ભણકારાનો ધ્વની મારા અંતરના ઊંડા ભાગમાં હું સાંભળી રહ્યો છું. સર્વ કામો કરવા છતાં મારૂં ધ્યાન આપનાથી દુર થતું નથી તેથી હું ધન ભાગ્ય છું. હું આપની કૃપાથી મેળવવાનું મેળવી ચુક્યો છું. મારે મેળવવાનું કંઇ બાકી નથી એવી પ્રત્યક્ષ વસ્તુનો મને આપની કૃપાથી અનુભવ થયો. મને તાલ અથવા સુરની બરોબર ખબર નહીં હોવા છતાં પણ આ ગીતો મારાથી સંગીતમાં લખાઇ એજ પ્રથમ હું મોટું આશ્ચર્ય માનુ છું આ ગીતો આપને અર્પણ કરવામાં પણ મને કોઈ મોટું રહસ્ય સમજાય છે તે રહસ્ય આપની ૪૦ મી સદુપદેશ શ્રેણીનાં આપના બનાવેલા સર્વ ગાયનો સાથે છે. તેમાં આપ મારી સાથે જ્ઞાનનો જુગાર ખેલી રહ્યા છો. ખરેખર આપે આ ગીતો તૈયાર કરાવી કોઈ નવીન રમત કરવા ધારી હોય એમ જણાય છે. પ્રભુ ! આપની ઇચ્છા પ્રમાણેજ બનશે. હું તથા આપ ભિન્ન નથી. ઉપેન્દ્ર એજ આનંદાનંદ અને આનંદાનંદ એજ ઉપેન્દ્ર ભગવાન છે. અર્પણ પત્રિકા એ તો માત્ર પિતા પુત્રનું, ગુરૂ શિષ્યનું, રાજા પ્રજાનું ઇત્યાદિનું લેન દેન છે. વિશેષમાં મારા આપને નમ્ર વિનંતી એજ છે કે આપ સદા સર્વદા મને આપના શર્ણમાંજ રાખો. રાખો શું છુંજ. જનમ ધરીને મ્હેં આપનું શરણું છોડયું નથી.

હે ગુરૂ ! આપની જેટલી સ્તુતી કરૂં તેટલી થોડીજ છે પણ હાલની ઇંગ્લીશ સીસ્ટમ પ્રમાણે Your Imperial Majesty માંજ સર્વ સ્તુતી સમાઇ જાય છે તેથી આ સ્તુતી જો મારાથી વધારે લખાઇ ગઇ હોય તો ઉપરના ત્રણ શબ્દજ આપની સ્તુતી માની

લેશો. અને બાકીનો મારો લવારોજ છે. નાના છોકરા ઘોડીયામાં લવારો કરતા હોય ત્યારે તે ઉત્તમ ગાયન ગાય છે એવું તો માત્ર માતા પિતાજ કહે છે. જ્યારે મને આપના વિશ્વદર્શન થયા ત્યારે આજ સ્તુતીયો મારાથી ગવાઇ હતી આજ ગીતા મારાથી ગવાઇ હતી તેજ ગીતા સર્વેના લાભને અર્થે, સર્વને આપનું રૂપ જણાવ-વવાને અર્થેજ છે અને મને આશા છે કે અલ્પ સમયમાંજ આ ગીતાના પ્રતાપ વડે તેઓ આપના સ્વરૂપને જાણવાને ભાગ્યશાળી થશે. એ ગીતામાં જે મહાત્મ બતાવ્યું છે તે સત્ય છે એવું મ્હેં અનુભવથી જાણ્યું છે અને હું એટલે સુધી પણ કહી શકું છું કે મનની કોઇ કામના ધારીને આ ગીતાની બાધા રાખવાથી તેની મનો-કામના અવશ્ય સિદ્ધ થવી જોઇએ. પણ તે સાથે ગુરૂની કૃપા પણ જોઇએજ.

ગુરૂના ઉપદેશ રૂપ બી રોપાય છે શ્રદ્ધા રૂપ વરસાદથી સેવાઇને સમય પ્રાપ્ત થતા ફણગા ફુટે છે પછી નાનું મોટું વૃક્ષ થાય છે અને કંઇક વર્ષે ફળ આવે છે. તે ફળ ખાવાનો મને અલ્પ સમયમાં જે લાભ પ્રાપ્ત થયો તેને માટે હે ગુરૂ। મારાથી આપની જે સેવા બની આવે તે સ્વિકારી કૃતાર્થ કરશો.

લી. આપનો હું છું.

સદાનો

આનંદાનંદ સરસ્વતી.

આનંદાનંદના ગુરૂને વશ કરવા સાધકને વિનંતિ

સાધક જો ગુરૂને વશ કરશો દુનિયા છે જ તમારી,
ગુરૂને જો વશ કીધા નહીં તો ધાડ તમે શું મારી—સાધક.
તન મન ધન દીધે ગુરૂ રીઝે, તો તે આપી દોને,
સ્પર્શમણી છે ગુરૂ હૃદયમા, ભેટ પ્રેમથી લ્યોને—સાધક
ગુરૂ તણા દુખડા સહુ લઇને, સુખ ગુરૂને દઇએ,
દુખ વિનાના ગુરૂને જાણી, સાધક સૌ હરખઇયે—સાધક.
ખોટી માયા ખોટો ખજાનો, સર્વે આપી દઇએ,
ખરો તત્વ જે ભર્યો ગુરૂમાં, પ્રેમ થકી તે લઇએ—સાધક.
ઉતાવળા નવ કરીયે જરીયે, આંબા તેથી ન પાકે,
સમય પ્રાપ્ત થતાં તે આંબો, ભીતર ફલ નવ રાખે—સાધક.
ભલે બતાવે ગુરૂ નિડરતા, આપણ ડરતા રહીએ,
ગુરૂ કદી જો ઉભા રહેતો, ચરણોમાં શીશ દઇએ—સાધક.
શીશ વિનાના જ્યારે થઇશું, ડર નવ રહેશે જરીયે,
શીશ વિનાના થાવા માટે, ગુરૂ ચરણે શીશ ધરીયે—સાધક.
અમરપદ પછી સ્હેજે મળશે, પણ પ્રથમ મરી જઇયે,
રીત ન જાણો મરવાની તો, જીવતા મરેલા થઇયે—સાધક,

અર્પણ પત્રિકા.

જગદ ગુરૂ આપ "જે છો તે"

"ગુરૂ" સર્વાક્ષરી મંત્ર, દીધો આપેજ જયારથી;
સર્વ રીતે ઉન્નતીજ, મ્હારી થઇ છે ત્યારથી.
ભાળું હજુએ થાય છે, છે આપની કૃપા અતિ;
સંશયો છે સર્વ છૂટયાં, મંત્રની એ પ્રભા થકી;
શ્રી હરીનું પૂર્ણ રૂપ, પ્રેમથી મ્હેં નિહાળીયું:
ચર્ણથી શીખા સુધી, એ આપમાં ગુરૂ ભાળીયું.
મ્હારો તમ્હારો ભેદ જે, જાણતો મુજ મનમાં;
મૂળથી ઉખડી ગયો, ભાળતા ગુરૂ! તનમાં;
જોયું શરીર મ્હેંજ મારૂં, જે આપથી જુદું નથી.
આપ છો તેજ હું પણ, આપ મ્હોટાજ હું થકી;
અર્પણ છું હું ગુરૂને, સર્વ છે આ આપનું.
હુંએ પણ છુંજ આપ, તોયે બાળક આપનું;
રમતા તો કરી ગીતા, ભરી રાગ સંગીતના:
પ્રેમ છેજ ભર્યો એમાં, નથી રાગોજ રીતના.
સુર અથવા તાલનું, નથી ભાન આ બાલમાં;
પ્રેમ છેજ ભર્યો ઉરમાં, નથી વ્હેપારી તાલના.
સ્વિકારીને પ્રેમ મ્હારો, સર્વદા ઉર ધારજો;
દષ્ટે આવે ભુલ મ્હારી, કૃપા કરી સુધારજો.
ચિત્ત મ્હારૂ શ્રી ગુરૂની, સ્તુતી કરવા ચાહે છે;

સ્તુતીથી સૃષ્ટિના પત્રો, ભરવાનું મન થાય છે.
પણ એ સૃષ્ટિના પત્રો, અહંકારમાં જાય છે;
ગુરૂ તણા ગુરૂ બની, રણમાં ફાટી જાય છે.
કઈક તો બની નોટો, ઘર માંહે ઘુસી ગયા;
કેટલા તો થઇ ચેકો, ખુરશીએ બેસી ગયા.
શું કરૂં કે રાજા એને, મોટા કરીને માનતા;
એક પૈના કાગળથી, રૂપિયા લખ્ખો આણતા.
એ પત્રની કૃપા વિના, સ્તુતી ગુરૂ થતી નથી;
કરૂં છું ઘણીએ પણ, આપને મળતી નથી.
ભલે પત્ર એ આપનો, જુદો નથીજ આપથી;
મ્હારો, તમ્હારો, એજ છે, એની સ્તુતી તે આપણી.
એમ જાણી કરૂં સ્તુતી, પત્ર કેરીજ પ્રેમથી;
આપણી તે જાણીને, ગુરૂ ! સ્વીકારો રે'મથી.
મ્હેં જાણ્યું ગુરૂને તન, મન ધન છે આપીયું;
ના, ના, ચિંતાજ આપી, છે બાકી સર્વ રાખીયું.
આનંદ આનંદ આપું છું, પણ ઓછો થતો નથી;
આપતા હું થાક્યો પણ, લેશ એ ઘટતો નથી.
તે આનંદનું મૂલ્ય શું, ગુરૂ ! આપશો મુજને;
મૂલ્ય તો નહીંજ પણ, મજુરી દેજો મુજને.

લી૦ આપ છો મ્હારા
સ્વામી
આનંદાનંદ સરસ્વતી.

પત્ર સ્તુતિ.

(રાગ કલ્યાણ.)

પત્ર તમોને વંદુ સદાએ, વદો મુખે મધુરી વાણી;
વેદ પુરાણના જ્ઞાતા તમે છો, શાસ્ત્ર ધર્યા સહુ તમે આણી.
ગુરૂ તમોને જાણું જગતના, વ્યાપક વેદ વખાણી. પત્ર૦
જન સહુ ખોલે હૃદય તમ પાસે, આપ છો અંતરજામી;
દૂરની વસ્તુ નજીક બતાવો, વાત ન કોઇ તમથી છાની. પત્ર૦
ચિત્ર જગતનું તમમાં દેખું, સર્વ સૃષ્ટિના છો સ્વામી;
દેવ દાનવ નારાયણ તમમાં, ચિત્ર કરી લીધા તાણી; પત્ર૦
મહારાજા છો આપ જગતના, સરસ્વતી છે મહારાણી;
જીત પંચમાં આપ બિરાજો, સરસ્વતી મેરી જાણી. પત્ર૦
સરસ્વતી ચોપડી ચૉપડી કીધી, સરસ્વતી તેમાં આણી;
પુસ્તક ગ્રંથને શાસ્ત્ર બનાવ્યા, બુક વૉલ્યુમ લીધા જાણી. પત્ર૦
આ સૌ સૃષ્ટિ આપ તણી છે, કિંમત કેમ શકું જાણી;
તન મન ધન મુજ સહુ આ લેજો, સવ્વામાં સર્વ માની. પત્ર૦
ચંદન શાહી ચડાવું તમને, કલમ પુષ્પ લેજો માની;
અક્ષર આરતી કરૂં તમારી, ધુપં શબ્દ સુગંધના જાણી. પત્ર૦
ધન આપી હું લાવ્યો તમને, બેસાડયા તનની માંહી;
લખવા મન અર્પ્યું છે તમને, દયા કરી બોલો વાણી. પત્ર૦
તન મન ધન અરપણ છે તમને, વાંચે જગતના સહુ પ્રાણી;
જેહ પ્રભુનું ચિત્ર છે તમમાં, અમ હૃદયમાં દિયો આણી. પત્ર૦
જે જે જ્ઞાન રહ્યું છે તમમાં, તે તે ઘો અમ ઉર આણી;
હસ્ત જોડી કરૂં સ્તુતી તમારી, જ્ઞાન ગુરૂ તમને જાણી. પત્ર૦
પત્ર કહે સુણ શિષ્ય તું પ્યારા, વાત તારી નહી સમજાણી;
વેદ પુરાણ શાસ્ત્રો નવ સમજ્યું, જાણું નહિં સારંગ પાણી. પત્ર૦

જગત દેવ દાનવ નવ જાણું, હું પોતે છું નિરવાણી;
નિર્વિકાર તે હું છું પોતે, પિતા કપાસ મુજ લે જાણી. પત્ર૦
એ "રૂ" માત્ર પ્રકાશ પ્રભુનો, ઓળખ તેમાં બીજ વાસી;
બિંદુ "રૂ" આ બનમાં વસ્ત્ર ગોકુળમાં ખેલી રહ્યા સર્વે પ્રાણી. પત્ર૦
વસ્ત્ર કપાસમાં બીજ દેખાયે, તત્વમસી તું લે જાણી;
પત્ર વસ્ત્ર કપાસ બીજ સોહં, તત્વમસી સોહં વાણી. પત્ર૦
દૃષ્યા દૃષ્ય દર્શન પણ હું છું, સ્પર્શા સ્પર્શ તે મુજ માંહીં;
શ્રુતિ સ્મૃતિ વેદપુરાણ તે હું છું, વ્યંજન સ્વર મારી વાણી. પત્ર૦
પૃથ્વી જળ અગ્નિ ને વાયુ, આકાશ જીવપંચ લે જાણી;
જીવ પંચ તે હું છું પોતે, લેન દેન મારી રાજધાની. પત્ર૦
જ્ઞાન જાણતું સરસ્વતીને, સરસ્વતી મેરી મહારાણી;
મેરી રૂપ આનંદ કહાવે, આનંદાનંદ જપ વાણી. પત્ર૦
એજ સૂર્યા મેરી મિહિરા, મહી રૂપે વ્યાપક જાણી;
એ મહિપતિ શ્રી સૂર્યનારાયણ, હરીનારાયણ વદ વાણી. પત્ર૦
અનેક રૂપથી વ્યાપી રહ્યો છું, સર્વે નામ મુજ લે જાણી;
નારાયણ નજરાના પ્યારે, જગદ્ગુરૂ હરી મેં માની. પત્ર૦

(દોહરા.)

દુર હુ બસે નગીચ, જાસુ જોન ચિત્ત બીચ;
જો ન જાસુ ચિત્ત પુર, હૈ સમીપ હુ સહુ દુર,
એકો અક્ષર જો ગુરૂ, શિષ્ય હી દેત જનાય;
ભુમી મહી ધન નાહીં વો, જો દૈ અનૃણ કહાય
જો દેખે તુજ સામને, જોન સુને તુજ કાન;
સુંઘે સ્વાદે જો સહુ, તત્વમસી તું માન.

ૐ શાંતિ.

॥ श्री मन्मुखाधिपतये नमः ॥

ૐકાર સ્વરૂપી શ્રી પંચાયતન સચ્ચિદૃષ્ય જીવની

—આરતી—

ૐ જીવ જીવ સત શીશ સેવ, જય શીશ જીવગોરા, (૨)
જરં મરન વિનાશી (૨) પંચાયમન મૂર્તિ—ૐ.
ૐ અનાદિ કારણુ જીવ, ધી સેવક ઢુંઢી—શીશ,
સરવે તારા રૂપ, (૨) શીરસા હૃદ ઢુંઢી—ૐ.
ૐ પ્રેમાનંદ સો આનંદ, સિદ્ધિ મતિ ઢુંઢી—શીશ,
સર્વા પ્રીય સહોદર, (૨) સચ્ચિદાનત ઢુંઢી—ૐ.
ૐ જીભધર જીભધર દંતધર, જગહપર સમહો—શીશ,
મેરા પર મુંગટ ધર, (૨) મદનાદિક સમહો—ૐ.
લઉં દઉં વાસી તુંહીં એક, બ્રગલાખ્ડ સમહો—શીશ,
આશ્વાસન મેળા મેં, ધ્યાન કરા સુમેં—ૐ.
ૐ સર્વાધિપ માનર, પંચાબર શીશ તું—શીશ,
જીસ્મ પદ શ્રી ગરદન, (૨) નારાયણુ શીશ તું—ૐ.
વિદ્યાધર મંગલમય, બુદ્ધિ મય શીશ તું—શીશ,
ગુરૂ જગત પ્રતિ પાલક, (૨) શુભકર જય શીશ તું—ૐ.
ૐ સુનિશ્ચલ અરીનગ્રે, પ્રકાશકર ભાનું—શીશ,
તેં તઃ હે હું એવ, (૨) સો વિધા ધરી ભાનું—ૐ.
શશી પદ તિમીર હંતા, ભાસ્કર શ્રી ભાનું—શીશ,
ગુરૂ શીશ નહીં જુદા, (૨) ૐ નવ એ ભાનું—ૐ.
દશમેં મીંડુ આવ્યું, ગુરૂ કોઇ નહી માનું—શીશ,
મીંડાને ન વખાણું, નહીં માનું ભાનું—ૐ.

ગુરૂ મીંડુ ચંદ્રનારાયણ, હરી મીંડુ નારાયણ—શીશ.
આનંદ મંગળ મીંડુ(૨) બુદ્ધિ મીંડુ ગુરૂ જાણું—મોં,
શુક્રરમાં શની મીંડુ, રવી શશી એક મીંડુ,
મારામાં એક મીંડુ, (૨) રસ્તો મીંડુ જાણું—મોં.
કે'તું ગુરૂ શીશ એક, મોટુ મીંડુ માનું—શીશ,
શીશ ગુરૂને દેતા, (૨) શશી ગુરૂ સ્વરભાનું—મ્હોં,
વિના ગુરૂએ ચેલા, મ્હોં નહીં બોલવાનું—શીશ,
ચેલા વિણુ ગુરૂ ચેલા, (૨) મ્હોં નહી બોલવાનું—મ્હોં.
વિના ગુરૂં સુગંધ, નાક નહીં લેવાનું—શીશ,
વિના ગુરૂ આ દર્પ, મ્હોં નહીં કે'વાનું—મ્હોં.
મ્હોં નોઝ આઇ ગુરૂ ઇયર, કાને સુણુવાનું—શીશ,
આનંદાનંદ થઇને, (૨) ગુરૂ ગુણુ : ગાવાનું—મ્હોં.

—અથ સરસ્વતી સ્તોત્ર—

નમસ્તે શારદા દેવી, કાશ્મીરઃ પ્રતિ વાસીની,
સ્વામિહં પ્રાર્થયે માતા, વિદ્યાદાનંચ દેહીમે.
પ્રથમં ભારથી નામ, દ્વિતીયંચ સરસ્વતી,
તૃતિયં શારદાં પ્રોક્તા, ચતુર્થં હંસ વાહિની.
પંચમં જગદ્વિખ્યાતા, ષષ્ઠં વાગેશ્વરી તથા,
કૌમારી સપ્તમં પ્રોક્તા, અષ્ટમં બ્રહ્મચારિણી.
નવમં વિદુષં માતા, દશમં બ્રાહ્મણુ સ્તથા,
એકાદશંચ બ્રહ્માણી, દ્વાદશં વરદાયિની.
વાણી ત્રયોદશી નામ, ભાષા ચૈવ ચતુર્દશ,
પંચદશાં શ્રુતાંદેવી, ષોડશં બ્રહ્મવાદીની.

એતાની ષોડશ નામાની, પ્રાતઃકાલેપુપઃ પઠેત્,
તસ્યા સંતુષ્ઠ તે દેવી, શારદાં વરદાયીની.
ઇતિશ્રી સરસ્વતી ષોડશનામ સમાપ્તમ્-શુભમ્ મંગલં દદાતુ—
નિર્ગુંડી સમારુઢા, જપેદેકાગ્ર માનસઃ, વિદ્યા પ્રાપ્તિ ભવેત્ સત્યં સસત્યં સત્યમેવચ ।। અથ મંત્ર ।। ૐશ્રી સરસ્વત્યૈ નમઃ ।।

એ મંત્રનો દસ હઝારવાર જપ કરવો
તથા હવન કરવો અને સાત કન્યાને
મોહન ભોગ જમાડવો. } સરસ્વતી પ્રસન્ન થાય.

આરતી શ્રી હરીનારાયણની.

—અખંડ સૌભાગ્યવતી શ્રી પ્રસન્ન સરસ્વતીની—

ૐ જય દેહી જય દેહ, જય જય દેહ દેહી, (૨)
શીર વિદ્યા દેહી, શરીર વિદ્યા દેહી, વિદ્યા પુર્ણ દેહી—જય.
ચંદ્ર વિદ્યા મંગલ દેહી, બુધ વિદ્યા દેહી, (૨)
સરસ્વતી ગુરૂ ભમદેહી, (૨) શુભકર દે દેહી—જય.
સુનિશ્ચલ કરી વિદ્યા દેહી, વજ્ર કરી દેહી, (૨)
સરસ્વતી પ્રસન્ન છે વિદ્યા, (૨) નારાયણ દેહી—જય.
કાને સાંભલું જેહ, વિદ્યા સૌ દેહી, (૨)
આંખ થકી દેખું તે, (૧) છે સરસ્વતી દેહી—જય.
સુવાસ લઉં છું સરસ્વતીની, નાક વિદ્યાદેહી, (૨)
ખાવું, પીવું, બોલવું, (૨) જીભ વિદ્યા દેહી—જય.
દંત વિદ્યા દેહી જમમાં, અન્ન વિદ્યા દેહી, (૨)
અંતર વિદ્યા દેહી, બ્હાર વિદ્યા દેહી, વિદ્યા પુર્ણદેહી—જય.

વિદ્યા વ્યાપક ચૌદ ભુવનમાં, તે તું હું દેહી, (૨)
હું ને તું તે એક (૨) મમ વિદ્યા દેહી—જય.
સુતા ઉઠતા ચાલતા વિદ્યા, સો વિદ્યા દેહી,
એસું તે પણ વિદ્યા, ચમત્કાર હું વિદ્યા, શ્રેષ્ઠ વિદ્યાદેહી—જય.
એ વિદ્યા તે હું છું લક્ષ્મી, મહાલક્ષ્મી દેહી, (૨)
નારાયણી હું વિદ્યા, (૨) વિશ્વવિદ્યા દેહી—જય.
આદિ અંતની મધ્યે વિદ્યા, રૂપા રૂપ દેહી, (૨)
જાવું તે પણ વિદ્યા, આવું તે પણ વિદ્યા, વિદ્યા હું દેહી—જય
પૃથ્વી જલ અગ્નિ પણ વિદ્યા, વાયુ મુજ દેહી, (૨)
ન્યારી નહીં આકાશે, (૨) અવિનાશી દેહી—જય.
જીવ પંચ એ પરમેશ્વર છે, મેરી મુજ દેહી, (૨)
નારાયણને અર્પણ, (૨) હું મેરી દેહી—જય.
પતિ મારા પરમેશ્વર છે, ભક્તિ હું દેહી, (૨)
નારાયણી હું વિદ્યા, (૨) નારાયણ દેહી—જય.
સર્વમાં વ્યાપક હું છું વિદ્યા, સૃષ્ટી મુજ દેહી,
વ્યાપકને વળી ન્યારી, હું વિદ્યા દેહી—જય.
નામ રૂપ સૌ વિદ્યા દષ્ટિ, ચંદ્ર સુરજ દેહી, (૨)
દૃષ્યા દૃષ્ય હું વિદ્યા, અક્ષર કરી દેહી—જય.
એ આરતીનો મોટો મહીમા, મહી ઉપર થાશે,
સરસ્વતી આરતી ગાતા, સરસ્વતી રૂપ થાશે—જય.

ૐ શ્રી. અખંડ સૌભાગ્યવતી.

—હરી, ચંદન, સરસ્વતી,—

—આનંદાનંદ—

-લક્ષ્મી સ્તુતી-

—આવો આવો આમ, બાળકો તમામ—

લક્ષ્મી માતરે, સુણોને વાતરે, દયા કરીને મસ્તકે ધરોને હાથરે. લ.
સોળે સણગારો સજ્યા છે, શોભાનો નહિં પાર,
વાળે વાળે મોતી પરોવ્યા, તેજ તણો અંબાર—લક્ષ્મી.
રત્ન જડીત મુંગટ છે તારે, કુમ કુમ ટીપકી ભાલ,
આંખે અંજન સારૂં લાગે, મધુર ગુલાબી ગાલ—લક્ષ્મી.
ભ્રમર તારી કાળી કાળી, જાણે ખેંચી કમાન,
ચ્હેરો તારો સારો લાગે, પૂનમ ચંદ્ર સમાન—લક્ષ્મી.
મુખમાંહે તંબોળ દિસે છે, દાડમ કળીસા દાંત,
મીઠી મીઠી મુખમાં હસેછે, લાગે સુંદર વાત—લક્ષ્મી.
મકરાકૃતિના કુંડળ કાને, એરીંગ ઝાકઝમાળ,
નાકે નથની શોભે તારે, છૂટા મુક્યા વાળ—લક્ષ્મી.
કંઠ વિશે મોતીની માળા, હીરાનો તુજ હાર,
સાડી જરીયન તારી શોભે, ઘુઘરીનો ધમકાર—લક્ષ્મી.
ઉરૂ ઉંચા દીસે તારા, કમળ કળી દેખાય,
ચોળી તસતસતી પ્હેરી છે, અંગે તે ભચડાય—લક્ષ્મી.
કોણી ઉપર કડુ રહ્યું છે, તેમાં સુંદર નંગ,
પોયણ સરખું પેટ દીસે છે, કોમળ તારૂં અંગ—લક્ષ્મી.
સુંદર કંકણ કરમાં તારા, ચુડી ખણ ખણ થાય,
આંગળીયે વીંટી પ્હેરી છે, નંગ ધર્યું તે માંય—લક્ષ્મી.
અણુવટ વિછવા પગમાં પેર્યાં, ઝાંઝરનો ઝમકાર,
ધીમી ધીમી ચાલે ચાલે, રહેવાયે નહીં ભાર—લક્ષ્મી.

કેડ તારી સિંહ કહી મમ, કદળી સમ જંઘાય,
ભીતર બાહેરનું તું જાણે, મુજથી ના સમજાય—લક્ષ્મી.
દૃષ્ટિ તારી જે પર જાએ, ધન તેનો અવતાર,
રંક હોય પણ રાજા થાએ, ક્ષણ ન લાગે વાર—લક્ષ્મી,
પ્રિતે સેવું ચરણ તમારા, નિત્ય કરૂં પૂજન,
કૃપા કરી મમ ઘેર પધારો, કરો મને પાવન—લક્ષ્મી.

—લક્ષ્મી પ્રભાવ, રાગ બનજારા—

નમું નમું લક્ષ્મી સુખકારી, સર્વ, જગતની તું અધિકારી,
સર્વ સ્થળે રહ્યો તુજ વાસ, નરનારી બન્યા તુજ દાસજી,
પ્રિતે પાને તું અમૃત વારી, સર્વ જગતની તું અધિકારી—નમું.
રહી જગતમાં વસ્તુ અનેક, તુજ વિના મળે નહિં એકજી,
વસ્તુથી નહીં ભિન્નતા તારી—સર્વ.
રહી આપ તું રાજ દુવારે, તુજ માટે યોગી તપ ધારેજી,
મોટી સિદ્ધિયો પામવા ભારી—સર્વ.
જ્યાં ત્યાં શોભા તારી દેખાએ, શુન્ય તુજ વિના સમજાએજી,
મ્હેલ મેડી અને ઘર બારી—સર્વ.
તુજ વિના ન ભક્તિ કરાય, હોય વિદ્વાન મુર્ખ ગણાયજી,
સર્વ જગત ગણે તને મ્હારી—સર્વ.
તુજ વિના ન થાયે પ્રેમ, પિતા પુત્રથી રાખે ન રહેમજી,
નરને નવ નિરખે:નારી—સર્વ.
ઇચ્છા સર્વને સુખ તણી થાએ, સુખ તુજ વિના ન દેખાયેજી,


સુખ રૂપ તું લક્ષ્મી દુલારી—સર્વે
જર જોરૂ અને જમીન, દીસે કોઇ ન તુજથી ભિન્નજી,
રહી સદા તું વિશ્વ વિહારી—સર્વે.
વધુ ઉપમા તને શી આપું, શીર છત્ર કરીને રથાપુંજી,
કરૂ પ્રિતે પુજા હું તારી—સર્વે.
મારી નમ્ર સેવા માની લેજો. મારા ઘરમાં આવીને રહેજોજી,
મારા દોષને લેજો સુધારી—સર્વે.

ગુ—રૂ.

આરતી.

જય દેવ જય દેવ, જય શ્રી ગુ દેવા, (૨)
ભંગી કરે તમ સેવ, (૨) આ-રતી-રૂ દેવા—જય.
ગુ બીન રૂ અંધા-રૂગુ,-રૂથી પૂજા તમને, (૨)
દિવેલ કોપરેલ, ઘાસતેલ, જે ગમે તે તમને—જય.
ગુ ને ધૂપ ચડાવું, સુંત્રો બીડી આપું. (૨)
પ્રેમ પદ આ "રૂ" પાવા, (૨) સ્તુતી મા-થુ આપું-જય.
એ "રૂ"માં વસે વિશ્વંભર, વ્યાપક સર્વ જગે, (૨)
એ "રૂ"થી ગુ ભાગે, (૨) સૂર્ય શશી રાજે—જય.
સોહંમા મંગલ બુદ્ધિ ગુ—રૂ શુભકર ગામે, (૨)
સુનિશ્ચળ થઇ તું બેસ, ભ્રમણા દુર ભાંજે—જય.
ગુમાં જગત બીરાજે, રૂથી તમ ભાજે (૨)
રૂ અપે ગુ મેષ વૃક્ષ, મિથુન કરક કાજે—જય.

સિંહને કન્યા તોલા, વૃશ્ચિક ધર્મ કરજે,
કુંભમાં મીન ધાલી, (૨) બાર પુરા ધરજે—જય.
ધન ધરમાં ગુરૂ શુભકર, મકરે નહીં કંઇ હાણુ,
કુંભે સુનિશ્ચલ મંગળ, (૨) રાહમાં મળી જાજે—જય.
મીનથી મિથુન છોડ, કરકે ચંદ્ર થાજે, (૨)
સિંહ કેતુ કન્યા તોલા, રવી બુદ્ધિ વૃજ થાજે—જય.
રવી સનમુખ રહે ઉભો, દક્ષિણ પરવરજે, (૨)
કામ સદા શુભ તારા (૨) મનમાં ધીર ધરજે—જય.
ક્રોધથી ના ડરીશ, અમર તા'રી કાયા, (૨)
જેહ થશે તે શુભ, (૨) ઇશ્વરની માયા—જય.



—પ્રભુપર પત્ર—

—સ્વસ્તિ શ્રી સ્નેહપુર સ્થાન—

સ્વસ્તિ શ્રી અક્ષર ધામ, નિગમ નિવાસીરે,
ત્રિગુણાક્ષય વિશ્વ વિરામ, વિચિત્ર વિલાસીરે.

પ્રિય પુજન કરવા યોગ્ય, પરમ સુખારીરે,
મન મોહન નીતિ કુંજ, હૃદય દુખ હારીરે.
તન જગત તમારી સાક્ષ, અખંડિત આજેરે,
મન શુદ્ધ મિતિ છે બીજ, ધન ગુરૂ કાજેરે.
લખું શ્રી હરી કાગળ એક, હૃદયનો તમનેરે,
વાંચો આગલ દીન દયાળ, કૃપા કરો હમનેરે.
લખવાની હશે શી રીત, ન જાણું જાતેરે,
સાર સમજી ન લેશો દોષ, વૃથા કાઇ વાતેરે.
અહીં કુશળ જગત કુટુંબ, તમારે પ્રતાપેરે,
માત તાત સહોદર સર્વ, સદા સુખ આપે રે.
પચરંગી તમારૂં રૂપ, જગત આ જોઇરે,
યશ નિર્મલ સુણુતા વેંત, ગયું મન મોહીરે.
પૂર્વ જન્મ તણો સંસ્કાર, ઉદય થઇ આવ્યોરે,
પ્રભુ પાલક એણે પ્રેમ, પરમ પ્રગટાવ્યોરે.
વિશ્વરૂપ પરમ પ્રતિબિંબ, અલૌકિક આવુંરે,
શુદ્ધ રૂપ વિશે સંદેહ, લગારે ન લાવુંરે.
અતિ અદભૂતને બહુ રૂપ, અનેક પુકારેરે,
કહે અવયવ ઇન્દ્રિય રૂપ, ઘણા છે તમારેરે.
લઘુ ગુરૂ નિર્ગુણ ગુણવાન, કળા છે અનેકેરે,
ઓચરે વળી કોઇ અપંગ, અવયવ નહીં એકેરે.
સ્થુલ સુક્ષ્મ કહે છે કોઇ, શુન્ય સમજાવેરે,
તેમ તેમ તમારા માંહી, અધિક ભાવ આવેરે.
મન મળવા ઘણું અકળાય, મહારાજ મ્હારૂંરે,

થાશે દર્શન ક્યારે દેવ, મને તે તમ્હારૂંરે.
આપ વિના ગમે ન જરાય, જગત શુન્ય જેવુંરે,
થાય અંતરમાં અતીતાપ, અધિક શું કહેવુંરે.
તમે ક્યાં ને પડ્યો હું આંહી, ઘણું છે છેટુંરે,
કોઇ કર્મ કઠણ આ કાળ, કહો કેમ ભેટુંરે.
વિદ્યા વિનય વિચાર વિહીન, વસ્યું દૂર દેશેરે,
રહુ વિહ્વળ વિકળ સમાન, વિરાગી વેશેરે.
પ્રાણદાયક પુણ્ય પવિત્ર, નયનના તારારે,
ક્ષેમ કુશળ તમારે હાથ, મુગટમણી મારારે.
મન મળવા થયું તૈયાર, અનેક ઉચ્ચાટેરે,
માગી લીધી મજાની વ્હેલ, ઘટીત બહુ ઘાટેરે.
પ્હોંચવાને તમારી પાસ, પરમ પંથ લીધોરે,
સમજીને સદા સુખ રૂપ, સરળને સીધોરે.
હાંકનાર મળ્યો હરજુડ, બળદ બળ વાળારે,
આમ તેમ તણાવી જાય, મહા હઠ વાળારે.
લખ્યું હોય લલાટે દુખ, મળે સુખ શાથીરે,
પ્રભુ ભાગ્યમાં હોય વિયોગ, મળાય તે ક્યાંથીરે.
મારા કઠણ કર્મથી આજ, મહા કષ્ટ વેઠુંરે,
આતો ઓકડુ કાંડતા જેમ, ઉઠીયું પેઠુંરે.
થાકી બળદ થયા બલહીણ, રહે છે અટકીરે,
વળી શીથીલ થઇ છે વ્હેલ, ભવે બહુ ભટકીરે.
તુટી જાય છે જોતર રાશ, ખસી જાય ખીલારે,
હરી હાય હવે થઇ જાય, બધા બંધ ઢીલારે.
ચડી આવ્યો વચ્ચે વરસાદ, કાળને યોગેરે,
ભય થાય ઘણો ભગવાન, ભાગ્યને ભોગેરે.

ચારે કોર ફરે છે ચોર, બીક બહુ મનમાંરે,
રખડાવે તમારો રાગ, વિકટ ભવ વનમાંરે.
વાટ લાંબી જવાનું દુર, કેમ પ્હોંચાશેરે,
શ્યામ સુંદર પુર્ણ કૃપાળ, હવે શું થાશેરે.
મારી દીન દશાની વાત, તમે કેમ જાણોરે,
નીજ રૂપ વિશે રળીયાત, મહાસુખ માણોરે.
નીજ જન હીત કરવા કાજ, દયાવંત દોડોરે,
કયા કારણથી એ રીત, હવે હરી તોડોરે.
કરૂ પ્હોંચવા કાજ પ્રયત્ન, વિવેક વિચારેરે,
પ્રાણાધાર ઉતરવું પાર, નથી હાથ મા'રેરે.
ભલે આપણ બેય સમાન, વદે લોક વાણીરે,
પણ આપ વડા હું અલ્પ, કહુ શું વખાણીરે.
આપ પાથરી બેઠા પ્રપંચ, ન સાંભરૂ એથીરે
રખે ભુલી જતા ભગવાન, તપું છું તેથીરે.
રહ્યા હોજો તમે ઘર માંહી, રહો શીદ છાનારે,
એમ જાણી અજાણ્યો આમ, થયો તો રવાનારે.
રહી જાવું દીન દયાલ, અંતરીયાલ આહીરે,
તેમાં મારો નથી અપરાધ, અંતરયામી કાંઇરે.
પ્રેમ પાત્ર રહ્યા છો આપ હૃદયમાં મારારે,
પ્રાણ જાય ભલે પણ પ્રાણ નથી લેશ ન્યારારે.
બીજા જન્મ વિશે પણ નાથ, મને છે મળવુંરે,
સુખ સાગર સોગન ખાઉં, પાછું નથી વળવુંરે.
આપ છોડી દીયો કદી છેક, કેમ હું છોડુંરે,
ચોંપે ચરણ કમલમાં કાન્ત, ચપળ ચિત્ત ચો'ડુંરે.

ગતિ આપ વિના નથી અન્ય, કદી કહીં મારીરે,
છબી અંતર માંહી સદાય, રમે છે તમારીરે.

હું તો માની લઉં સુખ સર્વ, તમારે નામેરે,
બેઠા આપ રહો બળવંત, તમારે ધામેરે.

પણ એમ ન ચાલે ચિત્ત, અનાદર કરવારે,
પરમેશ્વર કેમ ન હોય, પ્રાણુની પરવારે.

ભુલ્યો હોઉં કદી ભગવાન, ક્ષમા કરી મળજોરે,
વિશ્વનાથ હવે હદ થાય, વ્હારે ઝટ વળજોરે.

શ્રી હરી કોટી પ્રણામ, તમારે ચરણેરે,
ટાળો સેવકના સંતાપ, સદા લઇ શરણેરે.

—પાતલીયા પરીશ્રમ હયો—

ઇષ્ટ સમર્થ શીરે લહે તેને, રાત્રી દિવસ "આનંદ છે (૨)"
વિશ્વ વિરોધિ ભલે થતું તોયે તેને ન ડર "આનંદ છે (૨)"
ખાવાની. પીવાની, દ્રવ્ય કમાવાની કે રક્ષવાની...
ચિંતા નથી, માથે પતિ—ઇષ્ટ.

અત્તરના કુંડમાં પડયો તેને, ક્યાંથી પછી "દુર ગંધ છે (૨)"
દુખ શું આવશે, કાળ શું ફાવશે, કોણ નચાવશેરે...
રક્ષા થતી, જ્યાં ઇષ્ટથી—ઇષ્ટ.

દશ દીશ રક્ષક પ્રભુ ન જુવે, દેખતા તે "પણ અંધ છે (૨)"
સૂર્ય ન ઘૂડને, દુખ છે મૂંઢને, જુવે જે કુડને રે......
વ્યાપી ચિતિ, ક્યાં છે ભીતિ—ઇષ્ટ.

પોતનું ભિન્નપણું લઇ ઘુમે, ત્યાં લગી આ "ભવબંધ છે (૨)"
દ્રષ્ટમાં અળપાતા, ભિન્નત્વ વિલાતા, દુખો ન રહાતારે...
વદે શ્રુતિ, અનાદિથી-ઇષ્ટ.
શ્રીહરી પ્રભુને ભજીને ભયથી, ધ્રુજે તે "મતિમંદ છે (૨)"
ભક્તિ એ ખોટી છે, બવાઇ મોટી છે, ફાટેલી ટોટીછે રે...
જોજો મથી, મહામતી—ઇષ્ટ.

—બનજારા—

કરો કૃપા શ્રી ગીરીવર ધારી, દીયો દર્શણુ દેવ મોરારી,
નહીં જાણું હું ભક્તિની રીતી, કેમ કરવી તમથી પ્રીતીજી,
ગમે તેવી કરૂં હું લવારી—દીયો.
દુર્યોધને દીધાં અપમાન, ત્યાં પ્રગટ થયા ભગવાનજી,
દીઠી ઉલટી રીત તમારી—દીયો.
હરી રાવણે સીતા નારી, તમ બંધુને શક્તિ મારીજી,
દીધું વૈરાટ રૂપ દેખાડી, દીયો.
કાળા ગ્રહે પુર્યા તમ તાત, માર્યા બંધુ તમારા સાતજી,
ખરો કંસ ભગત થયો ભારી—દીયો.
દુષ્ટોને તમે દર્શણુ દીધાં, હરી ભક્તો તણા સુખ લીધાંજી,
ભક્તોને સુખે વૈકુંઠ ધારી—દીયો.
આ સૃષ્ટિના સુખ પ્રભુ લ્યોને, પણુ દર્શણુ સહુને દ્યોનેજી,
પડ્યો શરણુ પ્રભુ હું તમારી—દીયો.
ચૌદ ભુવનના થયા નાથ, મને જગા મળે નહી હાથજી,
જ્યાં ત્યાં દેખું હું કાંતિ તમારી—દીયો.
છો જગદ ગુરૂ ગીરધારી, હરી નારાયણુ બલીહારીજી,
તત્ત્વમસી સોહં ૐકારી—દીયો.

—ધનાશ્રી—

ભક્તિ મ્હેં નવ કરી શ્રી હરી તારી ભક્તિ મ્હેં નવ કરી,
પ્રિતિની રીતી મ્હેં નવ જાણી, હુ રહિ દુઃખની ભરી—શ્રી હરી.
તારા વિરહથી વનમાં હુ ચાલી, ત્યાગી સગા સહચરી—શ્રી.
દશો દિશામાં શ્રી હરી જોયા, ખાલી ઠામ ન જરી—શ્રી હરી.
દષ્ટિ વિશે દષ્ય અદષ્ય બેઠા, રહ્યા મને છેતરી—શ્રી હરી.
લગ્ન કર્યા પ્રિતે હરી સાથે, ભેટ પ્રેમની કરી—શ્રી હરી.
સરસ્વતીની કૃપા થકી મ્હેં શ્રી હરી ચરણ ધરી—શ્રી હરી.
મનમાં વિચાર્યું ચંદન ચડાવું, માયા પ્રભુએ કરી—શ્રી હરી.
ચંદન માટે ત્રિભુવન ભટકી, સુગંધ તેમાં ન જરી—શ્રી હરી.
એવું ચંદન મને કોઇ બતાવો, હારી જાય હરી—શ્રી હરી.
હરીને ચડાવા ચંદન યાચ્યું, શંકર ભક્તિ કરી—શ્રી હરી.
હરીનારાયણ ચંદન માટે, દેહ સમર્પણ કરી—શ્રી હરી.

—મારા ભાગ્ય તણો નહીં પાર—

મારા ભાગ્ય તણો નહીં પાર, દેખું પ્રભુમે ઠારો ઠાર,
પામ્યો દર્શણ પ્રીતે તારૂં ચરણ સ્પર્શ મ્હેં કિધો.
જગદગુરૂના દર્શણ કરીને, શિષ્ય થયો છું સિધો—મારા.
ડાળે ડાળે ગીરીધર દેખું, પત્તામાં પણ તું,
મારૂં હું મ્હેં તુજને અરપ્યું, જે તું છે તે હું—મારા.
જગત તણા છો ગુરૂ પ્રભુજી હું જગતનો ચેલો,
જેવો તેવો છું તમારી, વાડ તણો હું વેલો—મારા.
જાણી સેવક શરણે લેજો, આવું તમારી પાસ,

તન મન ધન અરપણુ છે, તમને, હુ છું તારો દાસ—મારા.
આપણુમાં "તુ" ને "તે" આવ્યા, વ્યાપક તેમાં હું,
સર્વનામ એ "હું" ના જાણું, ક્યાં વસે છે તુ—મારા.
હુંમાં હરી વસે છે પોતે, ચંદન ચડાવું મુજને,
જગત સઘળું હુંમાં રહે છે, લેવા ક્યાં જાઉં તુજને—મારા.

—છજાં જાલીયાં માલીયાં—

ભલે માન આપો ન આપો ગમે તો, રમો રંગમાં સંગી સાથે તમે તો,
નથી કામ કાંઇ તમારૂં હમારે, હમે મગન બેઠા હમારે વિચારે,
નથી જાણુવાની તમારે જરૂર, હમારો અનિર્વાચ્ય છે પ્રેમ પૂર,
તમે મગન રેજો તમારા નિશામાં, હમે ચોંડીયે ચિત્ત દૈવી દશામાં,
ખરે ખેલ આ દૃષ્યનો સર્વ ખોટો, અવિદ્યાવડે ચિત્તમાં નિત્ય ચોટો,
નથી સાર સબંધ છે બંધ રૂપ, સદા શ્રેષ્ઠ છે એક આત્મ સ્વરૂપ.

—શ્રી હરી વૈરાટ સ્તોત્ર—

વંદુ શ્રી હરી દેવી તુજને, અરેખરી મહાદેવી છે,
તુ પોતે છે ગુરૂ હમારી, તન મન ધન સૌ લેવી.
ધન તુજને મ્હેં આપ્યું પ્રિતે, મન પણ લેજે તારૂં છે,
તન મારૂં જુદું નથી તુજથી, એકજ મારૂં તારૂં છે.
હરીમા વસે છે ચંદ્રનારાયણ હરીમાં નરહરી લેતીજા,
તારા રૂપ કરી દે પ્રિતે, તુજથી થાએ નહીં જુદા.
ચંચળ હ્યસ થઈ ને મળી, રૂપ્પી સુત્રી ન્હાની છે,
દયા ખાઇને શુદ્ધ થઇ તું, ચંચળતાને નાશી છે.

ત્રણુ પુત્રીના નરહરી લીધા, મારી શ્રી તેં ધારી છે
એ શ્રી હું નરહરીને અરપું શ્રી નરહરી બલીહારી છે.
સુરતમાં તુજ જન્મ થયોને, ખામ્બા તે ધરતારૂં છે,
તારૂં ટાળું તે લઇ લેજે, ભીતરમાં તે મારૂં છે.
ગુ ગુ ગુ ગુ તેં લઇ લીધું, રૂ મુજને તેં દીધું છે,
એ રૂથી હું પ્રભુને પુજુ, પ્રેમ થકી રૂ લીધું છે.
હરી ગંગા છે માસી ચંદ્રની, હરી નારાયણુની કાકી છે,
ભોળા માધવની તું ભાભી, સાળી પણુ મહાકાળી છે.
પિતા માતા પુત્ર હરી છે, પતિ હરી તું કાળી છે,
સગા સબંધી સર્વ હરી તું, જગત હરી મહાકાળી છે.
હું પણુ તારો તું હરી લેજે, રૂ આરતી ઉતારૂં છું,
જગ નિંદાના પુષ્પ ચડાવું, દુધમાં સાકર ધારૂં છું.
ભાગ્ય ગાંજો ભરી ચલમમાં, ધુપ ધુંવો ઉડાવું છું,
લોકો મારી નિંદા કરે છે, નિંદા હરીને ચડાવું છું.
ધુમાડામાં હરી ઉડે છે, ચલમમાં નહી તે જુદા,
ચરસ ભાંગમાં હરી ભરી છે, ગાંજા તમાકુ નહીં જુદા.
દમથી હરીને ખેંચુ પેટમાં, ધુંવામાં કાંડી નાખું,
ભીતર બાહેર હરી હરી ને હરી વિના કંઇના ઝાંખુ.
જે હરી વિણુ તક્ષસે યોગીયો, તે હરીને અંદર દેખું,
તપ તણું નહી કામજ મ્હારે, યોગ વિશે હું હરી દેખું.
લખું છું તે પણુ હરીની સ્તુતી, પેન્સીલ મારી હરી હરા,
અક્ષર કાગળ કલમ શાહીને, ખડીયામાં પણુ હરી ભરી.
દુનિયા સઘળી હરી હરી દેખું, તારા મંડળ હરી હરી,
પૃથ્વી જલ અગ્નિ હરી દેખું, વાયુ આકાશે વિચરી.

હરી વિણ ખાલી ઠામ ન દેખું, પ્રેમ ભરી ત્યાં હું રી છે,
જીભ દાંતને મોમા તું છે, હરી હરી માથા મુંડી છે.
ડાકણુ શાકણુ દેવ દેવીને, ઇન્દ્ર ઇન્દ્રાણીમાં હરી છે,
પટરાણી એ ચૌદ ભુવનની, ઉપમા દઉં તે થોડી છે.

—પ્રેમનું સ્વરૂપ—

ખુલ્લા દ્વાર પ્રતિવાદીના રક્ષા પ્રેમની પાસ,
પ્રેમ આજ્ઞા લઇ આવવું, પ્રેમ હૃદયમાં વાસ.
પ્રેમ પ્રેમ ને પ્રેમ જગતમાં, પ્રેમમાં હું મ્હાલું છું,
પ્રેમ તણા પુતળા કરીને, પ્રેમી જનને આલું છું.
હૈયામાં જે પ્રેમ ભર્યો છે, પ્રેમી જનને દેવો છે,
આપું લઉં દઉં પ્રેમ પ્રેમ, પણ પ્રેમ ન જાણું કેવો છે.
પ્રેમસપ્રેમ પ્રેમ અપ્રેમ, જે દેખું તે પુતળા છે,
પ્રેમની બાજી ખેલ કરૂં છું, બધ્યા એને સુતળા છે.
પ્રેમ પ્રેમની વાત કરો છો, કહો પ્રેમ એ કેવો છે,
નહી કાળો નહીં પીળો ધોળો, એહ તમારા જેવો છે.
પ્રેમ મારો છે મૂર્તિમાં, પથ્થરને પણ પુજુ છું,
વિના પ્રેમથી ઇશ્વરને પણ, દેખીને હું ધ્રુજુ છું.
મૂર્તિ પૂજક માને' અમને', 'ઑમને' તમે માનોછો,
અમને, ઑમને જુદા માનો, 'મ્હોં' ને શું તમે જાણોછો?
હું નહિં માનુ 'અમને' 'ઑમને', મ્હોને" હું એકજ જાણું,
સઘળા શાસ્ત્ર ભર્યા છે મ્હોમાં, હાથે લખી જાણું.
મ્હોંમાં ઓમ ભર્યો છે આખો, મ્હોં થકી નથી એનાણો,
આખું મ્હોંમાં જગત ભર્યું છે, એમાં ઓમ રહે શાનો.

સુંઘીને એ નાકે મ્હોંમાં, જોઇને આંખે દીધી શાખ,
સાંભળ્યા કાન કોઠીમાં નાખે, હૃદય દેખાએ આપોઆપ.
જીભ હૃદય કોઠીમા પ્રેમ છે, દાંત દ્વારતો એના છે,
હોઠ એનું સુંદર તાળું, કુંચી ગુરૂ કહેવાના છે.
સુ.જ કહે છે સાભળજો હું, વાત જ્ઞાનની કહુંછું એક,
જગત આરસી ગોળ કુંડાળું, તેમાં હું ઉભો છું એક.
એક ફરે તેમ બીજો ફરે છે, જેમ દેખાએ સીનેમેટોગ્રાફ,
દાવ પડે ને મારૂં સોગટી, દાવે મુકી દઉં તે આપ.
લોકો જાણે મરી ગઇ સોગટી, મુકુછું હું એની એ,
નવીન સોગટી નહીં મુજ પાસે, નવીનમાં હું એનીએ.
સોગટી કહે હું જીતી બાજી, રમનારો કહે જીત્યો હું,
બાજી કહે છે ઘરી દે મુજને, મ્હોળી થઇ પડી છું હું.
જમીન કહેછે બાજી હારી, ઉઠાડી નહીં ફરૂ હું,
પૃથ્વી ગાદી કદી ન છોડું, મ્હારી તો એક ઉદુંહું.
સીંક મુકો તો પણ પૃથ્વી, સીંકા રૂપ બીરાજુંછું,
જ્યાં જુવો ત્યાં પૃથ્વી પૃથ્વી, અંદર બાહેર નાચુંછું.
વસ્ત્રે શસ્ત્રે પૃથ્વી પૃથ્વી, મનુષ્યમાં પણ વ્યાપક છું,
પશુ પક્ષી જળ જંતુ કીટમાં, જગત તણી અધ્યાપકછું.
જે જે રૂપો જુવો જગતમાં, તેતે મારા રૂપો જાણ,
એક થકી નવ અંક જ જુવો, અંતે મીંડુ છે પરમાણ.
કાંડી નાખો તો પણ મીંડુ, રાખો તો પણ મીંડુ જાણ,
કિંમત એની કોઇ કરે નહીં, અમુલ્ય એ તું મીંડુ માન.
સુરજ ચંદર એ પણ મીંડા, તારા મીંડા જો નિર્વાણ,
પૃથ્વી જળ અગ્નિને વાયુ, આકાશ મીંડા મનથી જાણ.

મીંડુ સદાએ પ્રસન્ન રહછે, દુઃખ નહિ એને તું જાણ,
જ્યાંના ક્રોધ પાછું નવ આવે, જાવે મીંડુ એ પરમાણ
એજ આપણું પરધામ જ, ત્યાં નહીં તારૂં મારૂં છે,
સગા સબંધી કોઇ નહીં ત્યાં, સ્વરૂપ તેજ તમારૂં છે.
નાના મોટા લંબ ચોરસ, લંબ ગોળ પણ મીંડા છે,
જેવી શોભા આપો તેને, મીંડા રૂપે મીંડા છે.
ઘરેણા ગાંઠા મીંડા મીંડા, મીંડા નારંગી મીંડા છે,
રૂપિયા પૈસા મીંડા મીંડા પૈસા શિલિંગ પણ મીંડા છે.
સાકાર પણ હું મીંડુ કહું, નિરાકાર પણ એનુ એ,
મોંડુ તારૂ મીંડુ મારૂં, ત્યાં પણ તારૂ દેખું એ.
નિરાકારે 'ઓમ્' કહાવું, સાકારે એને મેં જાણુ,
ઉલટા સુલટી કરીને આળખ, જગત સઘળું મોંમાં માન
ધન ધન મુડદા દેહ તમારી, મીંડુ દેહ તમારી છે,
રામ બોલો ભાઇ રામ કહેતા, ચાર ઘોડાની સ્વારીછે.
બીજા પણ ઘોડા છે પાછળ, થાકયાને બદલાવે છે,
રામ કહે કોઇ રાધે શ્યામને, મધ્યે વિસામો ખાવે છે.
પાછા ઉંડયા ચાર ભાઇયો, ફેરવ્યું મુખ મુડદાનું જાણ,
ચટપટ ચટપટ દોડતા આવ્યા, નજરે આવ્યું છે મસાણ.
નદિ વિશે મીંડાને મુક્યું, હેત થકી નવરાવ્યું જાણ,
લાગી ઠંડી લાકડા લાવ્યા, મીંડુ તેમાં મુકયું જાણ.
સ્વામી જાણી સેવા કીધી, કર્યું તન મન ધન અર્પણ,
નાળીયેર કુંભને પૈસા મુક્યા, વે'વા જેવું થયું સમર્પણ.
ધમ ધમાટ ત્યાં અગ્નિ ઉઠયો, સૌ કરે છે હો હો હો,
અગ્નિમાં વાયુ રૂપ મીંડુ, બાકી સ્વાહા જોજો હો હો.

ચંદન ચડાવી સાસરે વળાવી, વળ્યા પાછા સૌ ભાઇયો,
મીંડુ કહેછે સેવા પહોંચી, એક દીન મળવા સૌ આઇયો.

આઇયો આઇયો ન જાઇયો ભાઇયો, થઇ રાજીઆ સૌ ગાઇયો,
કંકોતરી પ્રેમે પઠાઇયો, આવ્યા ત્યાં સૌ વેવાઇયો.

સગા સબંધી સર્વે આવ્યા, આદર દીધું અપરંપાર,
સાથે મળીને જમવા બેઠા, ફરી થયો ભાણ્યા વ્હેવાર.

વાત ચાલી દેશ દેશમાં, આવ્યા કરતા હો હો હો,
દાંડી મુંકો નાઇને આપી, નવીન રચના થઇ હો હો.

—વિભિષણકે લીયે કટુ ઓષધ—

જન્મ જિસ કુલમેં હુવા, તેરા ઉસીકે સંગમેં,
દ્રોહ કર ક્યોં મિલ ગયા, તું શત્રુઓક રંગમેં;
બાંધવોંકા વધ કરના, આત્મ વધસે કમ નહિ,
સુન વિભિષણુ ચિતમેં, તેરે હુવા કુછ ગમ નહિ. ૧

હા! જિસે નિજ દેશકા, કુછભી નહિ અભિમાન હે,
ઔર અપણે ધર્મકા જિસકો નહિ કુછ ધ્યાન હે;
યા સ્વકુલકા માન રખના, ભી જિસે આતા નહિં,
સુન વિભિષણુ! નર્કમેં ભી, ઠોર વહ પાતા નહિં. ૨

હા! વિભિષણુ અન્ય તુજસા, સાધુઓંકી દૃષ્ટિમેં,
આજ તક કોઇ નહિં નિંદિત હુવા ઇસ સૃષ્ટિમેં;
ભાઇયોંકા છોડ પરકા, દાસ ક્યોં તુ હો ગયા,
જાતિ નાશક ક્યો હુવા, ક્યોં જ્ઞાન તેરા ખો ગયા. ૩

અન્યકો અપણા, સ્વજનકો જો પરાયા માનતા,
મૂંઢ માનવ નીતિકો, કુછભી નહિં વહ જાનતા;
પંકસે હો દૂર પંકજ, સ્વર્ણકી પાત્રે મહી,
કાંતિ ઊસકી પૂર્વવત્, તોભી ઠહર શક્તા નહી. ૪
શત્રુકા જિસ બુદ્ધિ બલસે, થા સહાયક તુ બના,
કયોં ન બાધકા બના, કિસને કીયા તુજકો મના;
રામ લંકા રાજકો લે બેઠને યદી આપહી,
મૂંઢ! તેરા ફિર ઠિકાના, કુછ કહીં લગતા નહિ. ૫
બાંધવોંકા વધ કરાકર, શત્રુકે કરસેં વહિં,
મુખ દિખાતે હો! તુજે લજ્જા તનીક આઇ નહિ;
હે વિભિષણ રામને, જો તુજે જીને દીયા,
યહ ઉન્હોંને કામ અતિ. અન્યાયકા જગમે કીયા. ૬
થા અપરિચિત તું વિભિષણ, ભૂપ કેતવ નીતિસે,
યા પ્રકંપિત હો ગયા. રણમેં મરણકે ભીતિસે;
કયા અયશ કો છોડકર, કુછ ઔરભી તુજકો મીલા,
નિંધ હે તું ભીત હો જો, શત્રુઓ મેં જામીલા. ૭
મીલ ગઇ લંકા તુજે તો, કયા હુવા ઉસે બતા,
કૌનકીથી વહ અરે, ઇસકા ન કયા તુજકો પતા;
રામને કયા ગ્રામ અપણા, એકભી તુજકો દિયા,
મુંઢ! તુજકો ફોડ કરકે, કામ અપણા કરલીયા, ૮
"સ્રી હરણ કરકે મહા, અન્યાય રાવણને કીયા,
"સાથ ઉસકા ઇસ લીયે, મૈને નહિં રણમેં દીયા;
મંદ! એસા બોલ મત, નીજકો બચાને કે લીયે,
સેંકડો દુષ્કર્મ કયા, પહિલે ન થે ઉસને કીયે. ૯

દેખ કર દશ મુખ અરણ, યદપિ હુવા મનમેં સુખા,
કિંતુ રોકર તું પ્રગટમેં, બન ગયા ભારી દુખી;
સ્વાર્થ સાધન કે લીયે, જિસકા કપટ આધાર હે,
સુન વિભિષણ ઉસ અધમકો, સો દઈ ધિઃકાર હે. ૧૦
રે વિભિષણ રામકી તુજપર ન કયોં શિક્ષા ચલી,
નીતિ ઉસ સુગ્રીવહીકી, કયોં લગી તુજકો ભલી;
કયા ચતુષ્પદ બુદ્ધિ કે સમ, બુદ્ધિભિ તેરી રહી,
યા નિશાચર લોક, નિંદાસે અરે ડરતે નહિ. ૧૧
રાક્ષસોં સે મીલ ગયે, હોતે કહીં લક્ષ્મણ વહાં,
ઘોરનિંદા આજ ઉનકી, કયોં ન કરતે હમયહાં;
સ્તવન તેરા હો રહા હે, નિત્ય જેસે હિંદમેં,
કયું ન વે હોને પ્રશંસિત, રાક્ષસોં કે વૃંદમેં. ૧૨
એક લંકા કે લીયે, દુષ્કર્મ જો તુને કીયે,
વે ન હો શકને સુજનસે, તીન લોકોં કે લીયે;
કયા બતાશે કે લીયે, મંદીર ગીરાના ચાહિયે,
લોભમેં પડ શત્રુકો કયા શીર ઝુકાના ચાહિયે. ૧૩
કયેં વિપક્ષિકા સ્તવન ઇતના કીયા તુને વૃથા,
કયા તુજે સમયોપયોગી, બોલના આતા નથા;
હે વિભિષણ બાતસે તુને, યથા અનુચિત કીયા,
લાતસે દસ કંઠને વૈસા તુઝે ઉત્તર દીયા. ૧૪
ભારતિયો પર વિભિષણકા અસર હોવે નહી,
ભીરુહો મહા વીરસે હમ, આત્મ બળ ખોવે નહિં;
ઇશ બસ ઇતની કૃપાકર, હમ સદા સોવે નહિં,
હો અનાહત શત્રુઓં કે, સામને રોવે નહિં. ૧૫

-ઇન્ડીયન લૉયા લીસ્ટનો જવાબ-

—સાધુ તરફથી—

અરે રળીઆ ગહત્રી, બોલતા બ્હેંકયો બહુ,
યુદ્ધે સાધુને મોકલે, શું રાંડશે તારી વહુ ?
યાદ કર ત્હેં કોઇ દીન, સાધુઓ શું જમાડીયા,
પ્રેમથી પુષ્પના હારો, મસ્તકે શું ચડાવીયા.
સુખ શું તેં સાધુને, દીધું બતાવ તે જરા,
બુદ્ધિ કેમ બળી ત્હારી, જરા ચાલશો પાધરા.
જો પ્રથમથી સાધુને, માન ત્હેં દીધું હતે,
તને પ્હેરાવતે ચુડી, અને હમે રણમાં જતે.
સાધુને તો ગાય માનો, તમે થયા છો સાવજ,
ગાયને જ ખાવા આવ્યા, એ તમારી સ્વાગત.
જેહ સાધુને તમારા, પૂર્વજોએ માનીયા,
તેહ સાધુને તમારી, કેલવણીએ ધિક્કારીયા.
નાના ગામોમાં જરા, જીણી નજરે ભાળતા,
અભણ લોકો સાધુને, ઇશ્વર કરીને માનતા.
કેળવણીમાં તું બતાવે, પૂર્વ ધર્મને પાળતા,
ઢાંકણીમાં બુડયો નહી? રહ્યો બાપનું બાળવા,
અપમાન જે સાધુ તણું, લડાઇનું પરિણામ છે.
સાધુ જો સુખિ માને તો, લડાઇનું શું કામ છે,
જરમન રૂપી કાળ ક્રોધી, આવ્યા તમને મારવા.
હમે તો મારી મુક્યા છે, જા તુ તેને સંહારવા.

સંન્યાસ છે હમે કર્યો, માત્ર એજ લડાઇનો,
યોગ તો તમને દીધો, વેવા અને સગાઇનો.
સગા હમારા છે નહીં, નથી સગા હમે કોઇના,
માનો તો તમારા જ, નહીં તો મામા ફોઇના.
હજુ માન નશીબ તું, રણમાં હમે ગયા નથી,
આર્શીવાદ આગળ જાય, તો પાછલાની શી ગતી.
આશીર્વાદથી છે હમે, હીંદુસ્તાનને રાખીયું,
કદી જો એ જશે રણમાં, મારશે તમને આંખીયું.
હજુએ આશીર્વાદ જે, રહ્યો છે હિંદુસ્તાનમાં,
મરી જીવતા થાય કોટી, તેત્રીસ ઓછા જાણમાં.
છપન કોટી છે ભર્યા, યાદવો ઈંગ્લાંડમાં,
જીવ પાંચ શ્રીકૃષ્ણજી, થાય વાંકો વાળના.
લેન દેન જે કૃષ્ણનું, સૃષ્ટી થકી જાતું નથી,
પરા પૂર્વથી એ જ છે, મિથ્યા તે થાતું નથી.
તન મન જેણે અર્પિયા, શ્રી ગુરૂને પ્રેમથી,
જાણશે શ્રી કૃષ્ણને તે, એજ જ્યોર્જની રેહેમથી.
સંરક્ષા કાજ સાધુની, પાપીના નાશ કારણે,
ધર્મ સુસ્થાપવા માટે, જન્મું છું હું યુગે યુગે.

—હીંદની સાહ્ય કરવા ઇશ્વરને વિનંતિ—

રાગ. પ્રભાત—

પુત્ર તું હિંદનો હિંદ તુજ મ તણે, તાત જે તાહેરો દુખ પામે
માત ત્હારી તણી લાજ લે દુશ્મનો, કિર્તીનો સૂર્ય હા ! અસ્ત પામે.

દુશ્મનો મેઘ સમાન છે ગર્જતા, સુખથી સેજમાં કેમ સુવે,
ધર્મ સનાતન ત્હારો વિચાર તું, માત પર હાથમાં ધિક જુવે.
દ્રૌપદી લાજથી કૃષ્ણજી લાજીયા, ગાજીયા દ્રૌપદી સાહ્ય માટે,
હિંદની લાજથી કેમ લાજે નહિં, લાજ છે હિંદની શીર સાટે.
દુધ પીધું ઘણું હિંદ માતા તણું, શૂર એ દુધનું ગુમ રાખે,
દુધના શૂરનો સ્વાદ ચખાડતું, કિર્તી પ્રસાર તું હિંદ આખે.
હિંદનો બાળ થઇ શત્રુ વખાણુનો, ધિક તુજ માતનું દુધ ધાવ્યો,
શત્રુ વખાણુ એ શૂરનું મોત છે, કિર્તીના સ્તંભને તેં લજાવ્યો.
ઉઠતું આ ઘડી કર નહીં પાઘડી, રાંકડી માતની પ્રિત માટે,
કાંટિયા વર્ણની હાથ લે લાકડી, જા અડી શૂર સંગ્રામ સાટે.
રામને કૃષ્ણની ભક્તિ કરી ઘણી, હિંદની સાહ્યમાં કેમ નાવે,
શંકરા કંકરા કેમ બેશી રહ્યા, ચક્ર ત્રીશુલ શું હાથ નાવે.
વજ્રદેહી હનુમાનજી ક્યાં ગયા, હિંદ સીતા તણી વ્હારે આવો,
આણુ છે આપને એજ શ્રીરામની, કામની સીતની શુદ્ધિ લાવો.
વજ્ર દેહી થયો કેમ ડરી ગયો, કે બળ તાહેરૂ કામ નાવે,
અશોકની વાડીમાં શોક સીતા કરે, રે અલ્યા વાંદરા શર્મ નાવે.
હિંદના દુધથી પ્હાડ ફાટે ઘણા, પ્હાડથી વજ્ર થઇ કેમ નાસે,
નામનો કે ખરો વજ્ર દેહી થયો, કે રહ્યો મોહી તું મફી પાસે.

ભક્ત ઓ ઈશ્વરા તાહેરા ક્યાં ગયા, કાળીયા કાનુડા કાળું કીધું,
દેહના ગેહમાં બેશી શું તું રહ્યા, કે લડવા તણું નીમ લીધું.
કેમળી નાથજી નારી નઠારીયો, વારીયો તુજને યુદ્ધમાંથી,
મુંછનો વાળ આ હિંદ સંભાળતું, કેમ ઉઠે નહીં નિંધમાંથી.
પૂર્વમાં ભક્તના કામ સંભાળીયા, આજ શી તુજને ચુંક આવી,
સ્વર્ગ પાતાળમાં કે ગયો મૃત્યુમાં, કે નહીં ભક્તની ભક્તિ ભાવી.
સાધુના રક્ષણે જન્મ તું ધારતો, મારતો દુષ્ટને તું દમીને,
ધર્મને સ્થાપવા જન્મ છે તાહેરો, બેઠો શું માથું નીચું કરીને.
જાણી તેજી તને ચાબખા મારીયા, ધિક જો દુશ્મનોને નમારે,
જો નહીં જાશે તું હીંદની વ્હારમાં, ભક્ત રે'શે નહીં તુજ દ્વારે.
રે અલ્યા રહીમડા, કરીમડા કયાં ગયા, બોકડા મારતા લાજ નાવે,
સિંહને મારવા અલ્લા પોકારવા, મુખ ઉંચુ કરી શું બતાવે.
સિંહની ઇદ આ થાય છે રણુ વિશે, છ કાઇ માઇનો પુત જાયો,
સમર સંગ્રામમાં શત્રુના ઠામમાં, ધામમાં મર્સીયા જય જગાવો.
હિંદના બાળકો નારી આવી ઘણી, પ્રિતથી લગ્ન માંહે પધારો,
ઘોડે બેસી કરી કિર્તિ સાથે વરી. તોપ વ્હેરામણી માર મારો.
કાળીકા ચંડીકા અંબીકા આવજો, રણુ વિશે દુષ્ટના ભોગ લેજો,
અખંડ સૌ ભાગ્ય આ હિંદને આપજો, સ્વામિ આનંદ આનંદ રેજો.

રાજકોટ
તા. ૨-૫-૧૮.
સ્વામી આનંદાનંદ સરસ્વતી.

રાગ—પીલુ.

આનંદ આનંદ આજ હમારે વિનય વિવેકથી વસ્તુ વિચારે—આનંદ.
હેય ઉપાદેય હોય હવે શું, આ આપણું પારકું તુ જવે શું—આનંદ.
ધામ ધરા ધન દુખ ન આપે, એ નીજરૂપના પ્રૌઢ પ્રતાપે—આનંદ.
પુત્ર કલત્ર કુટુંબ વિગેરે, દુખદ દેખું નહીં કોઇ પેરે—આનંદ
સાંભળું જોવું જગતમાંહી જે જે, તુથી નહીં કાંઇ નોખું રહેતે—આ.
હર્ષ અને શોક શાનો કરૂ હું, ક્યાં ભવ સાગર શાને તરૂ હું—આ.
બંધન મોક્ષ નહીં કાંઇ મ્હારે, શું સાંભરે ને પડે શું વિચારે—આનંદ.
તાપ ત્રિધા તન કેમ તપાવે, એ નીજ રૂપના પ્રૌઢ પ્રતાપે—આનંદ.
જુઠ વડે હાય વૉય વધારી, જાણુ થયું આજ જોતાં વિચારી—આ.
શ્રીહરી અંતરયામી પ્રતાપે, વિશ્વ વિલાસ સદા સુખ આપે—આનંદ.

—પદ—

શાનો ભય ક્યાં છે ભવસાગર, શું મ્હારે તે તરવુંરે,
નિત્ય પરમ આનંદ રૂપ હું છું, દુખ વિના શું ડરવુંરે—શાનો.
પાપ પુણ્યનો હું નહિં કર્તા, તે સાથે શું લાગ્યુંરે,
મારે જન્મ મરણ પણ ક્યાં છે, શાથી બડકી ભાગુંરે—શાનો.
ક્યાં છે કુળ કોનો હું પોતે, કોણ કુટુંબી મ્હારોરે,
ક્યાં છે સંપત ધામ ધરાધન, ક્યાં સુખ ભોગ સુધારોરે—શાનો.
તાપ ત્રિવિધ તન મન ના ક્યાં છે, શા કારણથી તપવુંરે,
ધર્મ કર્મ પણ ક્યાં કોને છે શું તજવું શું જપવુંરે—શાનો.

ક્યાંથી આવ્યો છે ક્યાં જવાનું, ક્યાં આખર ક્યાં આદિરે,
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અવસ્થા, ક્યાં છે આધિ ઉપાધિરે—શાનો.

અહંકાર મન ઇન્દ્રિય ક્યાં છે, ક્યાં છે વિષય વિચારોરે,
પંચભૂતનું તન પણ ક્યાં છે, ક્યાં બંધન ક્યાં આરોરે—શાનો.

યમકિંકર નહીં દેખું નયને, નર્ક સ્વર્ગ પણ શાનારે,
આ સ્થાવર આ જંગમ એતો, છે બોલ્યાના બ્હાનારે—શાનો.

પૃથ્વી પાણી પર્વત તારા, ક્યાં પશુ પક્ષી પ્રાણીરે,
દાનવ દેવ મનુષ્ય વગેરે, કહેવાની છે કહાણીરે—શાનો.

લાભ હાનીનો સંભવ શાનો, ભેદ કશો નહી ભાળુંરે,
સગા સબંધી મ્હારે ક્યાં છે, ક્યાં કોને સંભાળુંરે—શાનો.

ક્યાં ઘરબાર જનક કે જનની, ક્યાં છે સ્વામી સ્વામીરે,
મારૂં તારૂં એવી માયા, મનમાંથી ઉભરાણીરે—શાનો.

નામ રૂપને નાશ વગરે, કલ્પું હું તે કોનુંરે,
અધિષ્ઠાનથી કાંઇ ન અળગું, સઘળા ભુષણ સોનુંરે—શાનો.

ભેદ કલ્પના ભય આપે છે, એવી વાત ન જાણીરે,
મૃગ જળમાં મૃગલાની પેઠે, બંધન પામે પ્રાણીરે—શાનો.

ઇન્દ્રજાળ જેવું સહુ લાગે, તે મનના સંકલ્પરે,
ચિદા ભાસના ચૈતન્ય થકીએ, મન ગમતું મન કલ્પેરે—શાનો.

શ્રીહરીની હોય કૃપા જો, સારી સમજણ આવેરે,
પોતાના અંતરના અનુભવ ઉત્તમ સુખ ઉપજાવેરે—શાનો.

—પ્રભાત—

સકળ સંસાર વિસ્તાર કરી વરણીયો
સ્વર્ગ પાતાળ મૃત બ્રહ્મહી હે.
એકતેં ગીનતહીં ગીનીય જેસો લગી,
ફેર કરી એક કો એકહા હે—સકળ.
એ નહીં એ નહા રહે અનશેશ સો,
અંતહીં વેદને યું કહા હે
કહત સુંદર સહી અપનપો જાનું જબ,
આપને આપમેં આપહી હે—સકળ.

—ગજલ—

હું સબકુછ મૈ પર કુછ નહીંસા હુવા હું,
મૈ હેરત જદે સુરતે આઇના હું— १
મકાં હે મેરા દીદએ દો જહાંમે,
મગર સુરત મરદમક ફીર રહાહું— २
હુવા આસના જબસે મૈ અપને દમકા,
ઉસી દમસૈ મૈદમ્ બખુદ હો રહા હું— ३
યે સુરત બની મીસ્લે આઇને ક
કે મૈ આપહી આઇના બન ગયા હું— ४
તસવ્વર મૈં અપને હું મૈ આપ હેરોં,
સમઝતા નહી કે મૈ કયા દેખતા હું— ५

નહીં દૂસરા દૂસરા મેંહી મુજસા,
જો દેખોતો મૈ આપહી દૂસરા હું— ૬
દૂઇ જીસકે દિલસે મીટે વોહી સમઝે,
કે મૈ કિસ તરહ એકકા દો હુવા હું— ૭
ન સમજે કોઇ ગરચે અસ્ત્ર આર મેરા,
સરાસર મેરા હાલ મૈ કહ રહા હું— ૮
નજર જીસપે આલમકી પડતી નહીં હે,
વતન ઉસકો મૈ આંખમે દેખતા હું— ૯

—પૃથ્વી સ્તુતી—

પ્રણામ પૃથ્વી છે તને તુજ વાર વાર પ્રણામ છે,
શ્રેષ્ઠ છે તું સર્વમાં, સૃષ્ટિ સહુ તુજ નામ છે.
પૃથ્વી અને જળ અગ્નિ વાયુ, આકાશમાં પણ તું રહી,
જીવ પાંચમાં તું વ્યાપ્ત છે, તું જીવજ પાંચ બની રહી.
દૃષ્ટને અદૃષ્ટ જે રૂપ રંગ ગુણની જાત છે,
પ્રાણી માત્ર તુજ પુતળા, વિશ્વ સકળની માત છે.
પશુ પક્ષિ જળ જંતુ અને, જડ ચૈતને પણ તું રહી,
લેનદેન કરીયે તાહેરું તું, લન્ડન નામ ધરી રહી.
પુતળા હમે તારા કરી, ધરી નામ અનેક ઉપાસતા,
રામ કૃષ્ણ શંકર અને, ઇસુ ખ્રીસ્તને કોઇ ભાળતા.

કોઇ નિરાકારને માનતા, તે તુજથી જુદા નહીં;
દ્વારિકા પણ તુંજ છે, તું ઇંગ્લન્ડ–લૅન્ડ બની રહી.

ધન ધામ સર્વે તાહેરા, કૈલાસ વૈકુંઠ તું બની,
તારા વડે સંસાર છે, યાસે સહુ બના ઠની.

જે માનતા નહીં તુજને, આધાર તેનો તું રહી,
ગરૂડ પતિ ઇગલ–પક્ષ કહાયે, જયોજે પંચમ છે સહી.

તુજ માટ ઝઘડા ઝામતા, માલીક સૌ તારા થતા,
મોહીનીએ રૂપ તારૂં, મુકી સહુ ચાલ્યા જતા.

થઇ ભૂતમાં ન કોઇની તું, ભવિષ્યમાં થાશે નહીં,
માલીક જગતની તુંજ છે, મહી રૂપ મેરી છે સહી.

જેની નહીં તેની જ છે તું, જે દીસે તે આજ છે,
આનંદ પણ છે તાહેરો, સંપૂર્ણ તારૂં રાજ છે.

સાગર કહે સંસારને, સમુદ્ર થઇને તું રહી,
આ રવી સમુદ્ર કહે છે સહુ તું સૂર્યથી જુદી નહી.

સમુદ્ર સુક્ષ્મ રૂપ તારૂં, અગ્નિની તું માત છે,
એ અગ્નિથી જળ સુક્ષ્મ થાયે, વાયુની તું જાત છે.

શેષ તે આકાશ કહીયે, નામ જેનું "કંઇ નહીં,"
'કંઇ નહીં' કિનારો તારો, પૂર્ણ રૂપ તારૂં સહી.



॥ श्री मन्महा गणाधिपतये नमः ॥

ॐकार स्वरूपी श्री पंचायतन सद्‌गुरु परमात्मानी

આરતી.

ॐ જય જય સદ્દગુરૂ દેવ, પ્રણુવ સ્વરૂપ મૂર્તિ (૨)
પ્રીતે આરતી ગાવું (૨) ( ) પંચાય તન મુર્તિ—ॐ જય જય.
ॐ આદિ કારણુ બ્રહ્મ, ધી પ્રેરક ઢુંઢી—ગુરૂ.
સગુણુ નિર્ગુણુ રૂપ (૨), હૃદ વાસિત ઢુંઢી—ॐ.
ॐ સ્વાનંદે પરમાનંદ, સિદ્ધિ પતિ ઢુંઢી—ગુરૂ.
દુર્વા પ્રિય લંબોદર, સચ્ચિદાનંદ ઢુંઢી—ॐ.
ॐ શીવહર શીવહર શંકર, ઇન્દુધર શંભો—ગુરૂ.
માયાધર ગંગાધર (૨), મદન તક શંભો—ॐ.
ॐ અદ્વૈત વાસી તુર્યક, કૈલાસી શંભો—ગુરૂ,
વૃષભા સન હળાહળ, પાન કરા શંભો, ॐ.
ॐ વૈકુંઠાધિપ માધવ, પીતાંબર વિષ્ણું—ગુરૂ,
કમળા ધર ગરૂડાસન, નારાયણુ વિષ્ણું—ॐ.
ॐ ત્રીસમ પદ ગોવર્ધન, ક્ષીરવાસી વિષ્ણું—ગુરૂ,
વાસુદેવ ગોપાલક (૨), ગોવિંદ મૂલ વિષ્ણું—ॐ.
ॐ ઉદયાચલ શિખરાગ્રે, પ્રકાશ કર ભાનુ—ગુરૂ,
આત્મા સ્વાત્મા દેવ (૨), સવિતા શ્રી ભાનું—ॐ.
ॐ સત્પદ તિમીર હંતા, ભાસ્કર શ્રી ભાનું—ગુરૂ,
આદિત્ય પરમાલ્હાદં (૨) જ્ઞાન સુતે ભાનું—ॐ.
ॐ જયદેવી ગુણુ જનની, પ્રણુવાત્મક દુર્ગા—ગુરૂ,
ત્રિગુણાતીત ત્રિએકા (૨), સર્વેશ્વરી દુર્ગા—ॐ.
ॐ પતિત પાવની અંબા, વિદ્યા રૂપ દુર્ગા—ગુરૂ,
ત્વંતત્પદ જગદંબા (૨), આનંદાનંદ દુર્ગા—ॐ.

ॐ श्री मत्स्वामी

आनंदानंद सरस्वती

॥ संगीत गीता म[illegible]त्म्य ॥

श्री धरोवाच— ગીતી.

પ્રારબ્ધ કર્મના દુખો, કહો પ્રભુ શી રીતે દૂર થાએ;
દ્દઢ ભક્તિ કેમ થાએ, મર્ણ તણો ભય ઉરથી કેમ જાએ.

શ્રી હરીનારાયણ—

નિત્ય ગીતા મુજ વાંચે, સદા સુખી અને મુક્ત તેને જાણો;
કર્મ ન લેપે તેને, સંદેહ વિણ કહો મર્ણનો ડર શાનો.

ગજલ કવાલી.

ગીતા અભ્યાસને ધારી, હિયે પાપો સહુ ટાળી;
ન સ્પર્શે પત્રને વારી, રહે જળમાં કમળ ડાળી. ગીતા૦
પુસ્તક જ્યાં ગીતાનું હોએ, પઢે પ્રેમે તેને કાએ;
જગતના તીર્થ જમા હોએ, કરે સ્તુતી તેને ભાળી. ગીતા૦
દેવ લોકો ઋષિ યોગી, નારદ નાગો અને ગોપી;
પાર્ષદો ગોપ ઉધવ ભોગી, ન જાએ તે જગ્યા ટાળી. ગીતા૦

ગીતાનો પાઠ જ્યાં થાએ, મળે આવી તેને સ્હાએ;
ગીતાની વાત ચર્ચાએ, લીએ ઉપદેશ સંભાળી. ગીતા૦
નિરંતર વાસ ત્યાં મ્હારો, ખરો મુજ ભક્ત તે પ્યારો;
ચિંતાનો બાંધીને ભારો, દિયે તે સર્વને બાળી. ગીતા૦
ગીતાને આશ્રયે રહું છું, ઉત્તમ ગ્રહ માની એ લઉંછું;
ગીતાના જ્ઞાનથી કહું છું,રહ્યો ત્રિલોકને પાળી. ગીતા૦
ગીતા એ શ્રેષ્ઠ વિદ્યા છે, ખરોખર બ્રહ્મ સ્વરૂપા છે;
અવિનાશી અર્ધમાત્રા છે, અનિર્વચ આત્મ તત્વાળી. ગીતા૦

મારા મનમાં તનમાં ભર્યો છે.

પ્યારા સર્વજ્ઞ શ્રી હરી કૃષ્ણે સ્વમુખથી અર્જુનને ગીતા સુણાવી (૨)
સચ્ચિદાનંદ ત્રિવેદ સમાન એ, તત્વ તણું જ્ઞાન લાવી સર્વ. પ્યારા૦
નિશ્ચળ મનથી પાઠ કરે નર, પઢે અધ્યાય અઢાર;
સંપૂર્ણ જ્ઞાન તે પ્રાપ્ત કરી લે, પરંપદે રહે આવી. પ્યારા૦
સંપૂર્ણ પાઠમાં શક્તિ ન હોય તો, અર્ધ વાંચે નર જેહ;
ગૌદાન પૂણ્ય તે પ્રાપ્ત કરે છે, સંદેહ નહી તલ ભારી. પ્યારા૦
ત્રતિય ભાગ વાંચે નર પ્રેમે, ગંગા સ્નાન ફળ થાય;
છઠ્ઠા ભાગે સોમ યજ્ઞ ફળે છે, હેત થકી તેને આવી. પ્યારા૦
ભક્તિ થકી એક અધ્યાય વાંચે, ગીતા તણો નિરધાર;
ગણુ થઈ રહે તે રૂદ્ર લોકે, દીર્ઘકાળ રહે ત્યાંહી. પ્યારા૦
ગીતનો ચોથો ભાગ રટે નર, વસુંધરા સુણુ વાત;
એક મન્વન્તર મનુષ્ય રહે તે, સુખથી સૃષ્ટિની માંહી. પ્યારા૦
ગીતા તણા દશ ગીતજ વાંચે, સાત વાંચે ભલે પાંચ;
ચાર બે ત્રણ કે એકજ વાંચે, અર્ધ ગીતે દે સમાવી. પ્યારા૦

વર્ષ ચતુર્દશં સહસ્ત્ર રહે તે, ચંદ્ર લોકે નીરધાર;
ગીત ગાતા કદી અંત થયો તો, મનુ લોકે રહે આવી. પ્યારા૦

ફરી થકી ગીતા અભ્યાસ ધારી, ઉત્તમ મુક્તિ લે તેહ;
સંગીત ગીતા અંતે ઉચ્ચરતા, સદગતી તેની છે થાવી. પ્યારા૦

જુગાર ધન હરે.

ગીતા સાંભળે, પાપી અતી ભલે;
વૈકુંઠમાં ખરે, વાત વિષ્ણુથી કરે.
સર્વે કર્મો કર્તા નિત્યે, ગીત તણું જો સ્મર્ણું જ થાય;
જાણો જીવન્મુક્તજ તેને, દેહાંતે પરંપર થાય. ગીતા૦

જનકાદિક રાજાઓ સર્વે, ગીતા આશ્રય લઇને જાણુ;
પાપ રહીત થઇ કિર્તી પામી, પામ્યા પરં પદને નિર્વાણ. ગીતા૦

ગીતા પાઠ કરીને અંતે, મહાત્મ્યજ તેનું ના વંચાય;
વૃથા પાઠ એ થાએ તેનો, શ્રમ પણ સર્વે નિષ્ફળ જાય. ગીતા૦

આદિ અંતે મહાત્મ સાંભળે, ફળ તેને સૌ પ્રાપ્ત જ થાય;
ગતિ ઉત્તમ સત્વર થાએ, લેશ નહીં એમાં શંકાય. ગીતા૦

શ્રી સુતોવાચ— **ગીતી.**

સનાતન ગીતા મહાત્મ, મેં સંભળાવ્યું પ્રીત અતિ આણી;
ગીતાને અંતે સુણીને, ફળ ઉત્તમ તેનું લેશો જાણી;
ઇતિ શ્રી વરાહ પુરાણે, ગીતા મહાત્મ પુર્ણ થયું પ્યારા.
આનંદાનંદ રહેજો, સૂર્યનારાયણ જગત ગુરૂ મ્હારા;

ગીતા આરતી.

ૐ જય સંગીત ગીતા, જય જય હરી ગીતા; (૨)
ગુરૂ જગત પ્રતિપાલક(૨), પાપ રહે બીતા. ૐ૦
પ્રારબ્ધ કર્મના દુઃખ, તુજથી દૂર થાએ. મા૦
મર્ણુ તણો ભય જાએ(૨), અમર થાએ કાયે. ૐ૦
જગતતણા સહુ તીર્થ, સ્તુતી તારી ગાયે; મા૦
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર(૨), પડતા તુજ પાયે. ૐ૦
બ્રહ્મા તુજ આશ્રય ધરી, સૃષ્ટિ સહુ કરતા. મા૦
રક્ષણુ વિષ્ણુ કરતા(૨), મહેશ્વર સંહરતા. ૐ૦
જ્યાં તુજ પાઠ જ થાય, હરી આવે વ્હારે; મા૦
છપ્પન કોટી યાદવ(૨), રહે શરણે તારે. ૐ
તેત્રીસ કોટી દેવ, તુજમાં વાસ વસે; મા૦
બ્રહ્માંડ સર્વે તુજમાં(૨), રહ્યું એક અંશે વિશે. ૐ૦
ગીતા આરતી જેહ, પ્રેમ થકી ગાએ; મા૦
સંદેહ દૂર પળાએ(૨), આનંદાનંદ ગાયે. ૐ૦

ૐ શ્રી હરી નારાયણાર્પણમસ્તુઃ



ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती संगीत.

भगद्गीता अध्याय १ अर्जुन विषादयोग.

ધૃતરાષ્ટ્ર:— (૧) ગીતી.

ધર્મ ક્ષેત્રે મળેલા, યુદ્ધ ઇચ્છાથી કુરૂક્ષેત્ર માંહે:
મ્હારા અને પાંડુના, પુત્રો કરે શું? સંજય! રણુ માંહે.

સંજય—

પાંડવ સૈન્ય નિહાળી, દુર્યોધને તે વેળા વ્યુહ માંહે;
આચાર્ય પાસ જઇને, રાજાએ વેણુ! આવા કહ્યા ત્યાંહે.

દુર્યોધન— (૨) પુનમ ચાંદની ખીલી પુરી.

પાંડુ પુત્રોનું મોટું સૈન્ય નિહાળીએ રે,
બુદ્ધિશાળી દ્રુપદ શિષ્ય જે તારો ગણાય;
જેની વ્યુહ રચનાની ખૂબી સર્વે ભાળીએ રે. પાંડુ૦
ભીમને અર્જુન જેવા શૂરા ધનુર્ધારી મળ્યા રે;
યુયુધાન વિરાટને મ્હારાથી દ્રુપદરાય;
દૃષ્ટકેતુ ચેકિતાનને નજરે ન્યાળીએ રે. પાંડુ૦
કાશીરાજ પરાક્રમી, પુરૂજીત કુંતિ ભોજ;
શૈબ્યને યુધામન્યુ, બળવંતો ઉત્તમોજ.

સુભદ્રા સુત જાણો અભેમન્યુ બળીયો અતી રે;
પુત્રો દ્રૌપદી કેરા પાંચે મહા બળવાન.
એ સહુ પાંડવ સેન્યા કેરા જાણો મ્હારથી રે. પાંડુ૦

નાયક મમ સેન્યા તણા, કહું તેનો વિસ્તાર;
નામ સાંભળો સર્વના, ઉત્તમ દ્રોણાચાર પાંડુ૦

હાં રે લટકાળો ગીરીવરધારી.

હું છું આપ અને કૃપાચારી, ભિષ્મ કર્ણ ભુરીશ્રવા ભારીરે—હું છું.
સોમદત્તિને વિકર્ણ બળી છે, અશ્વત્થામા બળધારીરે—હું છું.
એવા ઘણા શુરવીર છે મ્હારા, આવ્યા પક્ષ મુજ ધારીરે—હું છું.
મ્હારથીમાં એ સર્વે ગણાએ, બળીયા શસ્ત્રો ધારીરે—હું છું.
રક્ષા જેહની ભિષ્મ કરે છે, કોણ શકે તેને મારીરે—હું છું.
પાંડવ સૈન્યની રક્ષા કરે ભીમ, બળ નથી એનું ભારીરે—હું છું.
તો પણ વ્યુહના માર્ગ વિશે સૌ, સ્થાન લીયો સંભાળીરે—હું છું.
ભિષ્મ તણી રક્ષા સહુ કરજો, ડર ધરશો ન લગારીરે—હું છું.

સંજય— **લયલી તુમ્હારે ઇશ્કમે.**

વાતો જ્યાં એવી થાય છે, સિંહનાદ ભિષ્મે ત્યાં કર્યો;
સૈન્ય ઉત્સાહી બન્યું છે દુર્યોધન હર્ષે ભર્યો. વાતો૦

શંખ ભેરી પ્રણવ આનક, ગોમુખ વાજાં વાગીયાં;
એકઠા અવાજથી શુરવીર રણમાં જાગીયાં. વાતો૦

શ્વેત ઘોડાથી સજેલા, રથે ચડી અર્જુન હરી;
પોતે પોતાના દિવ્ય શંખો, બજાવીયાં હેતે કરી. વાતો૦

આવો આવો આમ.

વાજાં વાગીયાં; શુરવીર જાગીયાં,
એકદા અવાજથી, રણક્ષેત્ર ગાજીયાં—વાજાં૦
પાંચ જન્ય તો કૃષ્ણ વગાડે, દેવદત્ત અર્જુન;
ભીમસેને પોન્ડ્ર વગાડયો, થઇ શંખની ધુન—વાજાં૦
અનંતવિજય યુધિષ્ટરનો, નકુલનો સુઘોષ;
મણી પુષ્પક સહદેવ વગાડે, ધરી ઉરમાં રોષ—વાજાં૦
કાશી રાજા ધૃષ્ટધુમ્નને, વિરાટ શિખંડી જેહ;
અજીત સાત્યકી ઘોર કરે છે, નાદ શંખનો એહ—વાજાં૦
શબ્દ થકી આકાશ ગાજે, ધરતી રહી કંપાય;
લડવા સૌએ આવી ઉભા, સ્થાન પોતાના જયાંય—વાજાં૦

અર્જુન— વાગી સ્વયંવરમાં હાક.

સુણો સુણો હે કેશવરાય, મ્હારો રથ હાંકીએરે;
જયાંથી સૈન્ય સકળ દેખાય, સર્વને ઝાંખીએરે.
જોઉં કોણ કોણ યુદ્ધ માંય, લડવા આવીયારે;
કોણ સન્મુખ મ્હારી થાય, શુરા સૌ કહાવીયારે.
દુર્યોધન તણા હીત કાજ, ધર્યા હથીયાર છેરે;
ઇચ્છું સર્વને જોવા હું આજ, હવે શું વાર છેરે.

સંજય— રાગ ઉપરનો.

સુણી કૃષ્ણ થયા તૈયાર, રથને હાંકીયોરે;
બંને સૈન્યાની વચમો મોઝાર, ઉભો રાખીયોરે.
બોલ્યા કૃષ્ણ મુખે તે વાર, જો નૈણા ભરીરે;

ઉભા ભિષ્મ અને દ્રોણાચાર, લડવા બળ કરીરે.
જોયું અર્જુને ચારે પાસ, ધનુષ હાથે ધરીરે;
પિતા પુત્રને પૌત્ર છે ખાસ, લડતા ખપ કરીરે.
પિતામહને વળી આચાર્ય, શ્વસુર તેમાં ભળ્યારે;
ઇષ્ટ મિત્ર છે લડવા તૈયાર, જાણીતા સૌ મળ્યારે.
જોયા સર્વ સંબંધી ત્યાંય, રહ્યો મન ચણચણીરે;
આ સર્વને કેમ મરાય દયા આવી મન ઘણીરે.

અર્જુન— ક્યાંથી આ સંભળાય.

કેમ લડું રણમાંહે પ્રભુ હું કેમ લડું રણમાંય;
કુટુંબ સકળ આ આવી મળ્યું છે, ગાત્ર શિથિલ મુજ થાય.
સ્વજન સહુ મુજ દૃષ્ટે પડે છે, અવર નથી કોઇ આંહે—પ્રભુ હું૦
શરીર મ્હારૂં ધ્રુજી રહ્યું છે, ધનુષ પડી પડી જાય;
ચિંતા થકી આ શરીર બળે છે, રોમ ઉભા થઇ જાય—પ્રભુ હું૦
ઉભા રહેવાનો દમ નથી મુજમાં, મંન અતિસે મુંઝાય;
નિમિત સહુ મને વિપરીત ભાસે, શુકન ઉલટા થાય—પ્રભુ હું૦
આ સહુ મ્હારા બંધુજનો છે, મારે ન લાભ જણાય;
વિજયતણી નથી ઇચ્છા મુજને, નહીં રાજથી સુખ થાય—પ્રભુ હું.
કુટુંબતણો સહુ નાશ કરીને, મુજથી કેમ જીવાય;
રાજ્ય એવું મળ્યું ના મળ્યું મુજને, ભોગ થકી શું થાય—પ્રભુ હું૦
રાજ્યભોગ સુખ ચાહું જે માટે, આવ્યા છે તે રણમાંય;
પ્રાણને ધનની પરવા નથી જેને, એ સહુ ધરના ગણાય—પ્રભુ હું૦

ગજલ-કવાલી.

પિતા પુત્ર દાદા ભાઇ, શ્વસુર મામાને જમાઇ;
પૌત્ર શાળા આવ્યા આંહીં, મળ્યા સંબંધી રણમાંહી—પિતા૦

મળે ત્રિલોકનું રાજ્ય, નથી પૃથ્વી તણું કાજે;
ભલે મારે મને આજે, ન મારૂં તેમને આંહીં—પિતા૦
સુખ શું મુજને થાએ. હણેથી ફોરવો આંહિ;
પાપ તો મુજને થાએ, મારૂં જો હું એ આતાઇ—પિતા૦
સ્વજન મારી કૃપા સિંધુ, સુખી શી રીતે થાવું હું;
હિંસે રણમાં સહુ બંધુ, ન ચાહું મારવા આંહીં—પિતા૦
લોભથી ચિત્ત ભરમાએ, દોષ તેને ન દેખાએ;
દોષ છે કુળ ક્ષય માંહિ, દ્રોહથી પાતકી થાએ—પિતા૦
જાતીના નાશથી થાએ, દોષ જાણું જદુરાએ;
જાણીને પાપ જે થાએ, મહા પાપી કહેવાએ—પિતા૦
વળી કુળ નાશથી થાએ, સનાતન ધર્મ તો જાએ;
ધર્મ જો નષ્ટ થઇ જાએ, અધર્મી કુળ કહેવાએ—પિતા૦

થયા છોરે પતિ તેજ પ્યારી.

દુરાચારી થાય નારી હમારી, અધર્મના બળથી;
અધર્મના બળથી, થાય જો સ્વધર્મની પડતી—દુરા૦

તે નારીથી પુત્ર જે જન્મે, વર્ણશંકર થાય;
સહુ ભાખે, કુળ ઝાંખે, નર્કે આંખે, પિંડ પાખે;
પિત્રિઓ પણ નર્કે પડે છે, ક્રિયા જો નવ પળતી—દુરા૦

કુળના ઘાતી, વર્ણશંકરના, દોષ થકી યદુરાય;
જાતિ ધર્મો, શુભ કર્મો, કુળ ધર્મો, જાએ પળમો;
ચિરકાળનો વાસ નરકમાં, થાય જરા ગળતી.—દુરા૦

હાય! રાજના સુખ લોભથી, પાપ વિશે તૈયાર;

મન ધારી, કુળ મારી, લઉં સારી, રિદ્ધિ ભારી;
પાપ તણો ઉંધમ આરંભ્યો, દુર્બુદ્ધિ બળથી—દુરા૦
એ કરતા તો શસ્ત્ર ધરી, ભલે મારે કોરવ આપ;
શસ્ત્ર ધારે, વિણમારે, મળી સારે, સુખી ત્યારે;
યુદ્ધ વિશે જો મુજને હણે તો, આનંદ થાય અતિ—દુરા૦

સંજય— દોહરા.

એવું કહીને અર્જુને, ફેંક્યા ધનુષને બાણ;
શોક ધરી રથમાં પડયો, રડતો ચતુસ્સુજાણ.
કૃષ્ણાર્જુન સંવાદની, વર્ણી કહી કથાય;
અર્જુનનો વિષાદ એ, કથા પ્રથમ અધ્યાય.

ॐश्रीमत्स्वामी

आनंदानंद सरस्वती–संगीत.

भगवद्गीता-सांख्ययोग अध्याय २.

સંજ— **સાખી.**

શોક ધરી રથમાં પડ્યો, આંખે આંસુ ધાર;
એવું જોઈ હસી બોલીયા, પોતે જુગદાધાર.

શ્રીકૃષ્ણ— **વનમાં ભુલી પડીરે.**

જ્ઞાની કહાવીયોરે, આ રણભુમી વિશે અરજુન;
કાયર શું થયોરે, કરશે મશ્કરી સહુ રાજન—જ્ઞાની૰
હરખ ભરી યુદ્ધે બોલાવ્યા, રાજન સર્વે જેહ;
કાયર બન્યો તું આવે પ્રસંગે, ધિક ધિક કહેશે તેહ—જ્ઞાની૰
અપકિર્તી ગાશે સહુ તારી, થઇશ નર્કનો વાસી;
યુદ્ધ કર્યા વિણ સ્વર્ગ મળે નહીં, થાય ભલે સંન્યાસી—જ્ઞાની૰
ઇન્દ્રને પણ સ્વર્ગ પ્રિય છે, યુદ્ધ વિના નહીં દેશે;
કાયર થઇ યુદ્ધ નહીં કરે તો, નર્ક નશીબમાં રહેશે—જ્ઞાની૰
માટે કાયરતા છોડીને, યુદ્ધની કર તૈયારી,
ઉભો થા દુર્બળતા ત્યાગી, હૃદય તણી જે ભારી—જ્ઞાની૰

અર્જુન— **કાયા કાચોકુંભ છે.**

સાખી— યુદ્ધ શી રીતે કરૂં, ભિષ્મપિતામહ સાથ;
દ્રોણાચાર્ય પણ પુજ્ય છે, કેમ કરૂં હું ઘાત.

ગુરૂજન મારવાથી, ભીખથી ભલે દીન ગાળું,
મ્હાનુંભાવ મારીને હું, રૂધિર જેવા ભોગો ભાળું;
છતા અહંકારથી હું, યુદ્ધમાં તૈયાર થાવું.
હારજીત છે નહીં મુજ હાથમાં છે શુંરે થાવું. ગુરૂ.

સાખી—જેને મારી જીવવા, ઇચ્છા નહીં લગાર;
તે ઉભા સનમુખ આ, લડવાને તૈયાર.
ભારી દોષ ભાળું એમાં, બન્યું ચિત્ત મુંઢ જેમાં;
પૂછું ધર્મ શિષ્યનું સુખ, આપને દીસેજ શેમાં. ગુરૂ.

સાખી—શર્ણું આવ્યો શ્રી હરી, દીજે યુક્તિ બતાય,
જેમાં દોષ લાગે નહીં, અને ધર્મ પણ નવ જાય.
ભલે બનું ચક્રવર્તિ, ભલે થાઉં ઇન્દ્રરાજા;
શોક કેમ દુર થાએ, તે કહો યદુવંશી રાજા. ગુરૂ.

સાખી—યુદ્ધ નહીં હું તો કરૂં, આદિમાં દુખ સાર;
મધ્યમાં પણ એટલું, અંતે શોક અપાર.
વાવી બીજ ઝેરનું, અમૃત શી રીતે લેવાએ;
કોચ કેરા બીજમાંથી, કેળ કહો કેમ થાએ. ગુરૂ.

સંજય-સાખી—અર્જુનને જોઈ શોકમાં, યુદ્ધ વિશે નિર્વાણ;
હસીને શ્રી હરી બોલીયા, "જે છે તે આ" જાણ.
માને કોઇ સુખ જેને, કહે કોઇ દુખ તેને;
તેવું તે દેખાય તેને, જેવું જે જે માને જેને. ગુરૂ.

શ્રીકૃષ્ણ— **પાતળીયા પરિશ્રમ હયો.**

અશોચનો તું શોચ કરે છે, પંડીત શા આ વચંન છે, વચંન છે;
મુવા જીવતા ને ન પંડીત શોચે, ધન્ય અર્જુન ધન્ય લાખો ધન્ય છે.
મુવેલા ને રડે, પૂર્વના જો ખરે, રણા નથી અરે રે......આયે સહી રહેશે નહી.—અશોચ.

મુર્ખયા પંડીત જો મરી જાએ, અજ્ઞાની માટ રૂદંન છે, રૂદંન છે.
મુર્ખને જુવે છે, પંડીત રૂવે છે, કેમ ન મુવે છે રે......જ્ઞાની કહીં શોચે નહીં—અશોચ.

ભુત ભવિષ્યનું જાણે જે જેવું, વર્તમાને નહીં અન્ય છે નહીં અન્ય છે.
ભુતને ભાવીને, વાત જણાવીને, સુખ દુખ લાવીને રે...પ્રત્યક્ષમાં, સુખ દુખ ક્યાં—અશોચ.

વર્તમાને તો છે આનંદ આનંદ, સુખ દુખ નાત્ર એ મંન છે, એ મંન છે
જે છે તે આ સહુ, કહેવાનું શું રહ્યું, સુણવાનું ના રહ્યું રે...જીવતા ને તું, રડે છે શું—અશોચ.

કેમ મિત્ર મારા શું કરીએ.

બોલનાર શું ન્હોતો હુંય, સાંભળનાર શું ન્હોતો તુંય;
સાંભળવાનું આ સર્વે જેહ, હતા પરંપરાથી એહ.
હું, તું, તે, વ્યાકરણથી વદાય, ત્રણે આપણ માંહી સમાય;
કહીંથી આપણે આવ્યા નથી, કહીં આપણે જાવાનું નથી.
સાથે આપણે રહીશું સદાય, ધરી અનેક પ્રકારની કાય;
કુદે રડે ખુશી થાય જેમ, જાણો આપણે બાળક તેમ.
બાલ્ય યુવા વૃદ્ધા વસ્થા જેમ, બીજા દેહની પ્રામી તેમ;
પલ વિપલે દેહ બદલાય, ધીર વીર તેમાં ન લોભાય.

જાણે નાટક રૂપ આ સર્વ, એવું જાણી તજી દેતા ગર્વ;
જેમ નટુવો ધરે બહુ વેશ, ઘડી રંક ઘડીમાં નરેશ.
છતાં જાણે છે તે મન માંય, નથી રંક નથી હું રાય;
સુખ દુખ બતાવું જે આંહીં, ખેલ પુરો થયા પછી નાંહી;
હર્ષ શોક જોનારને થાય, મને એમાંનું કંઇ ન જણાય.

ગજલ કવાલી.

દુખ સુખ શર્દીને ગરમી, માત્ર એ સ્પર્શથી લાગે;
તેહ આવાગમન ધર્મી, અલ્પ સમય પછી ભાગે.
નથી કાંઇ તે સદા રહેતા, સુખે જ્ઞાની તેને સ્હેતા;
નહીં દુખ કોઇને દેતા, ઉપાયો યોજતા લાગે—દુખ૦
દુખ સુખ સૌને છે સરખા, ભલે વિદ્વાન કે મુર્ખા;
મુર્ખ તે હાય વૉય કરતા, જ્ઞાનીના ધૈર્યને ત્યાગે—દુખ૦
ધરી દુખ મુર્ખ જે રડતા, કહે સૌ નર્કમાં પડતા;
વિષયમાં શાંતિને ધરતા, વદે છે મોક્ષ એ આગે—દુખ૦
મોક્ષ મારો નથી થાતો, નથી કોઇથી હું બંધાતો;
દિસે આ નાટકી વાતો, આનંદ છે પ્રેક્ષકો માટે—દુખ૦
નથી હું કૃષ્ણને વળી રામ, હું તો છું સર્વનો આરામ;
કરોડો છે શરીરી નામ, દિસે જે યોગ્ય તે રાખે—દુખ૦

પિતાજી આ કોપ તમે શો કર્યો.

કહે કોને દુખ કહે કોને સુખ, દિસે છે એ કલ્પના માત્ર અનુપ;
માને ગૃહસ્થી જે જે વસ્તુને સુખ, ત્યાગી મોટા માને છે તેનેજ દુખ.
વળી જે જે ત્યાગીને સુખ દેખાય, ગૃહી તેને જોઇ અતિ ગભરાય;
આશા વિના લાભ કદી નવ થાય, વિના ત્યાગે દુખ કદી નવ જાય.

ખરા જ્ઞાની રહે છે એ બે થકી દુર, નથી દુખ સુખ તેને તલપુર;
નથી કાંઇ લેતા કરે નહીં ત્યાગ, લીયે નહીં હર્ષને શોકમાં ભાગ.
મહા ધીર વીર તે પુરૂષ કહેવાય, જેને એ વિશયો કરે ન પિડાય;
રાખે સુખ દુખ એ બેને સમાન, જાણે હોએ પોતાના ઘરના મેમાન.

કવ્વાલી કહું છું ફુલેરની.

અસત્ તો હું દેખું નહીંને, સત્ વસ્તુ નવ જાય;
પાણી વિણુ જો અન્ય ન હોયે, જળ કહે શું થાય.
મનુષ્ય એજ પ્રભુ છે પોતે, વેદ સકળ ઉચ્ચારે;
અસત્ એને માની લે છે, દુર પ્રભુને ધારે.
"જે છે તે આ" નજર આગળ, સત્ એ કહેવાય;
માને નહીં તેને શું કહીએ, ભલેને ગોથા ખાય.
પૃથ્વી પાણી અગ્નિ વાયુ, વસ્તુ ચાર જણાય;
વાયુ વિણુ આકાશ રહેના, અસત્ એહ મનાય.
ભલે એ ચાર તણી સભામાં, "કોઇ નહીં" ને હું મુકું;
પાંચ તત્વો સહુ એ કહે છે, હું શા માટે ચુકું.
એ પાંચેથી જગત વ્યાપ્ત છે, આત્મા તેને જાણો;
કોઇનો માર્યો મરે નહીં એ, અવિનાશી પરમાણો.
સદા રહેનારો નાશ વિનાનો, માપ ન એનું થાય;
શરીર તો છે ઘડાના જેવું, સહેજે ફુટી જાય.
એવું માની ધિરજ ધારી, યુદ્ધે તત્પર થાને;
નાશવંત તે નથી રહેવાનું, આત્મા મરશે શાને.
માટી માટી કહાડી નાખો, બાકી ઘડાને રાખો;
બાકી એમાં જે દેખાએ, તેને ઇશ્વર ભાખો.

મન મારૂં માને નહીં.

આત્મા કોઇને મારે નહીં, કોઇથી મરે નહીં;
એમાંનું એકે છે નહીં—આત્મા૦
મારનારો જાણે સહી મરતો માને કહીં;
બુદ્ધિ તેનામાં છે નહીં—આત્મા૦

જન્મ જેને છે નહીં, મરવા તણું તો ક્યાં રહ્યું:
વસ્તુતણો અભાવ ત્યાં, રહેવાપણું કોણે કહ્યું.
જેનો જન્મ છે હરઘડી, અજન્મ તે કહેવાય છે;
જે દિસે આ દૃષ્ટિમાં, તે આવે છે ને જાય છે.

જન્મ્યો ભુતમાં એ તો સહી, દીસે છે જે અહીં;
ભાવિમાં રહેશે એ નહીં—આત્મા૦

જન્મ્યાને વળી જન્મ શું, મૃત દેહને મૃત્યુ કશું;
જન્મ તો મરતો સદા, જવાનું તેને છેજ શું.
દૃષ્ટે ભૂત દિસે નહીં, ભવિષ્ય ક્યારે આવશે;
દેખું ત્યારે આજ છે પણ, કાલને કોણ લાવશે.

જુની પુરાની એ થઇ, આજતો ગઇ નહીં;
નિરખી કદી કાલ, મ્હેં નહીં—આત્મા૦

પીઉ પરદેશીને કહેજો પ્રણામ.

અવિનાશી આત્મા નિત્ય, જન્મ વિનાનો (૨)
તે કોને હણે હણવાનો—અવિનાશી૦
સર્વદા રહેનાર એ છે, જીર્ણ જન્મ એનો નથી;
પૂર્વમાં પણ એ હતો, વળી નામ જેનું "કોઇ નથી."

જાણી એવો તેહને, વિકાર ના એનો ગણે;
શરીર હણાએ પણ કદી, આત્મા હણાવે ના હણે.
જીર્ણ વસ્ત્રો ત્યાગીને જેમ, ધારે મનુષ્યો (૨)
આત્મા પણ તેમ જાણો—અવિનાશી૦
વળી એક ઘરને ત્યાગીને, રહેવાને બીજે જાય છે;
આત્મા પણ શોખીન છે, નિત્યે નવીન તે થાય છે.
શસ્ત્રો ન છેદે જેહને, અગ્નિ ન બાળે એહને;
નાખ્યા વિના નિચોવે શાને, વાયુ કરે શું તેહને.
છેદાય બળે ભીંજે નહીં એ, સુકે નહીં એ; (૨)
"ક્રાઇ નહીં" ને તેમ માનો—અવિનાશી૦

રમ્યમુર્તિ નાથની.

સર્વદા રહેનાર એ છે, સર્વમાં વ્યાપી રહ્યો;
અચળ અનાદિ એજ છે, પરીપુર્ણ શાસ્ત્રમાં કર્યો—સર્વદા૦
દેખાય દ્રષ્ટિથી નહીં, કલ્પાય મનથી એ કહીં;
વિકાર જેને છે નહીંને, જે દિસે તે આ કહ્યો—સર્વદા.
જન્મ તો જો એને જાણે, મર્ણ એનું તે પ્રમાણે;
સૃષ્ટિનો એ નીમ માને, શોચ શું તેનો રહ્યો—સર્વદા૦
જન્મ તેનો નાશ જાણ, વિનાશી કેરો જન્મ માન;
ટાળવા ન શક્તિવાન, સૃષ્ટિ ધર્મ જે કહ્યો—સર્વદા૦
ટાળી જો શકાતું હોત, દુખ નળને કેમ હોત;
રામ સીતા શાને રોત, હરિશ્ચંદ્ર જે દુખી રહ્યો—સર્વદા૦
ઉપાય એનો છે નહીં, ડરેથી સુખ છે નહીં;
લડે વિના મળે નહીં, શોક ક્યાં પછી રહ્યો—સર્વદા૦

પદ-ધોળ.

નોતું આદિમાં પ્રત્યક્ષ એહ, મધ્ય માંહે દેખાય છે જેહ;
અંતમાં નથી રહેવાનું તેહ, શોચ શાને કરેરે.
ત્રિકાળમાં ન એનો અભાવ, નિત્ય નવીન એનો દેખાવ;
જાવું આવવું એનો સ્વભાવ, રાત્રી દિનનોરે.
કોઈ આશ્ચર્ય જેવો દેખંત, વળી નવાઇ જેવો વદંત;
ચિત્ર વિચિત્ર એને સુણંત, તદપિ ન જાણતારે;
જોતા છતા એ અંધ કહેવાય, બોલે તોપણ મુંગો ગણાય;
સુણે સર્વને બ્હેરો મનાય, આશ્ચર્ય એ સહુરે.
મરે હરઘડી કહે અવિનાશ, જન્મ્યા વિના તે શાનો પ્રકાશ;
દિન જન્મેને રાત્રીનો નાશ, વાસ કોનો કહુરે.
સર્વે નેતિ નેતિ એ કહંત, શાસ્ત્ર ઇતિ ઇતિરે વદંત;
નેતિ ઇતિથી ન્યારો રહંત, સર્વે રૂપથારે.
ભલે નેતિ કહું તોય તેહ, ઇતિથી નહીં જુદો જેહ;
ન્યારો કોઇ થકી નહીં તેહ, દેખું એને નહીરે.
સર્વમાં રહે સર્વથી ન્યારો, આનવાનો નથી એક આરો;
નથી હું પણ એ થકી ન્હારો, ભીતર બ્હારથીરે.
દેહ માંહે વસે છે જેહ, કોઇનો માર્યો મરે નહી તેહ;
ભલે ઘડાનો થાએ નાશ, માટીને શું કરેરે.
શ્રી હરી તમને માનું નાહીં, માનું જે છે તમ ઘટ માંહી;
ઘટમાં હાડને માંસ દેખાય, નમન કોને કરૂંરે;
બોલનાર જે તમ ઘટ માંહી, મારે કામ છે તેનું ભાઇ;
ઢાલ ફાટે તો અવાજ નાંહી, શોધું ક્યાં તનેરે.

જે છે વ્યાપક ભીતર બ્હાર, ચાલે જગતમાં જેનો વ્હેવાર;
નામ અનેક ધરી રહેનાર, સૃષ્ટિ એને કહુંરે.
અહંકાર એ હુંનો ગણાય, તેથી વસ્તુ ન મારી કહેવાય;
મારો પિતા પ્રભુજી મનાય મારા બાપનીરે.
નથી વિશ્વમાં બીજું કાંઇ, જે છે તેનો દૃષ્ટિએ દેખાઇ;
પછી શોચ શાનો ધરો ભાઇ, દૃષ્ટા દૃષ્યમાંરે.

હાર આ દેખું ડુંગર તણી.

રાજાનો ધર્મ વિચારતાં, ન્યાય દેવાનું કામ;
દંડદીયે અપરાધિને, પાપનું નથી નામ—રાજા.
શામ દામ દંડ ભેદથી, કરવો દુષ્ટનો નાશ;
ઉલટું કરે જો એ થકી, થાય પાપનો વાસ—રાજા.
યુદ્ધ એ ક્ષત્રિનું કામ છે, એથી અન્ય ન કાંઇ;
શ્રેષ્ઠ એથી બીજું છે નહી, કર્મ આ જગમાંહી—રાજા.
આપો આપ આવી મળ્યું, ક્ષત્રિને સુખ થાય;
સન્મુખ લડતાં જે મરે, સીધા સ્વર્ગમાં જાય—રાજા.
સેવક ધર્મ જો તું ધરે, આજ્ઞા સેવ્યની ધાર;
સેવ્ય આજ્ઞા તુજ કર્મ છે, યુદ્ધે થા તઇયાર—રાજા.
સેવા કરતાં સેવક જો મરે, ધન ભાગ્ય ગણાય;
પતિ માટે પ્રાણ પાથરે, સતિ તેહ મનાય—રાજા.
એમ છતાં જો તું નહી લડે, મનથી કરીને પ્રમાદ.
ધર્મ કિર્તિ જાશે તાહેરી, થાશે તુજ અપવાદ—રાજા.
બીકણુ ગણશે તુજને, હીચકારો કહેશે કોઇ;
વ્યંઢળ માંહે ગણાવશે, આવ્યો યુધમાં શું જોઇ—રાજા.

નિંદા થશે સદા તાહેરી, અપકીર્તિ ગવાય;
ઉત્તમ પુરૂષને એ સહુ, મર્ણથી વધી જાય—રાજા૦
ચીતા ભલી ચિંતા થકી, પલમાં ભસ્મ તે થાય.
ચીતા બાળી દે સ્હેજમાં, ચિંતા બાળે સદાય—રાજા૦
રણુ છોડી ઇચ્છે જીવવા, એથી ઉત્તમ મર્ણ;
નિંદા નહી ચિંતા નહી, સુણવાનુ નહી કર્ણ—રાજા૦
મ્હારથીયો મનમાં ધરે, નાઠો અર્જુન વીર;
યુદ્ધ થકી એ ડરી ગયો, રણમાં રહી નહી ધીર—રાજા૦
ડરતા હતા જે જે તુજ થકી, રાખતા વળી માન;
નિંદા કરશે તેજ તાહેરી, જાણે પીંપળ પાન—રાજા૦

પઢોરે પોપટ રાજા રામની.

નહિ બોલવાનું બોલશે, થાશે શત્રુમાં વાત;
દુખ કયું બીજું એ થકી, જગત માંહે વિખ્યાત—નહિ૦
ધર્મ કિર્તી વગોવાયને, લોક નિંદે સદાય;
એથી ભલેરૂં મર્ણ છે, જીવતા નર્ક ગણાય—નહિં૦
યુદ્ધ કરતા હણાયો કદી, સ્વર્ગ છે તૈયાર;
જીતે તો પૃથ્વી છે તાહેરી, થાશે જય જયકાર—નહિ.
ધર્મ રહે કિર્તી રહે. રહે જગતમાં માન;
પૃથ્વી વળી થાય તાહેરી, સુખ સ્વર્ગ સમાન—નહિ.
સુખ દુખ લાભા લાભને, જય પરાજય જેહ;
ઇચ્છા ન રાખતું એહની, લડવું નિઃસંદેહ—નહિ.
અજ્ઞાન પાપ કહેવાય છે, જ્ઞાન પુન્ય ગણાય;
અજ્ઞાન મારવું જ્ઞાનથી રાજજ્ઞાનનું થાય—નહિ૦

અજ્ઞાનીને ડર છે સદા, પુન્ય પાપે લોભાય;
જ્ઞાની ડરે નહીં કો થકી, થાવાનું તેતો થાય—નહિ૦
પાપના મુડદા જોઇ ને, કિર્ત્તી જ્ઞાનીની થાય;
ચક્રવર્તી થઇને રહે, મહારાજા કહેવાય—નહિ૦

ધીક ચુવારે ધીંક મુજને.

સાંખ્ય તણો યોગ મ્હેં કહ્યો, જ્ઞાન માર્ગની રીતજી;
નિષ્કામ કર્મ કરવા થકી, નિશ્ચે પામીશ જીતજી—સાંખ્ય૦
ક્ષેત્ર માંહે બીજ વાવવું, તારૂં એહ છે કર્મજી;
ઉગે ન ઉગે હરી હાથમાં, તેનો છેજ એ ધર્મજી—સાંખ્ય૦
ઇચ્છા ધરીને જો રોપીએ, કદાચિત નવ થાયજી;
મ્હેનત વ્યર્થ જવા થકી, મનમાં દુખજ થાયજી—સાંખ્ય૦
નિષ્કામ થઇને અલ્પ એ, કરે કર્મ જો કોયજી;
રહેતો નથી ડર તેહને, સુખ સંપત હોયજી—સાંખ્ય૦
સકામ રહીને ઉપર થકી, કરે સઘળા જે કામજી;
વિકાર રહીત અંતર થકી, ખરો એજ નિષ્કામજી—સાંખ્ય૦
સકામ કર્મ પ્રેમે કરે, લેશ ધરો ના શંકાયજી;
અર્પણ કરી દો એ મુજને, તે નિષ્કામ ગણાયજી—સાંખ્ય૦
એકજ વૃક્ષ છે બુદ્ધિનું, શાખા દિસે અનંતજી;
કોઇ બનાવે છે રોટલી, કોઇ પકવાન કરંતજી—સાંખ્ય૦
મુદ્દો છે એકજ સર્વનો, આદિ માંહે છે ખેતજી;
મધ્ય છે જેહનું હાથમાં, અંત માંહે છે પેટજી—સાંખ્ય૦
લગામ ધરી મુજ હાથમાં, ઘોડા જાશે તે ક્યાંયજી;
કુદે ને નાચે એ કેટલું, હદથી બહાર ન થાયજી—સાંખ્ય૦

વિરા વેશ્યાન્સ ચારી.

વદે મહા અભિમાની, જે અલ્પ જ્ઞાની, સુંદરવાણી;
જાણે પુષ્પ સમાન—વદે૦
વેદના વાદ વિશે મગ્ન થઇને, બોલે પુષ્પિત વાણ્ય;
ભોગ ઐશ્વર્ય વિણુ છેજ નહીં કાંઇ જગત વિશે નિવારણુ—વદે૦
અનેક વિશ્રયની વાસના ધારી, સ્વર્ગને માની શ્રેષ્ઠ;
બ્હોળીં ક્રિયા કરાવતા તે, જાણે લાગી હોય વેઠ—વદે૦
જન્મને મર્ણું છુટે નહીં તેના, મુક્તિ પણુ નવ હોય;
પક્ષિ ઉડે ત્યાં લગી જેમ, પાંખ વિશે બળ હોય—વદે૦
ક્રિયા કરે અનેક ધા પણુ, આશા જો તેની ન જાય;
બળદ ઘાણીનો બહુ ફરે પણુ આખર ત્યાંનો ત્યાય—વદે૦
ભોગ અને ઐશ્વર્ય વિશે વળી, જેહની વૃત્તિ જાય;
નીચની વાણી સાંભળવા થકી, બુદ્ધિ ચંચળ થાય—વદે૦
ચંચળ બુદ્ધિ થાયજ જેની, ચિત્ત એકાગ્ર ન હોય;
મનમાં કલેશ સદા રહે તેને, સુખ ન પ્રાપ્તજ હોય—વદે૦

કહીં વાલીકા તોર દિખાના.

ગુણો ત્રણુની સૃષ્ટિ કહાવે, સમતા સુખે, દુખે ધરે—ગુણો૦
ત્રિગુણુ કહે છે વેદ વિશ્રયને, સત્વ રજ તમ, સુખ દુખ સમ;
તેથી રહીત સદા હુતો થાયે—ગુણો૦
સુખની ઇચ્છા જેટલી ધારે, દુખ તેમ હોય, તોડે નહીં કોય;
સુખ દુખની જોડી જણાવે—ગુણો૦
મનનું માન્યું સુખ છે પ્યારા, મનતણું દુખ, લાગે અતિ સુખ;
ભલે સ્વપ્ન વિશે અતિખાવે—ગુણો૦

ખુશી થકી વળી આપી દેવામાં માને અતિસુખ, દિસે અતિ દુખ;
બળાત્કારે જો કોઈ ખુંચાવે—ગુણો૦
ખુશી થકી પણ આપીજ દેવું, બળથકી તેમ, જાણે લોહ હેમ;
સુખ દુખ એ મંન મનાવે—ગુણો૦
બળ હોએ તો શિક્ષા કરાએ, નહીં તો કરે ત્યાગ, બળીયાના બેભાગ;
બળ હીણો તે શાનું બચાવે—ગુણો૦
પાણી થકી ભરપુર તળાવે, સરે જેવો અર્થ, વધુ કરે વ્યર્થ;
ભલે નદી વિશે પણ જાવે—ગુણો૦
મૂળ જો વેદનું જાણી લીયે તો, થાયે અંતજ્ઞાન, ઉપર આવે માન;
ભલે નીચે તે બીજને વાવે—ગુણો૦
આદિમાં પણ એજ છે પ્યારા, અંતે પણ એજ, જેહ દિસે તેજ;
તેનું રૂપ્ય ન જુદું કહાવે—ગુણો૦

બનજારા.

કર્મ કરવાનો તું અધિકારી, પરમાર્થનું કામ વિચારી;
કર્મનો કરનાર તું એક, લાભ લેશે તેનો અનેકજી;
માત તાત પુત્ર પરીવારી—પરમાર્થનું.
ઇચ્છા ફળ તણી નવ રાખો, નહિં કંઈ એમ ન ભાખોજી;
સુખ સર્વનું મનમાં ધારી—પરમાર્થનું૦
કર્મયોગમાં સ્થીરજ થાને, તજફળ ઇચ્છાનું ધ્યાનેજી;
ભલે જીતે કે જાય હારી—પરમાર્થનું૦
એવી સમબુદ્ધિ જે રાખે, કર્મયોગ યોગી તે ભાખેજી;
એવું જાણીને ધીરજ ધારી—પરમાર્થનું૦
કર્મ કરે વિચારી જેહ, રહે મનમાં નહિ સંદેહજી;
વિના વિચારે થાય લાચારી—પરમાર્થનું૦

જે જે કામ ધરે તુજ હાથે, તેમાં બાકી કાંઇ નવ રાખેજી;
કરે પૂર્ણ સમય વિચારી—પરમાર્થનું૦
નિષ્કામ કર્મ ન કોય, પ્રાણી માત્ર સકામમાં હોયજી;
સૃષ્ટિ તણો એ નિયમ ધારી—પરમાર્થનું૦
કરે અર્ધ કામ જો કોય, પશ્ચાતાપ કરીને રોયજી;
એને સકામ કહે નરનારી,—પરમાર્થનું૦
અર્ધ કામ સકામ કહેવાય, કરી પૂર્ણ નિષ્કામ તે થાયજી;
પૂર્ણ સ્વરૂપ મુક્તિનું ધારી—પરમાર્થનું૦
અર્ધ કામે અધોગતિ થાય, પૂર્ણ કામ તે મુક્તિ ગણાયજી;
તેથી ઉદ્યોગ કરવો ભારી—પરમાર્થનું૦
બુદ્ધિ થકી જે ફળને ત્યાગે, જન્મ મર્ણ તેના દુર ભાગેજી;
મળે મોક્ષ રહે ન વિકારી—પરમાર્થનું૦
થાય બુદ્ધિ તણો જ્યાં વાસ, મોહ કાદવ રહે નહીં પાસજી;
સુણ્યા સુણવાના ફળ દે વિદારી—પરમાર્થનું૦
બુદ્ધિ વૈરાગ્યથી સ્થીર થાએ, સ્વર્ગ નર્ક ઇચ્છા નવ થાયજી;
મન ભ્રમિત ન થાએ ભારી—પરમાર્થનું૦
સમભાવ થશે તને જ્યારે, બુદ્ધિ સ્થીરજ થાશે ત્યારેજી;
યોગ કહે એને ધીરધારી—પરમાર્થનું૦

અર્જુન— **સખી પડવાની પડ પ્રીત.**

સમાધિમાં રહેલો જેહ, બુદ્ધિ વાળોરે,
કેમ બોલે ચાલે તેહ, સંશય ટાળોરે;
લક્ષણ કેશવરાય, કહી વિસ્તારોરે,
કેવો તે સ્થીર કહેવાય, કરે શું વ્હેવારોરે.

શ્રી કૃષ્ણ— ઇચ્છા તજી દે સર્વ પોતાના મનનીરે,
રહે સંતોષિ તે સદાય, ન ઇચ્છા ધનનીરે;
કરી છે ઇચ્છા તૃપ્ત, પછી શું ખાશેરે,
જેણે જાણ્યા આત્મારામ, સ્વપ્ન સહુ ભાસેરે.
કરે છતા વ્હેવાર, બીજાને માટેરે,
બાળક હોયે અજ્ઞાન શીખામણ માટેરે;
કક્કાનો ઉપયોગ જ્ઞાની કેમ રાખેરે,
જેને પુસ્તકનું છે જ્ઞાન, અમીરસ ચાખેરે.
રસ્તાથી અજ્ઞાન, પંથ બતાવેરે,
તેમ ધુંટે જ્ઞાની क, પુત્ર સમજાવેરે;
અથીક્ષના પંથ, અજ્ઞાની ગોખેરે,
ક્ષનું થયું જ્યાં જ્ઞાન, પછી કોણ રોકેરે.
જ્ઞાની વાંચે શાસ્ત્ર, રહે આનંદેરે,
અજ્ઞાની વાંચે પાઠ, અતિ આક્રંદેરે;

રાગ એજ.

ભોગવે સુખ અપાર પણ રહે રડતોરે,
વળી દુખ તણો નહીં પાર છતાં એ હસતોરે;
સુખ દુખનો એ દ્વેષ કદી નહીં કરતોરે,
ભલે ભય ક્રોધ આવી જાય ન તેથી ડરતોરે.
કાંતો તેને બ્હાર, કા'ડી નાંખેરે,
અથવા તો ભીતર આપ, સમાવી રાખેરે;
ઘરનો માલીક જેહ, કહો ક્યાં જાએરે,
ભલે રૂડા ભુંડા એહ, રહે ઘર માંહેરે.

ભુંડો પણ ભગવાન પ્રતિ છે મારોરે,
ખું સતિ સદા હું દેહ, કરૂં કેમ ન્યારોરે;
સ્નેહ નહિં કોઇ સાથ, પ્રિય સહુ તેનેરે,
સહુના તે કરે વખાણ દ્વેષ ન જેનેરે.
નથી તેને કોઇ શુભ, અશુભ ન લાવેરે,
સ્થીર બુદ્ધિ તે કહેવાય, રહે સમભાવેરે.

પ્રભાત.

કાચબો અંગ પ્રત્યંગ લે ખેંચીને, ઢાલ જેવો થઇ આપ રહેતો,
વિષયથી ઇન્દ્રીયો સર્વ સમેટી લે, સ્થીર બુદ્ધિ તેને જ્ઞાની કહેતો—કા.
વિષય વિચારના ઘોડા છે દોડતા, ધારેલા માર્ગમાં જ્ઞાની લેતો;
બેસે અજ્ઞાની જો એહને હાંકવા, ખાડમાંહે તેને નાખી દેતો.—કા૦
ઘોડા પણ એજ છે રેન જુદી નહીં, અજ્ઞાની તેહને તાબે રહેતો;
વશ રહે ઘોડલા જ્ઞાનીના હાથમાં, એટલો ભેદ એ બેમાં રહેતો—કા૦
અમલદારને હાથ સિપાઇ છે, ચોર સિપાઇથી ભયમાં રહેતો;
અમલદારને સ્થીર બુદ્ધિ ગણો, ચોર અજ્ઞાનમાં ડુબી રહેતો—કા૦

રાગ—એજ.

વિષયને ત્યાગવા ત્યાગી લાંઘણ કરે તદપિ ન વાસના દૂર જાતી,
ઓળખે આપને આપના અંગને, વાસના આપ માંહે સમાતી—વિ૦
સર્વને જાણીયું અંગ પોતાતણું, સર્વ કરવા છતા કંઈ ન કરતો;
ભોગવે નાર હજાર બ્રહ્મચારી તે, ખાય અપાર અપવાસી તેતો—વિ૦
સૃષ્ટિ નિયમ તણી ઇન્દ્રીયો રોકવી, કાર્ય દુર્ઘટ મને ભાસે એતો;
હઠ થકી લે હરી જ્ઞાનીના જ્ઞાનને, જો નહીં એ સમાધિમાં રહેતો—વિ૦

ભલે કરે યત્ન હઝાર નવ વશ થતી હાથ ઉંચો કરે જોગી લોકો;
વશ કરવા જતા કવશ તે થઇ ગઇ, થાય નીચો નહીં મુકે પોકો–વિ૦
આપને ઓળખી ઇન્દ્રીયો વશ કરે, આપમાં મગ્ન થઇ યોગી રે'તો;
કર્મ કોટી કરે કંઇ ન મનમાં ધરે, સુખને દુઃખ મનમાં ન લેતો–વિ.
સ્થીર બુદ્ધિ એવો મુજને જાણતું, કરૂં સર્વ અકર્તા રહેતો;
સુખ દુખ ભોગવું મનમાં લાવું નહીં, તત્વમસી ઉપદેશ દેતો–વિ૦

પહાડી ગજલ.

ઇન્દ્રિયો જેણે ન તૃપ્ત કરી, રહી ચિંતા ઘણી તેના મનમાં ભરી;
ભલે શું થયું બ્હાર દેખાવ કરી, જેની રોતા રોતા નવ આંખ ઠરી.
ચિંતા કરતા કરતા આ શક્તિ વધી, થઇ કામના અંતર માંહે અતિ;
કામના જ્યારે તૃપ્ત ન તેની થતી, એતો ક્રોધ માંહે પલટાઇ જતી.
ક્રોધ મોહમાં કાંઇ જુદાઇ નથી, તન મનની એ તોડી નાંખે ગતી;
રાવણ જેવાની એમાં મુંઝાઇ મતી, સીતા માટે કરી જેણે લંકા જતી.
મોહ માટે ન પ્રાણની પરવા કરી, સિંહ જીવતા રામે ન મુછ ધરી;
ભટકયા ભગવાન સીતા સીતા કરી, રોતા આંખથી પાણી ન ખુટયું જરી.
રામ રાવણ માંહે ન ભેદ જરી, નિષ્કામતા બંને એ પ્રાપ્ત કરી;
રહ્યો વિભિષણ બ્યંડળ મનમાં ડરી, જેણે ભાઇ સાથે બે ઇમાની કરી.
જીવતા નર્ક મળ્યું રહ્યો મનમાં બળી, એની ચિંતા તો કેમ શકાય કળી;
ભલે શું થયું ભાઇની નાર મળી, માતા ઉપર ભક્તની ઇચ્છા ચળી.
બળેલી લંકાનો થયો ધુતો ધણી; તારી ભક્તિવડે લંકા શુન્ય બની;
રામે ભક્તિ એ તારી બળેલી ગણી, આપી કાચને ખુંચાવી લીધો મણી.

રાગ એજ.

જેણે ઇચ્છાઓ પોતાની તૃપ્ત કરી, ચક્રવર્તી થયા પછી બેઠો ઠરી;

રહ્યો જગતમાં કોઇનો ડર ન જરી, સુખથી પછી મન માંહે શાંતિ ભરી.
શાંતિ મલ્યા પછી દુખ ન રતી, રહેતું અંતર તેનું પ્રસન્ન અતિ;
વશ વિશ્વ થયું થયો ચક્રવર્તી, પછી કરવાનું કંઇ એને બાકી નથી.
કરે સર્વે છતા કંઇ કરતો નથી, પહાડ તુટયો તો ડુંગરનું લેખું નથી;
ભલે ભક્તિ કરે પછી ભાવે અતિ, ઉંદર મારીને બિલાડી થાએ સતી.
આપો આપ થઇ વશ મનની ગતિ, વશ કરવાનું એને રહ્યુંજ નથી;
સ્થીર બુદ્ધિ એને સહુ કહે છે કથી, જશ જક્તમાં જેણે લીધો અતિ.

ગજલ—કવાલી

થયું મન વશ નહીં જેનું, રહ્યું તન દુખમાં તેનું;
રહેના ચિત સ્થીર તેનું, ગયું ના દુખ કંઇ જેનું.
દુખીને છે નહી શાંતિ, ન શોભે ઉરની કાંતિ;
દિસે તેને સહુ ભ્રાંતિ, આરસી શું જુવે અંધિ.
શાંતિ છે સુખમાં પ્યારી, વિના સુખ લાગતી ખારી;
ભલે સમજાવે નરનારી, ન લાગે વાત કો પ્યારી.
કરે આશા સહુ સુખની, ન ઇચ્છા કોઇને દુખની
શોભે કાન્તિ ઘણી મુખની, પુરે જો આશ કોઇ ભુખની
કરે જપ નેમ વૃત ભારી, ભવિષ્યનું સુખ વિચારી
તજે ઘર ગામ ને તારી, બને મોટા એ તપ ધારી
સહે દુખ સુખને માટે, ખેડ સહુ પેટને સાટે
પીએ પાણી સહુ ઘાટે, તોલવા ધર્મને કાંટે
પ્રભુ જે આપ કહેવાએ, તેને છે સુખ ઇચ્છાએ
ગોટી કેમ લેવાએ, નાર પીહેર નવ જાએ.

ગજલ—કવાલી.

કોઇનો વાંક ન દેખાએ, નીયમ સૃષ્ટિનો કે'વાયે
સ્વભાવિક મનને લઇ જાએ, જ્યાં એને સુખ દેખાએ
વાયુ જેમ નાવને ખેંચે, મંન તેમ સુખને લે છે
છતાં દુખ આવીને રહે છે, સુખે જ્ઞાની તેને સ્હે છે
રસ્તો જાણે નહિં સુખનો, કિનારો છે નહીં દૂખનો
ગુરૂ જો માર્ગ દર્શાવે, સીધો તે સ્વર્ગમાં જાવે
એવો કોઇ શિષ્ય જો જાગે, પૂર્ણ સુખ આપીને ભાગે
કિષ્ણુ તે મુજથી માગે જો સુખો સર્વને ત્યાગે
કર્યું છે મંન વશ જેણે, લીધી છે તૃપ્તિ સહુ તેણે
બુદ્ધિ સ્થિર છે સદા તેની, ઇન્દ્રિયો વશ રહી જેની
આળસુ નિંદમાં ભાગે, સંયમી સર્વદા જાગે;
કરે કર્મો સહુ લાગે, ન હિસે યોગ્ય તે ત્યાગે.
સંયમી પ્રેમથી સુતો, જાગે જ્યારે સહુ ભુતો;
પ્રથમ અમૃતનો રસ લૂંટયો, કરી સહુ કામને છૂટયો.
કરવાનું તે કરી લીધું, પ્રેમે અમૃત સહુ પીધું;
પુર્ણથી પુર્ણમાં દીધું, કામ સૌ થઇ ગયું સીધું.

ગજલ—કવાલી.

સાગરનું પાન કરી જાએ, નદીથી કેમ ધભરાએ
સૂર્ય જો આપ થઇ જાએ, અંધારૂં કેમ દેખાએ
સિંહ સાથે કરે વાતો, શું કુતરાથી તે ધભરાતો.
ફરે રંગે થઇ રાતો, મ્હારાજા આપ કહેવાતો
અધુરૂં કામ જે રાખે, ભોજન શી રીતથી ચાખે

ભલે ક્ષુધા ભરે આંખે, શાંતિ ને તે નહીં ઝાંખે
ભરાયું પેટ પૂર્ણ જ્યારે, ફેંકો પતરાળીયો ત્યારે;
ખુશીથી ખેલજો પ્યારે, રહે બાકી નહીં જ્યારે.
રાખી કાચું કોઇ ખાશે. પેટમાં ચુંકતો થાશે;
પાકું જો એ થઇ જાશે, શાંતિ મનની થઇ જાશે.
નિસ્પૃહતા ઠીક તો થાશે અહંતા દુર તો જાશે;
સોગઠી સૌ ઉડી જાશે, શાંતિ મનની થઇ જાશે.
બ્રાહ્મી સ્થિતિ કહી પ્યારા, મળેથી મોહ થાય ન્યારા:
મળે પલ એક સુખ સારા. ગણું હું જુગ હઝાર.

સાખી:—અંતકાળ થતા સુધી મળે સુખ એ જાણ,
શાંતિમાં તેતો રહે પામે બ્રહ્મ નિર્વાણ;
અધ્યાય બીજો પુરો થયો કૃષ્ણ તણું એ કામ
અર્જુનને સંભળાવીયું સાંખ્ય યોગનું જ્ઞાન.



ॐश्रीमत्स्वामी

आनंदानंद सरस्वती-संगीत.

भगवद्गीता-कर्मयोग अध्याय ३.

અર્જુન— લલિત છંદ.

જ્ઞાન યોગને શ્રેષ્ઠ માનો છો, કર્મનાં ભણી કેમ તાણો છો;
જ્ઞાનથી થયો પૂર્ણ જ્યાહરે, રહ્યું ન કર્મ તો બાકી ત્યાહરે.
આવી વાતથી સંદેહ ના ગયો, બુદ્ધિ મા'રીમાં બ્રહ્મ તો થયો;
નિશ્ચયથી કહો તે હું તો કરૂં, કલ્યાણ માર્ગમાં પાય તો ધરૂં.

શ્રીકૃષ્ણ—

તત્વ જ્ઞાન મેં સાંખ્યનું કહ્યું, કર્મ યોગ તે યોગીનું લહ્યું;
જ્ઞાન યોગને સેવ્ય માનવો, કર્મ યોગ તે સેવક જાણવો.
કર્મ કર્યા વિના જ્ઞાન થાય ના, અનુભવ્યા વિના દુખ જાય ના:
ખડ્ગથી સહુ જગ જીતાય છે, પણ ન વાપરે માર્યો જાય છે.
સંસારમાં સહુ દુખ રૂપ છે, એજ જાણે તે જ્ઞાન ભૂપ છે;
દુખ અનુભવી પાર ઉતરે, ચક્રવર્તીની આણ તો ફરે.
રાજા થયા વિના ભેખ જે ધરે, લઇ સંન્યાસને ભીખતા ફરે;
સમુદ્ર લંઘવા જન્મ તો ધર્યો. અતિ જળ જોઇને પાછો શું ફર્યો.
દુખ સમુદ્રનું શું કહે કથી, સુખ જે પારનું તે દીઠું નથી;
મચ્છ વિંધવા રાજા સૌ ચડયા, ધરી સંન્યાસ ને બેઠા જે પડયા.
દુઃખ સ્તંભનું જાય ના કળી, સુંદર નાર તો ક્યાંય ના મળી;

મચ્છ વિંધિને સુખ દાખવે, દ્રૌપદી મળી દુઃખ ના હવે.
કર્મ કર્યા વિના પ્રાણી ના રહે, મન શરીરને વચનથી લહે;
નિયમ સૃષ્ટિનો તે તુટે નહી, કર્મ કર્યા વિના દુઃખ ખુટે નહીં.
કાર્ય ને વશ કર્મ સર્વ છે, પ્રકૃતિમાં ભર્યો ગુણ ગર્વ છે;
ધ્યાન જેનું ધરે તે તું આપ છે, અંતર ઉર્મીયો તે અમાય છે.
ઇચ્છા અપારજો મનમાં ધારી છે, મંદ બુદ્ધિ તે મિથ્યાચારી છે.
પૂર્ણ કામ તો ગણાય શ્રીહરી, ઇન્દ્રિયો સહુ તૃપ્ત છે કરી;
ચક્રવર્તી થયો ઇચ્છા શું રહી, કરે ભલે છતા તે ગણાય નહી.
ઇન્દ્રિયો વશ આપ થઇ રહે, કર્મ યોગની પૂર્ણતા લહે;
પૂર્ણ થતા સુધી કર્મ તો કરો, દુખ સમુદ્રને પ્રેમથી તરો.
પારમાં કહીં દુઃખ છે નહીં, સૂર્ય પ્રકાશે છે સર્વદા તહીં.

કુંડળીયા છંદ.

તે માટે અરજુન તું, નિશ્ચય કર્મ કર ધીર;
નહિં કરતા કરવું ભલું, છૂટે ભલે શરીર.
છૂટે ભલે શરીર, કર્મ વિણ તે નવ રે'તું;
કર્મ થકી સહુ જ્ઞાન, જ્ઞાન પછી કર્મ ન રે'તું.
ઘડવાનું જે કર્મ, ઘાટ ઘડતા સુધી હોયે;
ઘાટ જ્યાં પુરો થયો, ઘડવાનું કર્મ ન હોયે.
આસુતોષ ભગવાન જે નારાયણ કેવાય;
આરાધન તે માટ છે, જે તું આપ ગણાય.
જે તું આપ ગણાય, સંતોષ પછી નામજ તારૂં;
જેમાં નહિં સંતોષ ભક્તિ તે, બંધન સારૂ.
ભક્તિ થકી હરી ના મળે, પ્રસન્ન ન થાય પોતે;

પ્રણામ છે એ ભક્તિને, મળ્યો હું ને હું હતો તે.
સૃષ્ટાએ સૃષ્ટિ રચી, કર્યા યજ્ઞ તે સાથ;
કર્મ કરી વૃદ્ધિ કરી પ્રસન્ન થયા જગનાથ.
પ્રસન્ન થયા જગનાથ, ગર્ભ સૃષ્ટિમાં ભળીયા;
પૂર્ણ થયા જ્યાં માસ, પ્રજા થઇ બહાર નિકળીયા.
એજ પુરો તમ આશ, પ્રેમથી સેવો એને;
અરસપરસના પ્રેમના, ભગવાન કહે છે જેને.
પૂજો પ્રભુએ પ્રેમથી, વૃદ્ધિ કરવા માટ;
વૃદ્ધિ તે તારી કરે, દઇ અમૃત વરસાદ.
દઇ અમૃત વરસાદ અન્ય પ્રજા ઉત્પન્ન કરશે;
અરસપરસનો પ્રેમ, સદા સુખ સંપત ધરશે.
યજ્ઞ ભાવિક દેવ એ, ભોગો ઉત્તમ દેશે;
મન ગમતું દેશો નહીં તો અણગમતું રહેશે.
વિશ્વ દેવને દઇ બળી; ભોજન ખાએ આપ;
સંતોષ થાએ સર્વને, વળી છૂટે પાંચે પાપ.
છૂટે પાંચે પાપ, જેહ તન મનના લાગ્યા;
અંગો અંગ જ્યાં એક, ભવના સંકટ ભાગ્યા.
દીધા વિણુ બળી ખાયજે, પાપ તેને નડે છે;
દઇને જે કોઇ ખાય, પૂન્યમાં તે જઇ ભળે છે.
ઉત્પત્તિ પ્રાણી માત્રની, અન્ન થકી તો થાય;
વૃષા થકી અન્ન થાય છે, યજ્ઞ થકી વર્ષાય.
યજ્ઞ થકી વર્ષાય, કર્મ વિણુ યજ્ઞ ન થાતો,
તું વિણુ તે નવ થાય, હું વિણુ તું કેમ થાતો.
હુંથી થયો જે શબ્દ, વદ તેને તો જાણો;
થયું હાથથી કર્મ, લખાયા વેદ અને પુરાણો.

દોહરા.

વેદ સહુ જેણે રચ્યા, નથી જોયા તેના હાથ;
અક્ષર પણ જોયા નથી, પ્રેસે વાળ્યો દાટ.
પ્રેસ જો ના હોત તો, ઇશ્વર આવત હાથ;
હમણા ઇશ દેખાય છે, એડીટર સાક્ષાત.
એમનો જન્મ હશે નહીં, મરવાનું નહીં હોય;
એટલો ભ્રમ મનમાં રહ્યો, બાકી બ્રહ્મજ હોય.
લખે ઘડીમાં જેટલું, મુજથી ન વર્ષે થાય;
તેથી જીવ હું તો રહ્યો, ઇશ્વર કેમ થવાય.
દુખે હાથ એ ઇશના, પુષ્પ થકી શું થાય;
જર થકી દબાવીએ. પ્રસન્ન એ થઇ જાય.
નજરાણું લઇ અલ્પ એ, દેશે તને અમાપ;
અનેક એક ઇશ્વર તણી, સહીની દેશે છાપ.
એવું ચક્ર એ ચાલતું, બ્રહ્મતણું કહેવાય;
બ્રહ્મ સેવી બ્રહ્મમાં, પોતે બ્રહ્મ થઇ જાય.
એ ચક્રને સેવ્યા વિના. અક્ષર એક ન થાય;
એડીટર ભગવાનનું, જીવન વ્યર્થ ગણાય.
જેને સેવે જે ધણી, તૃપ્તિ તેથી થાય;
બાકી કાંઇ રહે નહીં, આપ તેજ થઇ જાય.
તેના રૂપ થયા પછી, કરે કર્મ શું તેહ;
કરે ભલે કે ના કરે, રમત ગણાએ એહ.
માટે ઇચ્છા ત્યાગીને, કર તું સઘળા કર્મ;
યુદ્ધ રમત માની સદા, હાર જીતનો ધર્મ.

ખેલ ખેલે જો નહીં, દિવસ તો નવ જાય;
નહીં કરતા કરવું ભલું, પૂર્ણ મોક્ષ જણાય.

—મારા મનમાં.વનમાં—

પૂર્વે જનક કર્મથી સિદ્ધિને પામ્યા છે, વળી અનેક રાજંન—પૂર્વે૦
એવું જાણી કર્મ કરવું ઘટીત છે,[2] જેમ કરે સહુ જંન પૂર્વે૦
લોકતણું સુખ એમાં સમાયું છે, શ્રેષ્ઠ પુરૂષથી થાય;
તેહ કરે તેમ બીજા કરે છે, કરે પ્રમાણ સંજન. પૂર્વે૦
ત્રિલોક માંહે મારે રહ્યું નથી, કર્તવ્ય કર્મ લગાર;
મેળવવાનું મુજને મળ્યું છે, કર્મમાં રહું છું પ્રસન્ન. પૂર્વે૦
આળસથી જો હું કર્મ કરૂં નહીં, સર્વને આળસ થાય;
માર્ગ મારાને સહુ અનુસરતા, સત્ય કહું અરજુન. પૂર્વે૦
વળી જો હું કર્મ કરૂં નહીં તો, નાશ પામે ત્રણ લોક;
વર્ણશંકરનો હું કર્તા ગણાઉં, પ્રજાનું થાય હનંન. પૂર્વે૦

—થયા છોરે પતિ તેજ પ્યારી.—

જેવી રીતે અજ્ઞાની મનુષ્યો કર્મો સહુ કરતા[2],
કર્મો સહુ કરતા, અજ્ઞાની આશક્તિ ભરતા, જેવી૦
એ આશક્તિ ભરી અંતરમાં, દુઃખ થકી રડતા,
સુખ માગે, દુખ આગે, ભય લાગે, પછી ભાગે.
જ્યાં જાએ ત્યાં સુખ દુઃખ આવી નબળાને નડતા. જેવી૦
તેથી ઉલટું જ્ઞાની મનુષ્યો, ઇચ્છા વિણ કરતા;
સહુ માટે, દુઃખ કાટે, સુખ સાટે, ભય હાટે,
હિંમતવાનને સુખ દુઃખ આવી સાક્ષાત કરતા. જેવી૦

જ્ઞાની પુરૂષો અજ્ઞાનીની, બુદ્ધિ ન ફેરવતા,
રહી સાથે, પ્રિય માટે. કરે જાતે, બહુ ભાતે;
સર્વ કર્મમાં સાથ રહી. વિદ્વાન તેમાં ભળતા. જેરી૦

—ગુન ભરી ધુન મોરી સુન પ્યારે—

પ્રકૃતિના ગુણ થકી સહુ થાએ[૨], છતાં અહંકારથી મુંઢ બનેલો જીવ;
હુંજ કરૂં છું કહે જાએ— પ્રકૃતિ૦
પણ તત્વોના ગુણ જાણે તે અહંકાર નહીં ધારે,
ગુણમાં ગુણનું વર્તન થાએ, નથી હું એ કર્તાએ— પ્રકૃતિ૦
પ્રકૃતિના ગુણથી મૂંઢ બનેલા, ગુણના કર્મો કર્તા,
જ્ઞાની કદી નહીં તેને કનડતા, કરતા તેની સહાએ— પ્રકૃતિ૦
કર્મો મુજને અર્પણ કરીને, આત્મ વિશે સ્થિર થાને,
આશા અહં શોક જ્વરને તજીને, યુદ્ધ કરે રણ માંહે— પ્રકૃતિ૦

—દિલદાર યાર પ્યારે.—

મુજ વાતને અનુસારે, જે જે મનુષ્યો ચાલે;
કર્મોથી ના બંધાયે, મુક્તિમાં નિત્ય મ્હાલે.— મુજ૦
જો તે નહીં સ્વીકારે, બુદ્ધિ ના મંદ ભારે;
અવિવેક મૂંઢ ધારે, બંધાય નાશ જાળે— મુજ૦
જ્ઞાની વળી જે હોએ, તત્વોથી જુદા ન્હોએ;
પોતે પોતાનું જોએ, નિગ્રહ ન કાંઇ ચાલે— મુજ૦
તત્વો તણી છે રીતી, સ્વભાવ દ્વેષ પ્રિતિ;
વશ થાય તે અનીતિ, વિઘ્નો અતિ તે આલે— મુજ૦

સ્વધર્મ જે પોતાનો, ભલે હોય ગુણ વિનાનો,
પરધર્મને ન માનો, સુખી જે સ્વધર્મ પાળે.—　　મુજ૦
બીજાનો મ્હેલ જોઇ, ઘર તોડશો ન કોઇ;
ભલે ન ધંન હોઇ, પરધર્મ ભયને આલે—　　મુજ૦

અર્જુનઃ—　　—શાર્દુલવીક્રીડતની રાહ.—

ઇચ્છા નહીં છતાં જાય છે બળ થકી, દોરાઇને પાપમાં;
શાથી તે ખેંચાય છે કહો પ્રભુ મને, શર્ણું છું હું આપના.

શ્રીકૃષ્ણઃ—

રજો ગુણે ઉત્પન્ન થતી તૃષ્ણા, જાણ પ્યારા કામનો;
તૃપ્તિ નવ થતી જ્યાહરે તે તણી, જે હતી આરામની.
આશાજ જેહ અધૈર્યની જાણતું, પુત્ર તેનો ક્રોધ છે,
ધૈર્ય આશા શાંતિ જગ વદે સહુ, સત્ય તે નિરોધ છે;
વૈરી ક્રોધ સંસારનો જ જાણવો, દુષ્ટ તે અપાર છે;
ખેંચે બળથી પુરૂષ અધર્મમાં, પાપમાં તૈયાર છે.
અગ્નિ ગુપ્ત છે ધુમ્રથી વસ્તુમાં, ગર્ભ જાળે જેમ છે;
મલીન દર્પણ મેલથી દિસતું, જ્ઞાન કામે તેમ છે.
વૈરી નિત્ય એ જ્ઞાનીનો જગતમાં, તૃપ્તિ જેની ના થતી;
અગ્નિરૂપ એ જાણવો અતિઘણો, દુષ્ટ કામ દીસે અતિ.

—પુનમચાંદની—

ઇન્દ્રિયો મન બુદ્ધિ તૃષ્ણાના એ સ્થાનછેરે,
જેણે ઢાંકી દીધું જીવતણું સહુ જ્ઞાન;
જેથી ફરતા સરવે ભુલી પોતાના ભાનનેરે—ઇન્દ્રિ૦

માટે ઇન્દ્રિયોને વશ કરીને ચાલવુંરે,
તો તો જ્ઞાન પ્રકાશે પોતે આપો આપ;
મારો તૃષ્ણા નહિં તો કરશે મોટી હાણુનેરે—ઇન્દ્રિ૦

ઇન્દ્રિય શ્રેષ્ઠ શરીરથી, ઇન્દ્રિ થકી મન શ્રેષ્ટ;
મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે, બુદ્ધિથી પરમેશ.

બુદ્ધિ મન ઇન્દ્રિથી ઇશ જુદા નવ જાણવારે;
પગથી માથા સુધી એ સહુ ઇશ ગણાય.
દષ્ટે દેખાએ તે અંગ ઇશ્વરના માનવારે—ઇન્દ્રિ૦

જળ જુદું પાણી થકી, અંગથી ઇશ્વર તેમ;
તે ઇશ્વર પણ તુજ છે, સુવર્ણ કહે કે હેમ;

એવી બુદ્ધિ થકી એ, મન તણી સ્થિરતા કરોરે;
શત્રુ રૂપી તૃષ્ણા તેહ થકી જીતાય;
સમજાવ્યું મેં અરજુન આ સહુ તુજને શાનમાંરે.—ઇન્દ્રિ૦
હરી ૐ તત્સત્ શ્રીમદ્ભગવદ્ગીતોપનિષદેરે;
બ્રહ્મવિદ્યામાં શ્રીકૃષ્ણાર્જુન સંવાદ,
કર્મયોગો નામ તૃતિયો અધ્યાય પુરો થયોરે.—ઇન્દ્રિ૦



ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती संगीत.

भगद्गीता–ज्ञान विभागयोग. अध्याय ४.

શ્રીકૃષ્ણ— —શું નટવર વસંત થઇ થઈ—

આ અક્ષય યોગ પૂર્વમાં મ્હેં સૂર્યને કહ્યો,[૨]
ઇક્ષ્વાકુને કહ્યો, મનુએ સૂર્યથી લહ્યો.— આ૦
પરંપરાથી પ્રાપ્ત એ, રાજર્ષીનો યોગ;
ઘણા કાળથી નષ્ટ એ, દિસે વિના ઉપયોગ.
ભક્ત અરજુન છે તું મિત્ર વળી માહેરા;
પુરાતન યોગ આજ તુજને કહ્યો (તેથી)[૨].— આ૦

અર્જુન—

પ્રથમ જન્મ છે સૂર્યનો, પાછળથી તમ થાય,
યોગ તમે તેને કહ્યો, મુજથી કેમ મનાય.

શ્રીકૃષ્ણ—

મારા તારા જન્મ અનેક થયા છેરે,
પણ જાણે નહીં તું તેહ સહુ મેં લહ્યાછેરે;
જન્મ મરણ રહીત છું, સોનો ઇશ્વર જાણ,
પ્રકૃતિ માયા આશ્રયે, જન્મ હું નિર્વાણ:
જ્યારે જ્યારે પૃથ્વીમાં અધર્મ અતિ થાય છે,
ત્યારે ત્યારે દેહ હુંતો ધારી રહ્યો.— આ૦
રક્ષણ કરવા સંતનું, દુષ્ટનો કરવા નાશ;

ધર્મ સ્થાપન માટ હું, યુગોયુગ જન્મુ ખાસ;
તત્વ થકી દિવ્ય જન્મ મા'રો જે જે જાણતા;
પુનર્જન્મ તેને પછી ના રહ્યા.— આ૦

પ્રીતી કે ભય ક્રોધથી, જ્ઞાન તપથી જાણ;
ભજતા મુજ આશ્રય કરી, સ્વરૂપ મ્હારા માંન;
જેવે ભાવે મુજને ભજે, તેવે ભાવે તેને ભજુ;
ત્રૈલોક મારા માર્ગને અનુસરી રહ્યા— આ૦

ઇચ્છા જેવા ફળ તણી તેતે દેવો સેવ,
કર્મ થકી સિદ્ધિ થશે આ લોકે તતખેવ;
હોય ઇચ્છા આમ્રફળની નીમને ન સેવશો,
ગાય સેવી તત્વમસી દુધ પી રહ્યા (ગીતા) ૨— આ૦

—કોઇ હાલ કહો જા કે—

વર્ણો ચાર સજી છે મ્હેં, ગુણ કર્મના વિભાગે—વર્ણો૦
તે સર્વેનો હું છું કર્તા, અવિકારી તું જાણ;
મને સદા અકર્તા માન, સ્વભાવિક જાણ, સહુ થાએ.—વર્ણો૦
કર્મોના કોઇ લેપે મુજને, નથી ફળ ઇચ્છા જાણ;
એવું થાય જો મ્હારૂં જ્ઞાન, સત્ય તું માન, ન બંધાએ.—વર્ણો૦
એવું જાણી કર તું કર્મો, ધર્મ પિતાનો માન;
કર્યું તેઓએ તેવું જાણ, પૂર્વનું માન, કર્યું ભાવે—વર્ણો૦
કર્મો અકર્મો કોને કહેવા, કવીશ્વરને નહિં ભાન;
તેથી બતાવું કર્મનું જ્ઞાન, થવા નિર્વાણ, તરવાને—વર્ણો૦
સ્તુત્ય કર્મના તત્વને જાણો, નિષિધ શું પરમાણ;
વળી અકર્મને પણ જાણ, ગતિ બળવાન, રહે કર્મે—વર્ણો૦

કર્મ વિશે અકર્મને દેખે, અકર્મ વિશે કર્મ માન;
કરે સર્વ તે બુદ્ધિ માન, યોગી તું જાણુ, અકર્તાએ.—વર્ણો૦
તૃષ્ણા સંકલ્પ વિણ જે કરતા, ધરે નહી અભિમાન
કર્મો બાળી દીયે લઇ જ્ઞાન, અગ્નિ રૂપ જાણુ, પંડીત કહે છે.—વર્ણો૦
કર્મના ફળની ઇચ્છા તજીને, સંતોષ તૃપ્તિ માન;
કરે સર્વ અકર્તા જાણુ, દ્વૈત નવ માન, સમભાવે—વર્ણો૦

—પઢોરે પોપટ રજા રામની.—

આશા ન રાખે કોઇની, નિરાશી જે સદાએ;
સંગ્રહ કંઇ કરતો નથી, ભલે આવે કે જાએ—આશા૦
કેવળ શરીરથી કર્મને, કરતા છતા ન લેપાય;
વિના પ્રયત્ને જે મળે, તેમાં સંતોષ થાય.—આશા૦
સુખ દુખના જે જોડલા, તેથી ના ધબરાય;
અહંકાર જેને છે નહીં, સુખથી ના હરખાય.—આશા૦
સમ રહે સિદ્ધિ અસિદ્ધિમાં, જેની નથી પરવાય;
કર્મ સહુ કરવા છતા, પાપમા ન લેપાય.—આશા૦
સંગ રહીત મુક્ત છે સદા, જ્ઞાન સ્થીર છે જેનું;
યજ્ઞ માટે કર્મ આચરે, પાપ ક્યાં રહે તેનું—આશા૦
અર્પણ તેતો બ્રહ્મ છે, વસ્તુ તેથી ન જુદી;
લેનાર ન્યારો છે નહિં, બ્રહ્મ કેરી વિભુતી—આશા૦
બ્રહ્મે બ્રહ્મને બ્રહ્મ આપીયું, લીધું દીધું ન કાંઇ;
કરવા છતાં કીધું નહિં, બ્રહ્મમાં બ્રહ્મ સમાઇ.—આશા૦

—હાર આ દેખું ડુંગર તણી—

યોગીઓ દેવ ઉપાસતા, કરે યજ્ઞ અપાર;
બ્રહ્મ અગ્નિમાં હોમતા, બળી અનેક પ્રકાર.—યોગી૦

કાન થકી શબ્દ સાંભળી, હામે અંતર માંય;
અંતરથી કોઇ કો'ડીને, શબ્દ માંહે બળાય.—યોગી૦
સર્વ ઇન્દ્રિયોના કર્મને, પ્રાણના વળી સાથ;
જ્ઞાન યોગાગ્નિમાં હોમતા, સંયમથી સાક્ષાત.—યોગી૦
યજ્ઞ કરે કોઇ દ્રવ્યનો, તપ યજ્ઞ અપાર;
યોગથી યજ્ઞ કરે ઘણા, જ્ઞાન વ્રત નિરધાર.—યોગી૦
અપાનમાં પ્રાણ હોમતા, પ્રાણમાં અપાન જોખે;
પ્રાણાયામ અતિ કરી, ગતિ બંનેની રોકે.—યોગી૦
નિયમિત અહાર કોઇ કરે, પ્રાણમાં પ્રાણને નાંખે;
એ સહુ યજ્ઞને જાણતા, પાપ પાસે ન રાખે.—યોગી૦

—ધીક ચુવારે ધીક મુજને—

યજ્ઞ કરતા બાકી જે રહ્યું, અહાર તેનો જે કરતા;
એવા અમૃત ભોજન થકી, બ્રહ્મ ભાવને ધરતા—યજ્ઞ૦
યજ્ઞ કરે નહીં જે જનો, નથી તેનો આ લોક;
આ નહિં તો બીજો ક્યાં રહ્યો, વૃથા છે સહુ શોક.—યજ્ઞ૦
યજ્ઞો છે અનેક પ્રકારના, વેદથી તે જણાયા;
ઉત્પત્તિ એની છે કર્મથી, મુક્તિ માંહે સમાયા.—યજ્ઞ૦
સર્વ યજ્ઞો થકી શ્રેષ્ઠ જે, જ્ઞાન યજ્ઞ ગણાય;
જ્ઞાનમાં કર્મ સહુ રહ્યા, જ્ઞાન મુક્તિ મનાય.—યજ્ઞ૦
પ્રાપ્ત પ્રણામથી થાય તે, પ્રશ્નથી થાય શોધ;
સેવા થકી એ સત્વર મળે, કરે જ્ઞાનીયો બોધ—યજ્ઞ૦
જાણ્યા પછી મોહ ના રહે, મળે દિવ્ય જો ચક્ષ;
સૃષ્ટિ જણાશે તુજમાં, સૃષ્ટિમાં તું પ્રત્યક્ષ.—યજ્ઞ૦

—જાગ્યને જાદવા કૃષ્ણ ગોવાળીઆ—

પાપીમાં પાપી તું જો હશે અતિ ઘણો, જ્ઞાન નૌકા થકી પાર જાશે;
અગ્નિ જેમ કાષ્ટને જ્ઞાન તેમ કર્મને, જ્ઞાનથી કર્મ સૌ ભસ્મ થાશે. પા.
જ્ઞાન સમાન પવિત્ર બીજું નથી, જગતમાં જ્ઞાનને શ્રેષ્ઠ જાણો;
કર્મથી જ્ઞાનની સિદ્ધિને પામતા, કર્મથી જ્ઞાન જુદુ ન માનો.—પા.
નિયમમાં ઇન્દ્રિયો રાખી તત્પર થઈ, શ્રદ્ધાથી કર્મ અભ્યાસ ધારો;
અભ્યાસની પૂર્ણતા જ્ઞાન ગણાય છે, જ્ઞાન એ શાંતિનો લાભ સારો. પા.

—ગીરધારીરે વાત કહું તે વિચારો.—

અજ્ઞાનીરે શ્રદ્ધા વિનાનો જેહ, નાશ સત્વર પામે તેહ;
સુખ છે નહીરે સંશયીને આ લોકે, નથી માન એને પરલોકે.—અ૦
જેણે યોગથી કર્મને ત્યાગ્યારે, સંશયો સહુ જ્ઞાનથી ભાગ્યારે;
જે છે આત્મ નિગ્રહમાં જાગ્યારે, એવાનેરે કર્મો ન બંધન કરતા;
શાંતિમાં સદા તે વિચરતા—અજ્ઞાની૦
અજ્ઞાનીને સંશય થાયરે, વિના જ્ઞાન એ ઉરથી ન જાયરે;
કર્મ વિના ન તેહ છે દાયરે, એવું જાણીરે કર્મ યુદ્ધને બેદો.
સંશય રૂપી કૌરવ છેદો—અજ્ઞાની૦
હરી ૐ તત્સદ્‌ભગવદ્‌ગીતારે, બ્રહ્મવિદ્યા ઉપનિષદ્‌પુનિતારે;
કૃષ્ણ અર્જુન સંવાદ સરીતારે, યોગશાસ્ત્રેરે જ્ઞાન વિભાગનો ગ્રોગ
થયો ચાર અધ્યાયનો જોગ.—અજ્ઞાની૦

ॐ श्रीमत्स्वामी.

आनंदानद सरस्वती संगीत.

भगद्गीता–सन्यासयोग अध्याय ५.

અર્જુન— —ગીતી—

નિશ્ચય કરી કહો મુજને, કર્મ કરૂં કે ત્યાગ કરૂં તેનો;
શ્રેષ્ઠ શું છે મુજ માટે, કહો મને તે સંશય છે જેનો

શ્રીકૃષ્ણ—

પોતે પોતાના ધર્મે, કર્મ યોગને કર્મ ત્યાગ સારા;
તો પણ તારે માટે, ઉત્તમ ભાસે કર્મ યોગ પ્યારા;
ઉત્પત્તિ જેની ન જગમાં, ત્યાગ કહે શી રીતે થશે તેનો
થાતાં કર્મો તુજથી, કરનારો તું ત્યાગ કરે જેનો;
કર્મ દ્વેષ ન ધારે, ઇચ્છા પણ નથી કર્મતણી જેને;
એહ સ્વભાવિક થાએ, કહે સંન્યાસી એવું જાણે તેને;
સુખ દુખ આવે જાએ, શર્દી ગર્મી ધર્મ કરે તેનો;
વૃષ્ટિ તે વરસાવે, માને દુઃખ પણ લાભ અતિ જેનો;
યોગ ત્યાગ ને જુદા, બાળક કહેતા પંડીત નવ બોલે;
કોઇમાં પણ સ્થિર થાતાં, મળે લાભ તે બેના સમતોલે;
સાંખ્ય થકી જે મળતું, યોગ થકી પણ તેજ પ્રાપ્ત થાએ.
યોગ ત્યાગ ન જુદા, જળથી પાણી અળગું નવ થાએ;
કર્મ કર્યા વિણ ત્યાગે, વિચિત્ર અતિ એતો મુજને ભાસે;
મુળમાં ભાઇ કુંવારા, કઇ નારીને પીહેર પરહરશે;

યુદ્ધ કર્મ કર પૂરૂં, પુર્ણું યએથી ઉભું નવ રહેશે;
ત્રિગુ ત્યાગે દૂર થાશે; અર્ધ રહેથી દુઃખ અતિ દેશે;

—સામળીયાલાલ—

કર્મ યોગીને મનથી ત્યાગી સદાએ માની લીજીએ[૨];
જે છે કર્મયોગ કરવાવાળો, ઇન્દ્રિજીત શુધ બુદ્ધિવાળો;
બહુ બળ છળ ને વળી કળવાળો.—કર્મ૦
પ્રાણી માત્રના આત્માને, પોતાના આત્મા સમ જાણે;
નહીં દ્વેષ પ્રિતિ ઉરમાં આણે.—કર્મ૦
પુન્ય પાપ દુખ દિયે શાને, ભય એનો ચોર ઠગારાને;
ભય નોકરનો નહિં રાજાને.—કર્મ૦
પૂર્ણ તત્વ જન જે જાણે. જોનારી આંખોને માને;
જીભ તો સ્વાદ લઇ જાણે.—કર્મ૦
સાંભળનારા તો છે કાને, ત્વચા સ્પર્શ કરી જાણે
સુગંધી નાકતણું સ્થાને.—કર્મ૦
સુતા વદતા લેતા દેતા, દષ્ટિ થકી વળી જોઇ રે'તા
કર્તા પોતાને નહિં કહેતા.—કર્મ૦
ઇન્દ્રિયો કામ કરે તેનું, લેપન મુજને છે નહીં એનું;
હાથ લીયે મ્હોં દે શેનું,—કર્મ૦

—આશાવરી—

પુરૂષ જે બ્રહ્માર્પણ કરતા[૨] ઇચ્છા ન ફળ તણી ધરતા.—પુરૂષ જે૦
કમળ પત્રને લેપ ન થાયે, જળનો સંગ કરતા;
ઇચ્છા વિણુ કદી પાપ ન આવે, કર્મો ભલે કરતા—પુરૂષ જે૦

ફળ ઈચ્છાનો ત્યાગ કરીને, કર્મો આચરતા;
તન મન ધનથી બુદ્ધિ વડે નીજ, અંતર શુધ કરતા.—પુરૂષ જે૦
તજવા યોગ્યનો ત્યાગ કરીને, શાંતિ સુખે ધરતા;
કદળી ફળને ખાવા કાજે, છાલ તેની દુર કરતા.—પુરૂષ જે૦
મુર્ખ મનુષ્યો આશક્તિથી, ભ્રમ જાળે પડતા.
વિદુર માફક ગર્ભ તજીને, છાલ પ્રભુને ધરતા.—પુરૂષ જે૦
સર્વ કર્મને મનથી ત્યાગી, સુખમાં વિચરતા;
નવે દ્વારમાં વસતો દેહી, કર્તા ન કારવતા.—પુરૂષ જે૦
લૌકિક કાર્યો અને કર્તવ્યો, પ્રભુ નહીં સૃજતા;
કર્મ સહીત ફળના સંયોગો, આપ આવી મળતા.—પુરૂષ જે૦
ઈશ્વર કોઇને પાપ ન આપે, પુન્ય નથી હરતા;
અજ્ઞાનથી જ્ઞાન ઢાંકી દઈ જીવ, અગ્નિમાં પડતા.—પુરૂય જે૦
જ્ઞાન નિંદ્રાનુ બાણ મારીને, રાત તિમિર હરતા;
અંધારૂં ઉંઘમાં મુકીને, દર્શણ સૂર્યનું કરતા.—પુરૂષ જે૦

—આશાવરી—

જ્ઞાની બુદ્ધિ વિશે રમતા[૨] ધરે તે આત્મ વિશે સમતા.—જ્ઞાની૦
પુર્ણ બ્રહ્મમાં પ્રેમે મળ્યાથી, જ્ઞાન થકી સહુ પાપ બળ્યાથી;
ભવમાં નહિં ભમતા.—જ્ઞાની૦
બ્રાહ્મણ ગાય હાથી કુતરામાં, વિદ્વાન કે મુર્ખ અને નમ્રતામાં;
જ્ઞાની ધરે સમતા—જ્ઞાની૦
મંન એવું જેનું સ્થિર થયું છે, સ્વર્ગજ તેને આ જગમાં રહ્યું છે;
બ્રહ્મમાં વિચરતા.—જ્ઞાની૦
પ્રિય પ્રાપ્તથી તે નવ હરખે, અપ્રિય જોતાં તે નહીં ડરપે;
અમૃત તે જમતા.—

—ખટક રહી આ મૃગ નયનીને—

આત્મ સુખો સમ સુખ સહુ ભાસે, આશક્તિ વિણુ આ જગમાં;
અક્ષય સુખ મળતા સહુ તેને, એક થએથી બ્રહ્મ યુગમાં
સ્પર્શ થકી થાતાં જે સુખો, મુળ દુખના તેને જાણી;
આદિ અંતવાળાં સમજીને, તેથી રમતા નહિં જ્ઞાની.
કામ ક્રોધથી થાતા વેગો, સહન કરીને નવ ડરતા;
શરીર છતાં પણ મોક્ષ ગણ્યાએ, સુખમાં રહીને વિચરતા.
અંતર જ્ઞાન પ્રકાશે જેનું, અંતરમાં સુખને આરામ;
યોગી બ્રહ્મમાં એક થઇને, આનંદથી રહેતા બ્રહ્મધામ.

—શાર્દુલવિક્રિડિત—

જેના પાપો છે નહિં જગતમાં, દ્વૈત ભાવ દીસે નહીં;
પ્રાણી માત્રના હીતમાં રત રહી, દુખ એ માને નહીં.
કામ ક્રોધ જેને નથી ચિત્તમાં, ચિત્ત જનું વશ રહ્યું;
શ્રીહરી નારાયણુ આત્મ જાણી, નિર્વાણુ પોતે ગ્રહ્યું.
બાહ્ય વિશયો સહુ બ્હાર કરીને, દષ્ટિ ભ્રુવોમાં ધરી;
પ્રાણા પાન ગતિ સમાન કરીને, ઇન્દ્રિયો વશ કરી.
નહિં ઇચ્છા ભય ક્રોધ જ્યાં મનમાં, દુઃખ તેને ક્યાં રહ્યું.—શ્રી૦
ભોક્તા હું છું યજ્ઞને તપ તણો, સર્વ લોક મહેશ્વર;
પ્રાણી માત્રનો મિત્ર જાણી મુજને, સર્વદા શાંતિ ધર;
બહિરાંતર હું વ્યાપ્ત છું સર્વમાં, સર્વ રૂપે હું રહુ.—શ્રી૦
હરી ૐ તત્સત્શ્રીમતી ભગવતી, ગીતા ઉપનિષદે
બ્રહ્મ વિદ્યાયોગ શાસ્ત્રમાં કૃષ્ણુને, અર્જુન સંવાદ જે;
સંન્યાસયોગ પુરો થયો જ્ઞાનનો, પંચાધ્યાયે જે કહ્યું;
શ્રીહરિ નારાયણુ આત્મ જાણી, નિર્વાણુ પોતે ગ્રહ્યું.

ॐश्रीमत्स्वामी

आनंदानंद सरस्वती–संगीत.

भगवद्गीता-अध्यात्मयोग अध्याय ६.

શ્રીકૃષ્ણ— —દર્શનબિન નેના તરશે.—

ઇચ્છા વિણુ કર્મ જે કરતો,[૨] કરવા યોગ્ય તે કર્મ કરીને;
ફળ ઇચ્છા નવ ધરતો—ઇચ્છા૦
તેજ સંન્યાસી તેજ છે યોગી, રાખે અગ્નિ ભલે રહે ભોગી;
અથવા કાંઇ ન કરતો—ઇચ્છા૦
સંન્યાસ કહે છે જેને, જાણુ યોગ તું તો તેને;
સંકલ્પના ત્યાગ વિના યોગી ન કદી થવાએ;
નથી યોગ સંન્યાસથી જુદો—ઇચ્છા૦
સંકલ્પનો ત્યાગ કરી, રાંધવાનું કર્મ ધરી;
ભોજન સુખેથી કરી, પેટમાં શાંતિ ભરતો.—ઇચ્છા૦
તૃપ્તિ જ્યારે પુર્ણ થઇ, આશક્તિ રહી ન કાંઇ;
સંકલ્પની જગા નહીં, યોગા રૂઢ તેને ઉચરતો—ઇચ્છા૦

—આશાવરી—

મનની સૃષ્ટિમાન, જગતમાં–મનની;
એજ મનુ ભગવાન, જગતમાં—મનની૦
મનથી રાજા મનથી પ્રજાએ, મનથી સ્વર્ગ સુજાણુ;
અનેક લોક મનથી કલ્પાએ, શ્રેષ્ઠ એને તું જાણુ—જગતમાં૦

મનથી વેદો મનથી શાસ્ત્રો, મનથી પુરૂષ પુરાણુ:
શત્રુ મિત્ર મનથી કલ્પાએ, મનનું જ્ઞાન પ્રમાણુ—જગતમાં૦
પ્રેમ થકી એ મન જીતાએ, થાએ મિત્ર સમાન;
વિના પ્રેમ એ દુર મન થાએ, જો તું દુશ્મન જાણુ—જગત૦
મન માંહે જો અન્ન મળે તો અન્ન મંન સમાન;
શાત રહે ઠંડી ગરમીનાં, સુખ દુખ માન અમાન—જગતમાં૦
અંન રૂપ જો મંન થાય તો, ભુખ તણું નહિં ભાન,
તૃપ્તિ અંનથી જુદી ન જાણો, નામજ એનું જ્ઞાન—જગતમાં૦
ભુખ તરસ પાડે નહીં જેને, તેને સર્વ સમાન;
દઢ વ્રત ધારી ઇન્દ્રિ જીતએ, કહે ચતુર સુજાણ—જગતમાં૦
સ્નેહી મિત્ર શત્રુ ને દ્વેષિ, કોઇ નહીં દીલજાન;
સગા સબંધી સાધુ પાપી, જાણે સર્વ સમાન—જગતમાં૦
સૃષ્ટિ સર્વે મંન તણી છે, એજ મનુ ભગવાન;
અનેક રૂપ કલ્પ્યા છે જેના, સતરૂપ આ મન જાણુ—જગત૦

—રઘુપતી રામ રૂદેમાં—

એકાંતે મન સ્થિર કરી બેસોરે, આશા લોભ કદી નવ લેશોરે;
યોગી નિરંતર યોગમાં રહેશો, છબી ઉરથી હરીની ધારીરે.
નહીં ઉંચા નહિં બહુ નીચેરે, દર્ભ મૃગ ચર્મને વસ્ત્ર લીજેરે;
એવું નિશ્ચળ આસન કીજે—છબી૦
ઇન્દ્રિયો તણા વિચાર રોકીરે, રાખો સીધા શરીરને ડોકીરે;
દૃષ્ટિ નાક દાંડી પર જોખી,—છબી૦
આસપાસ ન વૃત્તિ રાખોરે, વ્રત બ્રહ્મચર્યનું દઢ રાખોરે;
બેસી સ્થીર મને પછી જાંખો—છબી૦
નિરંતર મન આરામાં જોડીરે, આશા તૃષ્ણા સહુ ઘો છોડીરે;

રહો શાંતિ નિર્વાણમાં પો'ડી—છબી૦
નિંદ્રા અહાર અતિ જે કરતારે, નિરાહાર નિંદ્રા નહીં ધરતારે;
તેના યોગમાં વિઘ્નો નડતા,—છબી ઉરથી૦
યુક્ત અહાર વિહારમાં રહેતારે, નિદ્રા જાગ્રણનો નીમ લેતારે;
તેના યોગમાં દુખ ન રહેતા—છબી૦
ચિત્ત આત્મ વિશે સ્થિર હોયરે, કામના જેના ઉરમાં ન્હોયરે;
યોગારૂઢ કહે સર્વ કોય—છબી૦

—શાંવરા મત મારો પિચકારી—

યોગી યોગા રૂઢ ત્યારે કે'વાએ, ચિત્ત છે જેનું વશમાં સદાએ;
પવન વિનાના સ્થાનની માંહે, જેમ દિપક સ્થીર થાએ.
તેમ વિચારો સ્થીર થાય તો, આત્મ જ્યોતિ જણાએ;
વળી મન સંદેહ જાએ—યોગી૦
સંદેહ જેના મનમાં ન થાએ, દુખ શું તેને ગણાએ;
એ સુખ ઇન્દ્રિથી વરણ્યું ન જાએ, બુદ્ધિમાં જે અનુભવાએ;
બીજાને કેમ દેખાએ—યોગી૦
સુખ એવું બીજું છે નહિં જગમાં, ઉપમા કોની અપાએ;
એવા ચૈતન્યનો અનુભવી યોગી, જગમાં કેમ લોભાએ;
સિંહ જેમ તૃણુ ન ખાએ—યોગી૦
દુઃખ થકી કદી ડરતો નથી એ, સુખથી ના હરખાએ;
સ્પર્શમણી જેની પાસે રહ્યો છે, લોહ સુવર્ણ દેખાએ;
ધાતુ અન્ય કંઇ ન જણાએ—યોગી૦
એક સમે સહુ સૃષ્ટિના લોકો, અરજી કરવાને જાએ;
અંધાર દુઃખ આપે અતિસે, સાજા કરો સૂર્ય સૂએ;

સૃષ્ટિમાં કેમ રહેવાએ—યોગી૦
એવું સુણી શ્રી સૂર્યજી ચાલ્યા, આવ્યા સૃષ્ટિની માંહે;
સૃષ્ટિ સર્વે ફરી વળ્યા પણ, અંધારૂ નવ દેખાએ;
લોક સહુ જુઠા મનાએ—યોગી૦
સૂર્ય કહે છે હું નવ જાણું, અંધારૂ કોને કહેવાએ;
પકડીને લાવો મુજ પાસે, શિક્ષા કરૂં તેને આંહે;
લોક સહુ લેવાને જાએ—યોગી૦
અંધારૂ સર્વે પકડીને લાવ્યા, ઢાંકીને છેડા માંહે;
જુઠા જુઠા સહુ સૂર્ય વદે છે, છેડો ઉઘાડયો જ્યાંહે
ફજેતી લોકની થાએ—યોગી૦
જ્ઞાન રૂપી સૂર્ય પોતે જણાતા, અજ્ઞાન કેમ દેખાએ;
સુખ દુઃખ પ્રેમથી સાથે રહેતો, આનંદાનંદ જણાએ;
નિશ્ચય મનનો થઇ જાએ.—યોગી૦

—બટવા ગુંથન હેરે બીજવા—

કામનાઓ સર્વ ત્યજી દેરે, ઓ મનવા—કામનાઓ૦
યોગ ઇચ્છા ધારીઓ પ્યારા સજનવા—કામનાઓ૦
ધીમે ધીમે સ્થીર બુદ્ધિને ધારી, વિચારો દૂર કરી દે;
ઇન્દ્રિયો સર્વે નિયમમાં લાવી, આત્મામાં સ્થીર કરી દે.—યોગ૦
ચંચળ ચિતડું ચળીત થઇને, અન્ય વિચારોમાં વહે;
મંત્ર રૂપી એક ખીલો ઠોકીને, દોરી ધ્યાનની લગાવી દે—યોગ૦
વાદ વિવાદનું ઘાસ તજીને, ગાય સનમુખ ધરી દે;
પ્રેમની તામડી હાથમાં ધરીને, શાંતિનું દુધ પીલે—યોગ૦
ધોળા કાગળમાં કાળા અક્ષરને, સુરજ ઓળખી લે;
કાળા વાદળમાં સોહે સુરજ, પ્રકાશ માની લે.—યોગ૦

તારી દૃષ્ટિનો ત્યાગ કરીને, મ્હારી તું દૃષ્ટિ લે;
મજનું સમાન જો દૃષ્ટિ થઇ તો, લયલી એજ પરી છે—યોગ૦
એવી રીતે સમદૃષ્ટિ કરીને, સર્વમાં આત્મા લે;
આત્મામાં સર્વ ને સર્વમાં આત્મા, સર્વજ આત્મા છે—યોગ૦
સર્વને હુંમાં નિહાળે જન જે, સર્વમાં હુંને લહે;
તેનાથી કદી હું દૂર નહીં રહે તો, હુંથી તે કેમ દૂર રહે—યોગ૦

—શામ કલ્યાણ—

સર્વમાં રહેલા હુંને ઓળખી લે પ્યારા—સર્વ૦
એકતાનો આશ્રય કરીને, હુંને ભજનારા;
સ્વઇચ્છાએ વર્તે તોએ, કર્મો થાય મ્હારા—સર્વ૦
સુખ દુઃખ પણ પોતાને જાણે, હુંથી નહીં તે ન્યારા:
યોગી વિશેષણ હુંને જાણે, વિશેષ્ય કરીને સારા.—સર્વ૦
હું યોગીથી અન્ય નથી કંઇ, આ જગત સૃજનારા;
બીજ સર્વનું હુંને જાણે, વૃક્ષ ન હુંથી ન્યારા.—સર્વ૦
થડ ડાળા ને પત્ર પણ હું છું, પુષ્પ ફળો સહુ મારા;
વ્યવ્હાર સૌના જુદા જુદા, જેમ રૂપ આકારા.—સર્વ૦

અર્જુન— —ભૈરવ.—

ચંચળ મન નિશદિન ભટકી રહ્યું[૨] ભટકી રહ્યું ભટકાવી રહ્યું.—ચં૦
ચંચળપણાને લીધે, સ્થીરતા ન કદી દીધે;
સુખ દુઃખમાં શીર પટકી રહ્યું.—ચંચળ૦

શ્રીકૃષ્ણ—

ચંચળ કઠણ અતિ, વશ થાવું રહેલ નથી;

અભ્યાસ વૈરાગ્યથી જાએ ગ્રહ્યું—ચંચળ૦
કઠણુ છે યોગ અતિ, મન જેનું વશ નથી;
પ્રયત્ન કરે તેને માની રહ્યું.—ચંચળ૦

અર્જુન— —સોહીણી.—

શ્રદ્ધા જેને છે અતિ પણ યોગથી ચળી રહ્યો;
યોગ પૂર્ણ થયા વિના કયાં તે જઇ ભળી રહ્યો—શ્રદ્ધા૦
સ્થીર મન જેનું નથી, બ્રહ્મ માર્ગમાં પણુ મુંઢ છે;
માર્ગ બેથી ભ્રષ્ટ થઇશું. નાશ તેનો થઇ રહ્યો—શ્રદ્ધા૦
દૂર સંશય કીજીએ હરી, આપ છો મા'રી ગતિ;
વૃષ્ટિ વિનાનું બીજ જાણો, પાર ફળનો ના લહ્યો—શ્રદ્ધા૦

શ્રીકૃષ્ણ—

નાશ તેનો છે નહીં, આ લોક કે પરલોકમાં;
શુભ કર્મ કરવા થકી, રહેતો નહીં તે શોકમાં—નાશ૦
યોગથી જે ભ્રષ્ટ થાએ, સ્વર્ગ માર્ગે જાય છે;
દીર્ઘ કાળે આવી ઉત્તમ ગ્રહ વિશે શો ભાય છે.—નાશ૦
અથવા જ્ઞાનીયોના કુળમાં, જન્મ તેનો થાય છે;
તદપિ આ સંસારમાં દુર્લભ અતિ ગણાય છે.—નાશ૦
પૂર્વ બુદ્ધિ દેહની તે ફૂળ માંહે પામતા;
પ્રયત્નથી સંપૂર્ણ થઇને, મોક્ષમાં વિરામતા.—નાશ૦

—સીંધાનો કનરો—

યોગ જીજ્ઞાસુ શબ્દ બ્રહ્મ પામે, પૂર્વ અભ્યાસની અભ્યાસની
અપૂર્ણતા વામે—યોગ૦

અંત થકી યત્ન કરતો તે યોગી, અંતર શુદ્ધ કરીને વિરામે—યોગ૦
અનેક જન્મની સિદ્ધિને પામી, અંતે જઇને રહે મોક્ષ ધામે.—યો૦
તપસ્વીયો થકી શ્રેષ્ઠ છે યોગી, જ્ઞાનવંત એને શીરનામે.—યોગ૦
કર્મી થકી પણ અધિક ગણાએ, એવો યોગી તું થા અરજુને.-યો૦
શ્રદ્ધા થકી મન મુજમાં ધરીને, ઉત્તમ યોગી ધરે મુજ ધ્યાને—યો૦
હરી ૐ તત્સત્ ભગવદ્‌ગીતાએ, ઉપનિષદ્ બ્રહ્મવિદ્યા ધામે—યોગ૦
યોગશાસ્ત્રે કૃષ્ણાર્જુન સંવાદે, ષષ્ઠો અધ્યાય અધ્યાત્મ યોગ નામે—
યોગ૦



ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती संगीत.

भगद्गीता— ज्ञानयोग. अध्याय ७.

શ્રીકૃષ્ણ —પાંલુ—

મુજમાં મન આશક્ત કરીને, મા'રે આશ્રય નિશ્ચય રહીને મુજમાં૦
યોગ કરી કેમ મુજને તું પામે, તે તું સાંભળ ચિત્ત ધરીને—મુ૦
હું તુજને જ્ઞાન વિજ્ઞાન કહું છું, જે સુણી જાણવાનું રહે કંઇ નહીને—મુ૦
સહસ્ત્ર વિશે કોઇ વિરલો યોગી, જાણે મને મા'રી સિદ્ધિ ધરીને—મુ૦
પૃથ્વી જળાગ્નિ વાયુ આકાશે. મન બુદ્ધિ અહંકાર ચિત્ત ધરીને—મુ૦
પ્રકૃતિ મારી આઠ છે એવી, એકમાં ખંડ અનેક ભરી મ્હેં—મુ૦
કનિષ્ટ પ્રકારની પ્રકૃતિ કહી મેં, શ્રેષ્ઠ પ્રકારની કહું વર્ણવીને—મુ૦
જેહ થકી આ જગત જણાએ, જાણતું જીવથી સર્વ ભરી મ્હેં—મુ૦

—જાણવું જરૂર તારૂં કામ છે, વિચાર જીવ—

ત્યાગી દેને નામ જે આ ત્હારૂં છે, એ પાર્થ તું તો—ત્યાગી૦
અર્જુનને ઠામે નામ એક "હું" તું ધારી લે;
અન્ય સર્વે વસ્તુને તું, દૃષ્ટિ થકી ન્યાગી લે;
સર્વમાં "હું" ભિન્ન નહિં તા'રૂ છે,[૨] એ પાર્થ તું તો—ત્યાગી૦
જગત રૂપી માળા તને ગોળ જે દેખાયે;
દોરા પ્રમાણે એ "હું" સર્વમાં લેખાયે;
વૃક્ષ થકી બીજ તે શું ન્યારૂં છે,[૨] એ પાર્થ તું તો—ત્યાગી૦
પાંચ તત્વનું શરીર એ "હું"નું થયું છે;
જ્ઞાની જનોએ નામ, જગત તો લહ્યું છે;
વસ્ત્રથી શરીર તે શું ન્હારૂં છે,[૨] એ પાર્થ તું તો—ત્યાગી૦

વસ્ત્ર તે શરીરના મકાનને તું જાણી લે;
મકાન ગામ શહેર માંહે તું પોતાને માની લે;
જીજ્ઞાથી આ જગ્ત તે શું ન્યારૂં છે.[૨] ઓ પાર્થ તું તો—ત્યાગી૦

પૃથ્વીમાં વસુંછું હું ને હુંમાં પૃથ્વી રે'છે;
પૃથ્વીથી હું ભિન્ન નહિં શાસ્ત્ર સહુ કહે છે;
જેના વિના જગતમાં અંધારૂં છે,[૨] ઓ પાર્થ તું તો—ત્યાગી૦
પૃથ્વી થકી ગંધને અભિન્ન તું તો જાણજે;
ગંધના વિના કપુર દ્રષ્ટે નહીં આણજે;
ગંધમાં કપુર વ્યાપ્ત સારૂં છે,[૨] ઓ પાર્થ તું તો—ત્યાગી૦

તેમ છું અણું અણુંમાં પરમાણું સ્વરૂપે;
આનંદાનંદ જાણ, પરમાનંદ રૂપે;
આનંદથી ન કુષ્ણ નામ ન્યારૂં છે.—ઓ પાર્થ૦

—જલસો—

જળમાં હું વારી રૂપે રહ્યો અક્ષર વેદમાં,
પ્રકાશ છું સૂર્ય ચંદ્રમાં અભેદ ભેદમાં—જળ૦
આકાશ માંહે શબ્દ છું. પુરૂષ મર્દમાં;
પૃથ્વીમાં પવિત્ર ગંધ હું છું ઘાસ દર્ભમાં—જળ૦
અગ્નિ વિશે હું તેજ રૂપ જીવન પ્રાણીમાં;
તપસ્વીઓનું તપ કહાવું, જુવાર ધાણીમાં—જળ૦
બીજ છું પ્રાણી માત્રનું, બુદ્ધિ વિદ્વાનમાં;
તેજસ્વીઓમાં તેજ હું, શક્તિ બળવાનમાં—જળ૦
અધર્મથી રહીત ઇચ્છા પ્રાણી માત્રમાં;
સત્વ રજ ને તમ સ્વભાવ. મારા ગાત્રમાં—જળ૦

તે સર્વથી પણ શ્રેષ્ઠ છું, રહું ન તેહમાં;
આનંદાનંદ પૂર્ણ વ્યાપ્ત, મુજ દેહમાં—જળ૦

—તોલક—

જગ આખું ત્રિગુણેથી મોહી રહ્યું—જગ૦
મોહી રહ્યું, ભાન ખોઇ રહ્યું—જગ૦
ગુણોથી શ્રેષ્ઠ છું તેને તો કદી જાણે ના,
નાશથી રહીત છું એવું તો વળી માને ના;
ત્રિગુણી દૈવી મા'રી માયાને તરે શાના,
તરી ગયા જેણે મારૂં તુંબડું ગ્રહ્યું—જગ૦
જ્ઞાન થયું નાશ જેણે દિલથી જીતી ના માયા,
મૂંઢ નીચ કર્મ કરે સત્સંગજીને નહીં પાયા;
દુષ્ટ સોબત કરી અસુર થઇ સુર ભરમાયા,
એવું માયાનું આવરણ લાગી રહ્યું—જગ૦
દુખી સ્વાર્થી જ્ઞાની મોક્ષની ઇચ્છાવાળા,
એવા ભજતા મને ચાર સદાચારવાળા;
તેમાં જ્ઞાની જાણું શ્રેષ્ઠ ખરા જ્ઞાનની ઇચ્છાવાળા,
શુદ્ધ હૃદય થકી મારૂં શરણું ગ્રહ્યું,—જગ૦
એવા જ્ઞાનીને તો પ્રિય સદા હું લાગું છું,
એને નિશ્ચે થકી આત્મા મા'રો માનું છું;
એનામાં હું રહી એને મારામાં રાખું છું,
સદા સર્વદા એનું હું માનું કહ્યું.—જગ૦

—સામા મહેલમાં શયન કરો તમે—

સર્વ મિતિ વાસુદેવ જે જાણે, તે મહાત્મા દુર્લભરી—સર્વ૦

બહુ જન્મને અંતે જણાએ, જ્ઞાન વાનને જે પ્રાપ્ત થાએ;
અદ્વૈત રસ જેના ઉરમા શોભાએ, તેને એ સુર્લભ રી.—સર્વ૦
ઇચ્છા થકી નાશ પામ્યું છે જ્ઞાન; છોડી મને ધરે અન્યનું ધ્યાન;
પોતાની પ્રકૃતિ માફક બીજા, દેવો છે સુર્લભરી—સર્વ૦
જે જે ભકતો ભજે જે જે દેવોને, શ્રદ્ધા દ્રઢ કરી આપું તેઓને;
શ્રદ્ધા અનુસાર ફળને તે પામે, જે દેવમાં શકિત રહી.—સર્વ૦
અલ્પ લાભ એ જે દેવોથી મળતો, સત્વર નાશ માંહે જઇ ભળતો;
દેવો ભજી દેવ લોકમાં જાએ, (ભકતો) મ્હારા મળે મનેરી.—સર્વ૦
બુદ્ધિહીણા નહીં મુજને જાણે, અવિનાશી ઉત્તમ ભાવ ન આણે;
અવ્યક્ત છું તોએ પ્રગટ માને, છું વ્યાપક સર્વત્ર રી—સર્વ૦
યોગ માયા સમ આવૃત થયલો, સર્વની દ્રષ્ટિમાં હું નથી રહેલો;
મોહીત જન અવિકારી ન જાણે, હું જન્મ રહીત છું રી—સર્વ૦

—જયા દે છેલા ઝાંઝી થઇ છે—

હુંતોરે જાણું ભુત ભવિષ્ય વર્તમાન,[૨] પણ સહુ મુજથી અજ્ઞાન—હું૦
આદિમાં પણ હુંરે હતો ને, નેત્રથી જો વર્તમાન—હું તો૦
અંત વિશે પણ હું છું સદાએ, ભવિષ્યનું મને જ્ઞાન,—હું તો૦
ભૂત વિશે હું બાળક રૂપે, પ્રત્યક્ષમાં છું યુવાન—હું તો૦
અંત વિશે હું વૃદ્ધ જણાવું, હું તો છું એજ ભગવાન.—હુંતો૦
બાળક યુવા વૃદ્ધ થયો પણ, વિકાર નહીં મને જાણ—હુંતો૦
વૃદ્ધ થકી હું બાળક જન્મ્યો, બાળકથી હું યુવાન—હુંતો૦
માત તાતની પ્રેમભક્તિથી, જન્મ તું મ્હારો માન—હુંતો૦
જ્યારે જોવું મને ત્યારે જન્મેલો, અજન્મ એમ તું માન—હુંતો૦
પલેપલે હું મરી રહ્યો છું, શું કરે કાળ નાદાન—હુંતો૦

મરેલાનું કદી મૃત્યુ ન હોએ, મરણ રહીત મને જાણ.—હુંતો૦
આરે સહુ પણ મરેલા જણાએ, કાળના ગ્રાસ સમાન—હુંતો૦
વિના મારે સહુ મરી રહ્યા છે, નિમિત્ત થાવું નિદાન—હુંતો૦

—શાનો ભય કયાં છે ભવસાગર—

બાળપણે જે ઇચ્છા હતી તે આજ રહી નથી બાઇરે;
આજ તણી ઇચ્છા નવ રહેશે, ભવિષ્ય વિશે પણ કાંઇરે-બાળ૦
નિત્ય નવીન ઇચ્છા હું ધારૂં, ઇચ્છા રૂપ તે મ્હારૂંરે;
દ્વેષ પ્રિતિ પણ ઇચ્છા માટે, સુખ છે સહુને પ્યારૂંરે—બાળ૦
જેને જેવા સુખની ઇચ્છા, દ્વેષ પ્રિતિ પણ તેવારે;
દુખ સહે તે સુખને માટે, મનગમતું સુખ લેવારે—બાળ૦
ઇચ્છા દ્વેષથી જોડ થકી જગ, પ્રાણી મોહી રહ્યા છેરે;
પૂર્ણ ઇચ્છા નિજરૂપ જણાતા, શોક ન તેને રહ્યા છેરે.—બાળ૦
પૂન્ય કરે તે પૂર્ણ થવાને, જેથી પાપ ન રહેતારે;
આપ થકી જે અન્ય જણાએ, જ્ઞાની પાપ તે કહેતારે.
એવા પાપનો ત્યાગ કરે તે, નીજ સ્વરૂપને લેવારે
આનંદાનંદ રૂપ જણાતા, ભાવે કરે પછી સેવારે—બાળ૦

—અએ કમજાત પિંગલા.—

જરા મરણથી છૂટવા પ્રયત્ન જે કરે,
આશ્રિત મા'રે થઇ રહે ન દુખ મન ધરે—જરા૦
જાણતા તે બ્રહ્મને, અધ્યાત્મ જ્ઞાનને;
સમગ્ર કર્મ જાણીને, તજે અજ્ઞાનને—જરા૦

જાણી સાધિ ભૂત સાધિ દૈવને વળી;
સાધી યજ્ઞ જાણી, જ્ઞાનમાં રહે મળી—જરા૦
અંતકાળે પણ કદી ન ભુલતા મને;
ભક્ત જાણી માહરા, કહ્યું મ્હેં આ તને—જરા૦
ભગવદ્‌ગીતોપનિષદે શ્રીબ્રહ્મવિદ્યાયામ;
સપ્તમો અધ્યા કહ્યો જ્ઞાન યોગ નામ—જરા૦



ॐ श्रीमत्स्वामी.

आनंदानंद सरस्वती संगीत.

भगद्गीता-अक्षरब्रह्मयोग अध्याय ८.

અર્જુન— —ઇંદ્રસભાની ગઝલ—

તે બ્રહ્મ શું અધ્યાત્મ શું વળી કર્મ કેવું થાય;
અધિભૂત તે કોને કહે, અધિ દેવ કેવું થાય—તે૦
આ દેહમાં અધિયજ્ઞ કોણ કેમ તે જણાય;
ચિત્તના નિયમ થકી શું અંતમાં દેખાય—તે૦

શ્રીકૃષ્ણ—

અવિનાશી જે શ્રેષ્ઠ છે તે પોતે બ્રહ્મ કહેવાય
સ્વભાવ તે અધ્યાત્મ છે જે આત્મજ્ઞાન મનાય—અ૦
પ્રવૃત્તિ જે કરવા થકી. પ્રાણીની ઉત્પિત્તિ થાય,
કર્મ કહે તેને સહુ જે સંબંધ થકી સમજાય;
નાશવાન પ્રકૃતિ મારી, અધિભૂત કહેવાય,
ચૈતન્ય તેને જે દીયે તે, અધિ દેવ ગણાય.—અ૦
ચંકમક તે અધિભૂત જાણો, લોહ છે અધિ દેવ;
એ સંબંધતણા કરનારને કહે અધિયજ્ઞ શ્રીશૈવ—અ૦
અંત કાળે માહેરૂં કોઇ સ્મરણ કરે નર જેહ;
સ્વરૂપ તે મુજ પામતા કંઇ એમાં નહી સંદેહ—અ૦
જેનું સ્મરણ કરવા થકી દેહજ છૂટી જાય;
જીવતા પણ તેને મળે, અંતે મોક્ષજ થાય—અ૦

—લતા આ લીલી વૃક્ષની—

જાણી એવું ત્રિકાળમાં તું ધરી લે મ્હારૂં ધ્યાન—જાણી૦
યોગમાં આરૂઢ થઇ, ચિત્ત કરીને સમાન;
યુદ્ધ હિંમતથી કરે, મળે મુજને સુજાણ—જાણી૦
સર્વજ્ઞ અનાદિ સર્વને, નિયમમાં ધરનાર:
પરમ દિવ્ય તે થઇ જતો, નિરંતરે ધરી ધ્યાન—જાણી૦
સુક્ષ્મ થકી પણ સુક્ષ્મ છે, વળી સર્વનો આધાર;
વિચારમાં નવ આવે તે, પ્રકાશ સૂર્ય સમાન—જાણી૦
અંધકારથી પર વસે, ધરે તું જેનું ધ્યાન;
દૃષ્ટિ ભ્રુમધ્યે ધરી રહે, અચળ મેરૂ સમાન—જાણી૦
પરમ દિવ્ય તે થાય ધારી, નીજ સ્વરૂપનું ધ્યાન;
વેદ જેને ઓળખે, અક્ષર પુરૂષ પુરાણ—જાણી૦
જેને ઇચ્છા એહની, બ્રહ્મચર્ય ધારે તેહ;
રાગ રહીત સંયમ થકી, તે પામે પદ નિર્વાણ—જાણી૦
પ્રિય જાણી મ્હારે, વળી ધારીને કલ્યાણ;
સંદેહ ટાળવા તાહેરા, કહું છું પવિત્ર વાણ.—જાણી૦

—ગજલ પહાડી—

સર્વ દ્વારથી ઇન્દ્રિયો બંધ કરી, મન હૃદય કમળ વિષે રોકી દીયો;
પ્રાણ વાયુને મસ્તકે સ્થીર કરી, ધ્યાન અંતરમાં મુજ ધારી લીયો.
બ્રહ્મરૂપ એકાક્ષર ૐ જપો, વૃત્તિ સર્વને મારામાં જોડી દીયો;
બને શું વધું દેહ તે છોડી ગયો, ગતી ઉત્તમ તેની છે સમજી લીયો.
આસક્તિ અન્યમાં કંઇ ધરતો નથી, માંરૂં સ્મરણ કદી તે વિસરતો નથી;
એવા યોગીને સુલભ હું છું અતિ, મારા માર્ગમાં તે નિત્ય આવી રહ્યો.
માંરા દર્શનની જેને સિદ્ધિ થઇ, દુખ આ જગમાં તેને છેજ નહી;

આશા તૃષ્ણાની દોરી જો છુટી ગઇ, પુનર્જન્મનો ભય પછી ક્યાંથી રહ્યો;
નાશ ઉત્પત્તિ પ્રાણી માત્ર તણી, ભલે દૃષ્ટિ કરો તમે બ્રહ્મા ભણી;
જીવો સર્વને મુક્યા છે માએ જણી, વિના જન્મ હું સર્વની માંહે રહ્યો;
રહું સર્વમાં દૃષ્ટે ન કોઇ લહે, નેતિ નેતિ મને મોટા જ્ઞાની કહે;
ઇતિ ઇતિ કહી નીજ સ્વરૂપ ગહે, ભય મર્ણ તણો નહીં સ્વપને રહ્યો;

—મારા ભાગ્ય તણો નહીં પાર—

જીવોના જુગ હઝાર ગણાય, બ્રહ્માનો દીન એક જ્યાં થાય;
રાત્રિને પણ ઓછી ન જાણો સમાન દીનને રાત,
મુજથી તે કેમ અળગો થાશે, પડી પટોળે ભાત—જીવો૦
દિન આરંભે પ્રગટ થાએ, અવ્યક્ત થકી સહુ તેહ;
અવ્યક્તમાં મળી જાએ રાત્રે, પ્રાણી ચરાચર જેહ—જીવો૦
આવી રીતે ભૂત પ્રાણીનો, પ્રગટી રહે સમુદાય;
રાત્રે બ્રહ્મમાં તે મળી જાતો, દિનમાં તે પ્રગટાય.—જીવો૦
એ અવ્યક્તથી ઉત્તમ બીજું, મ્હારૂં સત્તા રૂપ;
પ્રાણી માત્રનો નાશ થતા પણ પડે નહિં ભવ કુપ—જીવો૦
અવ્યક્ત અક્ષર ધામ ગણાએ, પરમ ગતિ કહેવાએ;
જ્યાંથી કોઇએ પાછું ન આવે, જન્મ મરણ દુર થાએ.—જી૦
આ પરમ પુરૂષ મળવાને માટે, પ્રેમ ભક્તિનું કામ;
જેમાં સર્વે પ્રાણી રહે છે, વ્યાપક ઠામો ઠામ—જીવો૦

—અબતો દુનિયાકા ઘડી—

જેહ કાળે મૃત્યુ પામી જન્મ ધારે ન યોગીયો
બતાવું તને તે સહુ જે, જન્મ મરણના ભોગીયો—જેહ૦

અગ્નિ પ્રકાશ દીન શુક્લ, પક્ષ ઉતરાયણ છ માસ;
પ્રયાણ તેમાં થાય જેનું, જન્મની તેને ન આશ—જેહ૦
ધુમ્ર રાત્રિ કૃષ્ણ પક્ષ, દક્ષિણાયનના છ માસ
ચંદ્ર લોકે થઇને પાછો, મૃત્યુ લોકે થાએ વાસ—જેહ૦
શુક્લ કૃષ્ણ જગતની એ બે ગતિ મનાય છે;
પહેલીમાં જન્મ છે નહીં, બીજીમાં તે ગણાય છે.—જેહ૦
એવી ગતીને જાણીને, ન મોહ પામે યોગીયો.
અર્જુન તેથી ધાર યોગ, બ્રહ્મયોગ જે કહ્યો—જેહ૦
વેદ યજ્ઞ તપ થકી વળી, દાનથી ફળ થાય છે;
આ બે ગતીને જાણીને, યોગી ઓળંગી જાય છે—જેહ૦
બ્રહ્મ વિદ્યા યોગ શાસ્ત્રે, કૃષ્ણાર્જુન સંવાદનો
આઠમો અધ્યાય એ અક્ષર બ્રહ્મયોગ નામનો—જેહ૦

ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती-संगीत.

भगवद्गीता-राजविद्या राजगुह्ययोग अध्याय ९.

શ્રીકૃષ્ણ— —દિલે નાદાન કો હુમ—

ગુહ્ય જ્ઞાન હું તુજને ભણાવી દઉં છું (૨)
જે જાણી અશુભથી મુક્ત થવાએ;
જ્ઞાન વિજ્ઞાન સાથ સમજાવી દઉં છું—ગુહ્ય૦
રાજ ગુહ્ય રાજ વિદ્યા પવિત્ર એ કરનાર છે;
રહસ્યનું રહસ્ય છે ઉત્તમ અતિ ઠરનાર છે.
પ્રત્યક્ષ તેહ જણાય તેવું ધર્મને ધરનાર છે;
સીધું સાદું તે ઘણું વળી નિત્ય તે ટકનાર છે,
ધર્મ પર શ્રદ્ધા ન હોએ કૃષ્ણ ક્યાં મળનાર છે;
તેને શ્રદ્ધાની દોરીથી ધારી હું તારી લઉં છું.—ગુહ્ય૦

—હે...માથે મટુકી લઇ જાઉં—

હે...મારા અદૃષ્ટ સ્વરૂપથી માન, વ્યાપી રહ્યું આ જગ મોહે નિર્વાણ
હે...મારા અદૃષ્ટ૦
સર્વ પ્રાણીનું મૂળ મા'રામાં, તદપિ હું નથી સ્થિત તેનામાં
હે...તુંથી ન્યારો નથી હું સુજાણ—વ્યાપી૦
મૂળ ન કોઇનું મુજમાં, સૌથી ન્યારો જાણ;
તદપિ પોષું તેહને, એ સિદ્ધિ મા'રી માન;
વાયુ રહી કરે ગતી આકાશે, તેમ પ્રાણી સહુ મા'રામાં ભાસે;
હે...પ્રિતે કરી લે અમૃત પાન—વ્યાપી.

—ગજલ—કવાલી.

પ્રાણી સહુ કલ્પને અંતે, પ્રકૃતિ મા'રીને પામે;
આરંભે હું સુજું તેને, અંતમાં આવે મુજ ધામે—પ્રાણી૦

થઇ દાસો સહુ પ્રાણી, પ્રકૃતિને વશી રહેતા;
જન્મ તે વારં વાર લેતા, ફરી બેસે નહીં ઠામે—પ્રાણી૦
કર્મો તે, ના મને બાંધે, નથી તેની મને પરવા;
ઉદાસી છું સદા આપે, વાસના છે નહીં નામે—પ્રાણી૦
સ્થાવર જંગમ જગત કાંવે પ્રકૃતિ મા'રી સરજાવે;
નિયમ સૃષ્ટિનો એ ચાલે, પ્રવૃત્તિ જગતની જામે—પ્રાણી૦
મનુષ્ય તનમાં રહેલો હું, ન જાણે મુર્ખ જે લોકો;
ઇશ્વર છું સર્વ પ્રાણીનો, છતાં નહી મુજને માને—પ્રાણી૦

—સોહીણી—

વ્યર્થ આશા, વ્યર્થ કર્મો, વ્યર્થ જ્ઞાનજ મૂઢના;
તે દાસ છે અસુર જેવી, પ્રકૃતિ મ્હારી ગુઢના—વ્યર્થ૦
દૈવી પ્રકૃતિને ગ્રહીને, મહાત્મા ઉપાસે મુજને;
જાણી કારણ રૂપ સૌનું, રહેતા ચોગા રૂઢમાં—વ્યર્થ૦
કીર્તિ ગાતા નિત્ય મ્હારી, નિયમ દ્રઢ કરી પાળતા;
ભક્તિ થકી નમતા મને તે, પ્રેમથી ઉપાસતા—વ્યર્થ૦
જ્ઞાન યજ્ઞ કરીને કોઇ, ભજતા રૂપ અનેકથી;
સર્વ રૂપો મ્હારા જાણો, અનેક છે તે એકથી—વ્યર્થ૦

—પ્રાણ પ્યારી ઉઠ તું—

ઔષધ મંત્ર હવંન હું છું, યજ્ઞ કર્તા આપ છું;
હોમ અગ્ની ઘી અને, હવિષ્યાન્ન મુજને જાણ તું.—ઔષધ૦
પિતા માતા જગતનો, રક્ષક પિતામઃ ને વળી;
ૐકાર ઋગ સામવેદને, યજુર્વેદ પોતે આપ છું—ઔ૦
પતિ પ્રભુ સાક્ષિ અને, માર્ગ સ્થળ કહે છે મને;
મિત્ર ઉત્પત્તિ નાશ શરણું, બીજ અવ્યય આપ છું.—ઔ૦

વર્ષાદ આપું ન આપું ને, સૂર્ય થઈ તાપી રહ્યો;
અમૃત મૃત્યુ સત્યને, અસત્યમાં હું વ્યાપ્ત છું—ઐ૦

—દિલદાર યાર પ્યારે—

ત્રણુ વેદને જે જાણી, સોમ રસનું પાન કરતા;
પાપોથી મુક્ત થઇને, પૂજા યજ્ઞોથી ધરતા—ત્રણુ૦
સુખ સ્વર્ગ ઇચ્છા ધારી, પ્રાર્થે જે નરને નારી;
ઇન્દ્રલોકના અધિકારી, બને દિવ્ય ભોગ ધારી—ત્રણુ૦
પુણ્યોનો નાશ થાતા, સુખ સ્વર્ગના ત્યજાતા;
મૃત્યુ લોકમાં અથડાતા, સુખે નહીં તે ઠરતા—ત્રણુ૦
ત્રણુ વેદના જે ધર્મો, દર્શાવે સર્વે કર્મો;
તે સર્વ છે સકામો, આવાગમનને ધરતા—ત્રણુ૦

સુંદર સામળીયા—એ રાહ.

જેહ મને ભજતા, અન્ય ન ચિંતા ધારે,
તેનો હું છું સજતા, યોગને ક્ષેમ સંસારે—જેહ.
શ્રદ્ધા થકી ભજતા અન્ય દેવો,
ભિન્ન ન જાણું હું મુજ થકી તેઓ;
સાકર વિણુ કંસારજ જેવો,
સેવા શું વિધિ વિણુ તારે—જેહ.
યજ્ઞ સર્વ નો ભોક્તા હું ઇશ્વર,
તદપિન જાણે મોટા મુનિશ્વર;
જાણ્યા વિણુ રહે જન્મ તણો ડર,
આવાગમન વાર વારે—જેહ.

—કપટમાં આ કાઢયો સાર—

દેવની ભક્તિ કરનાર, દેવલોક થાય છે;
પિતૃની પુજા કરનાર, પિતૃઓમાં જાય છે.
ભૂતને ભજ્યા થકી, તે ભૂતમાં ભળાય છે—દેવની૦

જેની ભક્તિ જે કરે, તે તેના રૂપ થાય છે;
અંતે મુજને જાણીને તે, મુજમાં સમાય છે—દેવની૦
પત્ર પુષ્પ ફળવારી, મુજને અર્પાય છે;
હેતથી સ્વીકારૂં તેને, ભક્તિમાં ગણાય છે—દેવની૦
જે કરે તું ખાય જે, હામે જે તે કહેવાય છે;
તપશ્ચર્યા સહીત સર્વે, મુજને દેવાય છે—દેવની૦
શુભને અશુભ કર્મથી, ન તે બંધાય છે;
સંન્યાસયોગયુક્ત થઇને, મોક્ષ માર્ગે જાય છે—દેવની૦

—હરમાં તું દિલ શાથ—

રહું સર્વમાં એક સમાન, ગણું નહીં માન અને અપમાન;
નથી મને પ્રિય અપ્રિયનું ભાન, તથાપિ ભક્તિ વશ ભગવાન—રહું૦
ભક્તિ થકી જે મુજને ભજે છે, શ્રી હરી તેના ઉરમાં રહે છે;
દુરાચારીને ન પ્રભુ ત્યજે છે, ભક્તિ થકી તે સંસાર તરે છે.
સંશય છે ત્યાં ન કૃષ્ણ રહે છે, દુખ સહે પણ સુખ લહે છે;
દઉં નિરંતર શાંતિનું દાન, કરૂં હું ધર્મ વિશે પ્રિતિ માન—રહું૦
નિશ્ચયથી કહું તુજને હું આંહે, ભક્ત મા'રાનો નાશ ન થાએ;
પાપીમાં પાંપી ભલે તે ગણાએ, સ્રી હોય વૈશ્ય કે શુદ્ર જણાએ;
આશ્રય મ્હારો જે ધરતા સદાએ, નિશ્ચે ગતિ તેની ઉત્તમ થાએ;
તો શું પુછવું જે પુણ્યવાન, ભક્તિવંત રાજર્ષી ગુણવાન—રહું૦
અનિત્ય દુખી આ લોકને પામી, દૃઢ મનથી મને ભજ શીરનામી;
યજ્ઞ કરે મુજ માટે અકામી, ભજી મ્હને જશે જિન્નતા વામી;
હરી ૐ તત્સત્ ગીતા વિરામી, રાજવિદ્યા ગુહ્ય યોગજ નામી;
દીધું કૃષ્ણે અર્જુનને જ્ઞાન, થયા એ નવ અધ્યાય સુજાણ—રહું૦

ॐश्रीमत्स्वामी

आनंदानंद सरस्वती–संगीत.

भगवद्गीता-विभूतियोग अध्याय १०.

શ્રીકૃષ્ણ— —સારૂં સારૂં રે સુરત શહેર—

ફરી સાંભળ મુજ વચન, કહું તુજ હિત ધારી;
છે તું પ્રિય મ્હને અરજુન, તેથી કહું વિસ્તારી. ફરી૦
દેવના ગણ કે મહાન ઋષિયો, જાણે ન ઉત્પત્તિ મા'રી રે;
દેવ ઋષિ સહુનો છું હું આદિ, કેમ શકે નિરધારી. તેથી૦
જન્મ વિનાનો અનાદિ હું છું, ઇશ જગત આધારી રે;
એવું જાણી મોહ રહિત થઇ, પાપ હિયે સહુ ટાળી. તેથી૦
બુદ્ધિ જ્ઞાનને અમોહ દમ શમ, ક્ષમા સત્ય દયા ધારી રે;
સુખ દુખ અસ્તિ નાશ ભયાભય, છે સહુ ઘટના મા'રી. તેથી૦
અહિંસા સમતાને તૃપ્તિ તપ, દાન યશાયશ ભારી રે;
અનેક પ્રકારના લક્ષણ મા'રા, પ્રાણી માત્ર રહ્યા ધારી. તેથી૦
સાત મહર્ષી મનુઓને વળી, પૂર્વકુમારો ચારી રે;
મુજ મનના ભાવોથી પ્રગટયા, જેણે પ્રજા વિસ્તારી. તેથી૦
એ મુજ યોગની વિભૂતિ કહાવે, તત્વ થકી લે ધારી રે;
નિશ્ચળ યોગથી મુજને મળે તે, સંશય નહીં તલ ભારી. તેથી૦

—ચાલો સાહેલી—

હું સરવેનું ઉત્પત્તિ કારણ, મુજ મનથી સહુ પ્રગટ થતા;
એવું જાણીને, ભક્તીવંતા જે, શાણા પુરૂષ મુજને ભજતા.

મારામાં ચીત્ત ધરીને જેઓ, પ્રાણાર્પણ પ્રિતે કરતા;[૨]
બોધ પરસ્પર મારો કરીને, સંતોષિ આનંદ ધરતા;
પ્રેમયુક્ત થઇ મુજને ભજીને, બુદ્ધિ થકી મુજમાં મળતા—છું૦
તેઓની ઉપર દયા કરીને, હેત ધરી ઉરમાંહે રહું;
જ્ઞાન દીપ પ્રકાશ કરીને, અજ્ઞાન તિમિર સૌ દૂર કરૂં;
એવું જાણીને જ્ઞાની પુરૂષો, ધ્યાન સદા મ્હારૂં ધરતા—છું૦

—મને સહાય કરો મોરારી રે—

પરમ ધામ તણા છો નિવાસી રે, પરીબ્રહ્મ સદા છો સુખરાશી;
પરમ પવિત્ર તમે નિત્ય આદિ દેવ, જન્મ વીના રહ્યા છો પ્રકાશીરે. પ૦
નારદ દેવર્ષિને ઋષીયો સર્વે, અસિત દેવલો ને વ્યાસ વિલાસી;
સર્વેએ તમને જેવા જણાવ્યા, તેવા રહ્યા છો આપ બાસી રે. પ૦
જે જે કહો છો તે હું સત્ય માનું છું, રહ્યા દેવ દાનવ વિકાસી;
મૂળ સ્વરૂપ ન જાણે તમારૂં, જે છો આપ રહ્યા અવિનાશી રે. પ૦

—સાયબા સલુણા નાની—

સર્વે પ્રાણીના પ્રભુ ઉત્પન્ન કરનારા, દેવોના દેવ હરી;[૨]
પોતે પોતાથી જણાઓ જગનાથજી—પોતે૦
દિવ્ય વિભૂતિ કહો આપની રે, જેથી વ્યાપી રહ્યા છો;
એક અંશ માંહે આપ, બ્રહ્માંડ ધારી રહ્યા;
એ સહુ મુજને જણાવો જગનાથજી—એ સહુ૦
ધ્યાન શી રીતે ધરૂં નિત્યે તમારૂં, જાણું હું કેમ પ્રભુ;
રૂપ કયું ચિંતવું તમારૂં જગનાથજી—રૂપ કયું૦
યોગ શક્તિ તમારી એ, ફરીથી વિસ્તારી કહો;
અમૃત વચન સુણી સંતોષ ન હજુ થયો—સર્વે૦

શ્રીકૃષ્ણ—　　—અયે કમજાત પિંગલા—

મુખ્ય મુખ્ય વિભુતિ મ્હારી તુજને કહું છું રે,
અંત જેનો છે નહી બતાવી દઉં છું રે., 　　મુખ્ય૦
પ્રાણિ માત્રના શરીરે વ્યાપી હું રહ્યો;
આદિ અંત મધ્ય મુજથી જૂદો ના કહ્યો. 　　મુખ્ય૦
આદિત્યમાં હું વિષ્ણુ છું, પ્રકાશ વસ્તુમાં;
મરૂતમાં મરીચિ છું, ચંદ્ર નક્ષત્રમાં. 　　મુખ્ય૦
વેદોમાં સામવેદ જાણ, ઇન્દ્ર દેવમાં;
મંન માન ઇન્દ્રિમાં, ચૈતન્ય તેહમાં. 　　મુખ્ય૦
રૂદ્રમાં શંકર કહે, અગ્નિ વસુ વિશે;
યક્ષ રાક્ષસે કુબેર પર્વત મેરૂ દીસે. 　　મુખ્ય૦
સરોવરે સમુદ્ર છું, ગુરૂ બૃહસ્પતી;
કાર્તીક જાણ મુજને, સૌ સૈન્યનો પતી; 　　મુખ્ય૦
ભૃગુ છું હું મહર્ષિમાં, વચન વાણમાં;
સ્થાવર પદાર્થથી હિમાલય જુદો જાણમાં. 　　મુખ્ય૦

—તાતનો ભરૂસો નથી રે—

પિપળો થઇને રહ્યા રે, વૃક્ષોને વીશે—પિપળો.
દેવર્ષીયોમાં નારદ હું છું, વીણા બજાવી રહ્યા રે—વૃક્ષો.
ગંધર્વને વિશે ચિત્ર રથ હું છું. સિધ્ધે કપીલ કહ્યો રે—વૃક્ષો.
ઉચ્ચૈશ્રવા સહુ અશ્વ વિશે હું, સમુદ્ર મથન કીયો રે—વૃક્ષો.
ઐરાવત સહુ હાથી વિશે હું, પુરૂષોમાં રાજા થયો રે—વૃક્ષો.
વજ્ર કહે હથીયાર વિશે મને, ધેનુંએ કામ ગાયો રે—વૃક્ષો.
વિષય વિશે કામ મુજનેરે જાણો, સર્પ વાસુકી લહ્યો રે—વૃક્ષો.

અનંત કહેછે નાગ વિશે મને, જળમાં વરૂણ થયો રે—વૃક્ષો.
નીયમમાં રાખી ધાટ ધડું હું, દુષ્ટોએ યમ કહ્યો રે—વૃક્ષો.
પ્રહ્લાદ માનો દૈત્ય વિશે મને, કાળ કલહમાં રહ્યો રે—વૃક્ષો.
વનચરમાં સિંહ મુજને રે જાણો, ગરૂડ પક્ષિમાં થયોરે—વૃક્ષો.

—મઝા દેતે હૈં કયા યાર તેરે—

જાણો પવિત્રમાં પવન હું છું, રામ શસ્ત્ર ધારી;
રામ શસ્ત્ર ધારી, વળી મચ્છીમાં મગર ભારી;
નદીઓમાં ગંગા ધારી, દીધા અનેક જણાને તારી—જાણો.
સૃષ્ટી માત્રનો આદિ અંત છું, મધ્ય મુજને જાણો;
વિદ્યાઓમા આત્મવિદ્યા, વક્તા વાણી પ્રમાણો—જાણો.
અક્ષરમાં મને અંકાર કહે છે, દ્વંદ સમાસે કહાવું;
અક્ષય કાળ અનેક મુખી હું, મુજથી પોષણ થાવું—જાણો.
સંહાર કરેથી મૃત્યુ કહે છે, ઉત્પતિનું મુળ કહીએ;
કીર્ત્તી લક્ષ્મી વાણી બુદ્ધી, ધીરજ ક્ષમ ધૃતિ લહીયે—જાણો.
સામ મંત્રમાં બૃહત્સામ છું, ગાયત્રી છંદ માંહે;
માસ વિશે મને માગશીર જાણો, વસંત હું રૂતુ માંહે—જાણો.

—ધીલે શરાબ મઝેદાર—

છળમાં હું દ્યુત તેજસ્વીનું તેજ સાર,
વિજય દઢ નિશ્ચય સત્ય બોલનાર—છળમાં
કૃષ્ણી વિશે હું વાસુદેવ રૂપે, પાંડવમાં ધનંજય હું છું નિરધાર. વિ૦
મુની વિશે હું વ્યાસ કહાવું, કવીમાં શુક્ર કવીરૂપ મુજધાર. વિ૦
દંડ દેનારનો દંડ તે હું છું, સત્તામાં રાજ નીતિ જાણ દિલદાર.વિ૦
ગુપ્ત વસ્તુમાં મૌનનામ મારૂ, જ્ઞાનીનું જ્ઞાન મને જાણ ખુબીદાર.વિ૦

—મૂર્તિમંત શ્રી ઉભી—

બીજ પ્રાણી માત્રનું, છું વસ્તુ સૌ ધરી રહ્યો[૨].
સ્થાવર જંગમ દિસે ન ખાલી, હુંસ ભર ભરી રહ્યો. બીજ૦
દિવ્ય શક્તિ જાણુ એને, અંત છે ન કાંઈ જેને;
સ્હેજ જાણવા કહ્યું મ્હેં. આધાર સૌનો હું રહ્યો. બીજ.
શક્તિવાળું જે દેખાએ, સત્વ ગુણી જે જણાએ.
બળ અને શોભા ભણાએ, અંશ હું દઈ રહ્યો. બીજ.
સર્વ જાણેથી શું લાભ, વ્યાપ્ત છું સહુમાં આપ,
જગત જે દિસે અમાપ, અંશમાં ધરી રહ્યો. બીજ.
શાસ્ત્ર બ્રહ્મ વિદ્યા યોગ, ટાળવા અર્જુનનો શોક;
કૃષ્ણનો વિભૂતિ યોગ, દશમો અધ્યાય એ થયો. બીજ.



॥ॐ श्रीमत्स्वामी॥

आनंदानंद सरस्वती संगीत.

भगद्गीता—विश्वदर्शन योग अध्याय ११.

અર્જુન— —લલિત છંદની રાહ.—

કૃપા કરી મને વચન જે કહ્યું, આત્મને વિશે મેં સહુ લહ્યું,
પરમ ગુહ્યએ ધારી હું રહ્યો, સુણીને માહેરો મોહ ના રહ્યો.
પ્રાણી માત્રની નાશ ઉત્પતિ, સુણી વિસ્તારથી જે તમે કથી.
મહાત્મ આપનું જાય ના કળ્યું, કમળ નેન મ્હેં સર્વ સાંભળ્યું.
રૂપ જે આપનું આત્મને વિશે, ઐશ્વર્યથી ભર્યું મુજને દિસે.
ઇચ્છુ હું તે પ્રભુ નજરે ન્યાળવા, મનતણા સહુ વ્હેમ ટાળવા.
કદી હું રૂપ તે જોઇ જો શકું, કૃપા કરી મને ધ્યાને પારખું.
રહીત નાશ જે આત્મ ઇશ્વર, બતાવો તે મને હે યોગેશ્વર.

શ્રીકૃષ્ણ— —તુમ ચીજે કયા કયા લાએ.—

મારા સેંકડો રૂપ હજારા જો. અનેક પ્રકારની આકૃતિ જો.[૨] મારા.
આદિત્ય વસુ રૂદ્ર મરૂત નિહાળે. વળી તું અશ્વિની કુમારાજો.મારા.
આશ્ચર્ય સહુ બતાવું જોયું હશે નહીં આવું, વળી જગમાં ન થાવું
પ્યારા જો. મારા.
હોય ઇચ્છા જે જે તારી, દેહમાં તું ભાળે મારી ચરાચર બ્રહ્માંડ
સારા જો. મારા.
દિસે નહિ દ્રષ્ટે તારી, આપુ દિવ્ય ચક્ષુ મારી દુર કર સંદેહ
તારા જો. મારા.

સંજય— ચટકતી ચાલ ચાલી આવ્યા.—

મહા યોગેશ્વર શ્રી હરી કૃષ્ણુજી આપરે,
બતાવ્યું રૂપ અંત ત્રિણુ હેતથી અર્જુનને
મુખ ઘણા આંખો અતી અદ્ભુત દર્શણુ જાણુ
દિવ્ય આભુષણ્ શોભતા, આયુધ શ્રેષ્ટ સુજાણુ. મહા.
દિવ્ય માળા વસ્ત્રો ધરી દિવ્ય ચર્ચીત ગંધ.
આશ્ચર્યથી ભરપુર તે, વિશ્વ મુખ અનંત. મહા.
સૂર્ય પ્રકાશ આકાશમાં, જાણે કોટી હજાર
પ્રગટ નિરખ્યું રૂપ ત્યાં, શ્રી હરીનું તે વાર. મહા.
દેવોના પણ દેવના, શરીર વિશે નિર્ધાર
બ્રહ્માંડ સર્વે ભાળિયું, જોયું એકજ ઠાર. મહા.
વિસ્મે થકી અર્જુનના, રોમ ઉભા થઇ જાય.
કર જોડી સ્તુતી કરી, શીશ નમાવ્યું પાય. મહા.

અર્જુન— —અજલ પહાડી—

અહો દેવના દેવ દેહે તમ દેખું. પ્રાણી માત્રો દેવ સર્વને પેખું;
કમળાસન એવા બ્રહ્મા ઉવેખું; ૠષિગો સર્વ સર્પ દિવ્ય લેખું.
અનેક બાહુ ઉદર મુખ નેત્ર, અનેક રૂપ જુવે મુજ ચક્ષ.
અંત ન મધ્યક્ષ ન આદિ કલત્ર, રૂપ હું તેવું દેખુંછું પ્રત્યક્ષ.
કિરીટ ગદા અને છો ચક્ર ધારી, પ્રકાશ સર્વત્ર છે તેજ ભારી.
સૂર્ય ચંદ્ર જાણે કાંતિ તમારી, નિહાળતા મન જાય છે હારી.
અવિનાશી છો જાણુવા યોગ્ય ભારી, ઉત્તમ વિશ્વમાં ઉપમા ન ત્હારી
ધર્મસનાતન મૂર્તિ તમારી, પ્રભુ સનાતન છો ગીરધારી.
આદિ ન મધ્ય ન અંત ન ત્હારા, અનંત બાહુ અતિ બળ વાળા.

ચંદ્ર સૂર્ય નેત્ર દીસે તમારા, સ્વતેજથી વિશ્વ તપાવનારા.
સ્વર્ગ પાતાળ ને મૃત્યુના લોક, એકજ આપ રહ્યા સહુ રોક.
રૂપ છે આપનું ઉગ્ર અનોપ, વ્યથા પામે જેને જોઇ ત્રિલોક,
દેવો સહુ તમ દેહે પ્રવેશે, ભીતિ ધરી સહુ સ્તુતિ કરે છે
મહર્ષી સિદ્ધ કલ્યાણ ચહે છે, સ્તોત્ર થકી તમને વિનવે છે
રૂદ્ર આદિત્ય વસુ વિશ્વદેવો, સાધ્યો એ અશ્વિની મરૂત જેઓ
ગંધર્વ યક્ષ અસુર કરે સેવો; સિદ્ધો લહે તને આશ્ચર્ય જેવો
અદભુત રૂપ ઘણા મુખ ભાળું, અનંત આંખ ઘણા હાથ વાળું
જાંગ અતી પગ બહુ પેટ વાળું, ઉગ્ર ત્રિલોકને વ્યથા દેનારૂ
નભ સ્પૃશી વર્ણ અનેક પ્રકાશી વિશાલ નેત્ર ને મુખ વીકાશી
ધીરજ શાંતી ગઇ સહુ નાશી, આત્મા તમોને જોઇ રહ્યો ત્રાસી
મુખ ભયાનક દાંત કરાળ. જે જોઇ દીશા ન સુજે લગાર
દીસે ન ખાલી કો તમવીણ ઠાર, પ્રસન્ન થાવ હે દેવ મોરાર

—ગજલ કવાલી.—

સમુહ રાજા તણો સર્વે, પ્રવેશે મુખમાં તારા
કૌરવો જે ભર્યા ગર્વે દીસે નહીં કોઇ બચનારા—સમુહ૦
ભીષ્મને દ્રોણ જે કહીએ, કર્ણ સુત પુત્રને લઇએ;
પરાયું આપણું જોઇએ, યોદ્ધ સહુ મુખ્ય જે સારા—સમુહ૦
કંઇના થયા ચુર્ણ માથા. રૂધીરે થઇ ગયા રાતા;
ભયંકર વક્ર છે દાંતા, દિસે એ દાઢમાં ન્હારા—સમુહ૦
નદીના પુર દર્શાએ, સાગરના મુખમાં ધાએ;
તેમ નર વીર ખેંચાએ, વિકાસીત મુખમાં ત્હારા—સમુહ૦
પતંગ દીવા વિશે ધાએ, નાશ વેગે અતી થાએ;

તેમ તું આ લોકને ખાએ, ન થાએ મુખથી ન્યારા—સમુદ્ર૦
ચોપાસે ચાટતા રહો છો, ખાઇને લોક આ સર્વ;
કાંન્તિથી જગત બાળો છો, મળે સહુ તેજમાં ત્હારા—સમુદ્ર૦
કોણ છો ઉગ્ર રૂપ ધારી, નમી સ્તુતી કરૂં ત્હારી:
ન જાણું માયા જે ત્હારી, જણાવો તે મ્હને પ્યારા—સમુદ્ર૦

શ્રીકૃષ્ણ—		—શું નટવર વસંત થઇ થઇ—

હું છું નાશ કરનાર, વૃદ્ધિ પામેલો કાળ; (૨)
વૃદ્ધી પામેલો કાળ, કરૂં સર્વનો સંહાર—હું છું૦
આવ્યો છું આ લોકમાં, કરવા સૌનો આહાર;
હણુશે નહીં તું શત્રુને, પણ નથી તે બચનાર,
માટે ઉઠી યશ વધાર, શત્રુઓને જીતીને;
રિદ્ધિ વાળું રાજ તું તો, પ્રીતેથી પાળ—હું છું૦
શત્રુ સર્વે પ્રથમથી, માર્યા છે મ્હેં જાણ;
નિમિત થાતું આ સમે, લઇ ધનુષને બાણ;
ભીષ્મ અને ગુરૂ દ્રોણ, મહા રણ ધીરા રે;
વળી કર્ણ જયદ્રથ તેમ, બીજા યોધ વીરા રે,
મરેલાને માર તું, ધર નહીં મન શંકાય;
યુદ્ધ કર રણક્ષેત્રમાં, નિશ્ચે જીત જ થાય.

સંજય—મુકુટધારી અર્જુન, એવું સાંભળીને બોલીયો;
પ્રીતે નમસ્કાર, માની લેજો ગોપાળ—મારા. (૨)—હું છું૦

અર્જુન—		—છાંડા છાંડોજી મારી કલૈયાં—

જગ ગાએ કીર્તી તારી, પામે હર્ષ અતી ભારી, ઉર આનંદ અપારી;

રાક્ષસો અપાર, નાસી રહ્યા ઠારોઠાર, સિધ્ધો સર્વે કરે નમસ્કાર.
બ્રહ્મા આદીના છો કરતાર—નમું હું મોરારી—જગ૦
દેવાધિ દેવ નામ, છો પ્રભુ સર્વ જગતના ધામ, સત અસત
ઉત્તમ અવિનાશી છો, વ્યાપી રહ્યા ઠામોઠામ—નારાયણ.
નરહરી, આનંદાનંદજી—હે...ગીરધારી—જગ૦

—મન માયાના કરનારા રે—

પુર્ણ પુરૂષ તમે છો આદિ દેવા રે, વિશ્વ ભંડાર આપ મનાયા;
જાણવા યોગ્ય અને જાણનારા રે, ઉત્તમ ધામ અનંત તમ કાયા.
વાયુ અગ્નિ ચંદ્ર વરૂણ પ્રજાપતી, પીતાંમઃ અને યમરાયા;
હઝાર વાર નાથ નમસ્કાર માની લેજો, પ્રીતે ધરૂં તમ પાયારે. વિ.
આગળ નમસ્કાર પાછળ પણ વંદુ, નમું હું સર્વ દિશાયા;
અનંત બળ અતી પરાક્રમ વાળા, સર્વ રૂપ આપ જણાયાંરે. વિ.
સ્નેહી જાણી તમને વિના વિચારે, સખા કહીને બોલાવ્યા;
કૃષ્ણ યાદવ કહીને તમને પોકાર્યા, પ્રમાદથી જગરાયા રે. વિ.
પ્રભુ રમતા જમતા કે સુતા એકાંતમાં, સ્નેહથી ઠઠ્ઠા કરાયા;
સર્વની સમક્ષ અપમાન થયું હોય જો, યાચું ક્ષમા યદુરાયા રે. વિ.

—અયે કુમજાત પિંગલા—

ચર અને અચર જગતના છો તમે પિતા,
ગુરૂ થકી અધીક યોગ્ય આપ પુજીતા;
આપથી અધિક અન્ય ના ત્રિલોકમાં,
અતી પ્રભાવ આપનો ન હોય કોઇમાં.
નમાવી દેહ દંડવત્ પ્રણામ હું કરૂં,
પ્રસાદ છે એ તાહેરો પ્રસન્ન શું કરૂં;

પિતા સહે છે પુત્રનું સન્મીત્ર મીત્રનું,
પ્રિય પ્રિયાનું સહે તેમ સાંખો મુજનું.
પૂર્વ માંહે કોઇએ, જે જે દીઠું નથી;
આનંદ મને થાય છે તે જોઇ સર્વથી.
ભય થકી વ્યાકુળ મન મ્હારૂં છે અતી;
જગતપતી પ્રસન્ન થાઓ પૂર્વ રૂપથી,
કિરીટ ગદા ચક્રધારી પૂર્વ રૂપ જે;
ફરી ફરીને તેજ રૂપ જોવા મન ચહે,
હજાર હાથ વિશ્વ મુર્તી આપને લહું.
ચાર હાથ આપના હું જોવાને ચહું;

શ્રીકૃષ્ણ—　　—અદ્ભુત રચના શી—

તુજને મ્હેં પ્રસન થઇ, અહીં અતી હે અરજુન;
દાખવ્યું આત્મ યોગથી, પરમ સ્વરૂપ મ્હારૂં પાવન;
જેનો આદિ અને નહિ અંત, તેજોમય એ વિશ્વ દર્શન—તુ૦
તુજ વિનાએ મુજ દર્શન, કર્યું નથી પૂર્વે કોઇ જન;
તે દર્શન આજ ત્હેં, જગમેં, કરી, થયો ધન ધન્ય—તુજને૦

—વચન માટે થયા વનવાશી—

વેદ ન યજ્ઞ અભ્યાસ ન દાનથી, ક્રિયા ન તપથી જણાય;
તુજ વિના હું અશક્ય જણાવો, આ જગમાંહે મનાય—વેદ૦
રૂપ એવું મ્હારૂં ઉગ્ર દેખી દુખી થા નહીં ના ધભરા;
પ્રસન્ન ચીત્તે બીતી દૂર કરી દે, પૂર્વનું જો તું જરા—વેદ૦
સંજય-વાસુદેવે એવું કહીને ફરીથી, પૂર્વનું રૂપ જ લીધ;
શાંતિ રૂપથી સંતોષ્યો અર્જુન, થયો હતો ભયભીત—વેદ૦

અર્જુન-સ્વસ્થ થયો છું શ્રી હરી દેખી, સુંદર પૂર્વ શરીર;
મનુષ્યરૂપ આ જોઇને ત્હારૂં, આવી સઘળી ધીર—વેદ૦

શ્રીકૃષ્ણ— —ધીમા ધીમા ચાલો—

રૂપ મારૂં જોવું છે મુશ્કેલ રે,(૨)
રૂપ મારૂં ધનંજય જે તેં દીઠું;
ધારે દેવો મીઠું, નથી સ્હેલ રે—રૂપ૦
દર્શણ ત્હેં મારૂં કર્યું, દુર્લભ છે જગમાંય;
વેદ તપ કે દાનથી, વળી હોમથી ના દર્શાય;
મારી ભક્તિ થકી મને જોઇ શકે;
તત્વ જાણે તેને કોણ રોકી શકે,
સર્વ અર્પણ કરી મારૂં નામ જપે,
તજી આ શક્તિ વૈર ન કોથી રખે;
નથી રહેલ રે-રૂપ.
ભગવદ્‌ગીતા મ્હેં કહી, બ્રહ્મવિદ્યા કહેવાય;
વિશ્વરૂપ દર્શન થયું, એકાદશો અધ્યાય.
નથી સ્હેલ રે-રૂપ.

ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती संगीत.

भगवद्गीता—भक्तियोग अध्याय १२.

અર્જુન— —દિલદાર યાર પ્યારે—

તુજ ભક્ત જે હમેશા, રૂપ એક થઇ ઉપાસે;
અવિનાશીને જે માને, અવ્યક્ત જે આકાશે—તુજ૦
યોગી તે કોને માનો, બતાવો શ્રેષ્ઠ ભાસે;
પ્રભુ સર્વ આપ જાણો, હું છું તમારો દાસે—તુજ૦
શ્રીકૃષ્ણ—મુજમાં જે મંન રાખે, શ્રદ્ધા થકી ઉપાસે;
રસ યોગનો જે ચાખે, સૃષ્ટિમાં શ્રેષ્ઠ ભાસે—મુજ૦
અવિનાશી જે કેવાએ, વર્ણન ન તેનું થાએ;
સર્વત્ર તે ગણાએ, અવ્યક્ત ના જણાએ—મુજ૦
ચિંતા શું તેની થાએ, વિકાર ના મનાએ;
અચળ છું હું સદાએ, નિત્યે મંને ગણાએ—મુજ૦
ઇન્દ્રિયો સહુ રોકાએ, સમાન બુદ્ધિ થાએ;
પરહીત જો કરાએ, મારામાં તે ભળાએ—મુજ૦
નિરાકાર ના દેખાએ, ભક્તિ તે કોની થાએ;
આકાર રૂપ વિના એ, લખું પત્ર તે ક્યાં જાએ—મુજ૦
વસ્તુ નહીં જણાએ, આશક્તિ જેની થાએ;
રહે ક્લેશમાં સદાએ, વસ્તુ નહીં પમાએ—મુજ૦
નિરાકાર હું મનાવું, સાકાર પણ જણાવું;
પ્રત્યક્ષ હું જણાવું, દષ્ટિમાં જેમ ભાસે—મુજ૦

—કેમ મિત્ર મારા શું કરીએ—

કર્મો અર્પણ સહુ મને કરતા, મારૂં ચિંતન જે ન વિસરતા;
પૂર્ણ રૂપથી ધ્યાન જે ધરતા, નિશ્ચે આવી મારામાં મળતા.
એવા ભકતો સદા ચિત્ત ધારૂં, તન ધન સહુ તે પરવારૂં;
તેને મૃત્યુ થકી હું ઉગારૂં, ભવસાગર પાર ઉતારૂં;
મન મુજને અંર્પણ કરી આપ, બુદ્ધિ સ્થીર મારામાં થાપ;
જેથી રહેશે સદા મુજ માંહી, જાણુ સત્ય ન સંશય કાંઇ;
ચિત્ત સ્થીર રહે નહીં તારું, યોગાભ્યાસથી શરણું લે મારૂં.
યોગાભ્યાસે અશક્તિ જણાવે, મારી સેવા તું હેતે બજાવે;
મારે માટે કરે કર્મ જેહ, પામે પૂર્ણતાને નર તેહ;
નહિ તે પણ તુજથી જો થાએ, મારા યોગ તણી લે સહાએ;
મન સર્વદા નિયમમાં રાખે, સર્વ કર્મના ફળને ત્યાગે;
જ્ઞાન અભ્યાસથી છે સાર, જ્ઞાનથી ધ્યાન ઉત્તમ ધારૂં.
ધ્યાનથી ફળ ત્યાગ ગણાએ, ત્યાગથી તુર્ત શાંતિ જણાએ.

—તુજ ગતિ પ્રભુજી સૌથી—

નહિં કોઇ સાથે દ્વેષ રાખે,[૨] સહુ સાથે મૈત્રી દાખે-નહીં
  મોહ જેને છે નહીં, ઉરમાં નહીં અહંકાર;
  સુખ દુખમાં સમાન તે, ક્ષમા તણો ધરનાર.
સંતોષ છે સદાએ જેને, યોગી મન જીત્યું છે તેણે
પ્રિતે કરૂણા રસ ચાખે-નહિં—
  જેણે અર્પણું છે કર્યા, મન બુદ્ધિ મુજ માંય;
  સંદેહ છે નહીં ઉરમાં, નિશ્ચય એક સદાય.

સત્ય ભક્ત માનું હું તેમેં, પ્રિય ખરો હું જાણું એને
મુજમાં જે પ્રિતિ રાખે-નહિં.

સંતાપે નહિં કોઇને, કોથી નહીં દુભાય;
જળ નહીં ત્રાસે મીનથી, મીંન નહીં ધભરાય.

હર્ષ ક્રોધ ભય જેને નાહીં, ત્રાસ ન તેને સ્વપના માંહી
રસ પ્રેમનો જે ચાખે-નહીં—

—વિરા વેશ્યાના યારી—

જેકો ઇચ્છા ન ધારે, અંતર બ્હારે સ્વચ્છ અપારે;
તે છે મ્હારો પ્રિય પ્રાણુ—જેકો.

રહે ઉદાસી તે ભયને ન ધારે, કર્તવ્ય કર્મ પ્રમાણુ;
ઇચ્છા તણું કોઇ કર્મ ન તેને, ભક્ત તે મારો સુજાણુ—જેકો.

હર્ષ ન પામે શોક ધરે નહિં, દ્વેશ ન ઇચ્છા જાણુ;
શુભ અશુભનો ત્યાગ કરીને, રહે સદા ભક્તિમાન—જેકો.

સમાન શત્રુ મિત્ર થકી વળી, માન અને અપમાન;
ટાઢ તડકો સુખ દુખ ગણે નહીં, સંગ રહીત સુજાણુ—જેકો.

મૌન ધરી સંતોષિ સદા તે, સ્તુતિ ને નિંદા સમાન;
પૂર્ણ ભક્તિ થકી મન દૃઢ રાખે, છે નહીં નિશ્ચિત સ્થાન-જેકો.

અમૃત રૂપી જ્ઞાન તણું જે, શ્રદ્ધા થકી કરે પાન;
ભક્ત સદા તે પ્રિય મને છે, સદા છે તેનુ કલ્યાણુ—જેકો.

હરી ૐ તત્સત્ ભગવદ્ગીતામાં, દ્વાદશ અધ્યાય જાણુ;
બ્રહ્મવિદ્યા ભક્તિ યોગ કહ્યો, અર્જુનને સારંગ પાણુ—જેકો.

ॐ श्रीमत्स्वामी.

आनंदानंद सरस्वती संगीत.

भगवद्गीता—क्षेत्र क्षेत्रज्ञ विभागयोग अध्याय १३.

અર્જુન— —કુંડળીયા છંદ—

કોને પ્રકૃતિ કહે, પુરૂષ શું કહેવાય:
ક્ષેત્રજ્ઞ ક્ષેત્ર સમજું નહીં, સમજાવો યદુરાય.
સમજાવો યદુરાય, ઘણો સંદેહ રહે છે;
જ્ઞેય કેવું થાય, જ્ઞાન પણ કોને કહે છે.
ઇચ્છા પુરો નાથ, વાત મુજ ચિત્તે ધારી;
અમૃત તારે હાથ, તાત સુણ વિનતી મારી.

શ્રીકૃષ્ણ— શરીર ક્ષેત્ર કહેછે સહુ, તેને જાણે જેહ,
ક્ષેત્રજ્ઞ તેને જાણવો, એમાં નહીં સંદેહ.
એમાં નહિં સંદેહ, જુદા નહીં જળને પાણી;
નામ ધરે અનેક, વેણુને કહે કોઇ વાણી.
શરીર તારૂં છે નહિ, પણ તું પોતે જાણ;
વસ્તુથી તુજ ભિન્નતા, ઉર વિશે નહિ આણ.
સર્વ ક્ષેત્રોને વિશે, ક્ષેત્રજ્ઞ મારૂં નામ;
ક્ષેત્રજ્ઞ ક્ષેત્રને જાણવો, એજ જ્ઞાન તમામ.
એજ જ્ઞાન તમામ, નામ કેમ ક્ષેત્રજ ધરીયું;
કેવું તેહ જણાય, વિકારી શાથી ઠરીયું.

ક્ષેત્રને જાણે કોણ, શક્તિ તેની કેવી છે;
વિસ્તારી કહું તેહ, ગતિ તુજને દેવી છે.
ઋષિયોએ અતિ છંદથી, વર્ણન બહુ વિધ કીધ;
બ્રહ્મસુત્ર પદ બંધથી, સંદેહ ટાળી દીધ.
સંદેહ ટાળી દીધ, દઇને બહુ દષ્ટાંતો;
સંક્ષેપે કહું તેહ, જેહ છે વેદની વાતો.
પૃથ્વી જળ અગ્નિ અને, વાયુ આકાશ જાણો;
તત્વ એહ ગણાય, મહાભુત એ પરમાણો.
મન બુદ્ધિ અહંકારને, ઇચ્છા દ્વેષ ભય દુખ;
એકાદશ એ જાણવી, ચિત્ત દયા ધૃતિ સુખ.
ચિત્ત દયા ધૃતિ સુખ, નહીં તે દષ્ટે જણાએ;
જ્ઞાની જાણે તેહ, તત્વથી તે સમજાએ.
વિષયો ઇન્દ્રિ પાંચના, સ્પર્શ થકો દેખાએ;
સંક્ષેપે કહ્યું ક્ષેત્ર, એહ વિકારી ગણાએ.

—આવો આવો આમ—

નમ્રતા ધરે, પીડા ન તે કરે, ગુરૂ સેવા પવિત્રતાને શાંતિ તે ધરે^ર
ક્ષમા દ્રઢતા આત્મ નિગ્રહ, રાખે સદા ઉર માંય;
દંભ અને અહંકાર ન રાખે, વૈરાગી તે સદાય—નમ્રતા૦
જન્મ મરણ વૃદ્ધા વસ્થાના, દુખ ન તેને થાય;
આ સક્તિ નહીં પુત્ર દારામાં, મનથી ના લલચાય—નમ્રતા૦
ભલા બુરાનો દોષ ન માને, આપત્તિ શું થાય;
ચિત્ત સમાન સદા છે જેનું, મનથી ના મુંઝાય—નમ્રતા૦

યોગ થકી દૃઢ ભક્તિ ધારી, રહે એકાંત જગાય;
સંગત કોઇની તેહ કરે નહિ, કરે જ્ઞાન સેવાય—નમ્રતા૦
અધ્યાત્મ જ્ઞાન જે નિત્ય ધારે, તત્વ દર્શણુ થાય;
એ સહુ જ્ઞાન કહ્યું મેં તુજને, અન્ય અજ્ઞાન ગણાય—નમ્રતા૦

—મારા મનમાં તનમાં—

જાણુવા યોગ્ય વસ્તુ તે શું છે જે જાણી, પ્રાણીનો મોક્ષજ થાય[२]
અસત સત કહેવાય નહીં તે, બ્રહ્મ કહું સમઝાય—જાણુવા૦
સર્વત્ર હાથ ને પગ છે જેના, નેત્ર મસ્તક ઠારો ઠાર;
જ્યાંરે જુવો ત્યાં કાન છે જેના, વ્યાપક આ જગ માંય—જાણુવા૦
ઇન્દ્રિયો કોઇ દિસે નહિં તેને, ગુણ થકી થાય ભાસ;
વિના આશક્તિ પોષે સહુ જીવો, ગુણી નિર્ગુણુ ગણાય—જાણુવા૦
ભિતર બ્હાર રહ્યો તે ચરાચર, સુક્ષ્મ કેમ જણાય;
દૂર ગણે તેને દૂર અતિ છે, પાસમાં રહે છે સદાય—જાણુવા૦
ભાગ થયા નથી ભૂત વિશે તેના, છતા વિભાગ ગણાય;
ઉત્પન્ન પોષણુ સંહાર કર્તા, સર્વ પ્રાણીના સહાય—જાણુવા૦
પ્રકાશમાં અતિ પ્રકાશ જેનો, અંધારૂ આપ ગણાય;
જ્ઞાન જ્ઞેય જ્ઞાન થકી જણાએ, રહે છે તે હૃદયની માંય જાણુવા૦
ક્ષેત્ર તથા જ્ઞાન જ્ઞેય જણાવ્યું, સંક્ષેપમાં નિરધાર;
જે જાણુવા થકી ભક્ત જે મારો, ભાવે મારામાં ભળાય—જાણુવા૦

—પુનમ ચાંદની ખીલી—

પ્રકૃતિ પુરૂષ બંનેને અનાદી જાણુવા રે,
પ્રકૃતિથી ઉપજ્યા ગુણુ અને વિકાર;

કાર્ય કારણ ઉત્પતિ હેતુ તેને માનવારે—પ્રકૃતિ૦
સુખ દુખ ભોગવવામાં હેતુ પુરૂષ સહુ કહેરે,
પ્રકૃતિથી ઉત્પન્ન જેજે વસ્તુ થાય;
પ્રકૃતિમાં રહેલો પુરૂષ તેને ભોગવેરે—પ્રકૃતિ૦

આશક્તિ ધરી ગુણમાં, ભલી ભુંડી જે હોય,
તે ભોગવવા જન્મ લે, ગર્ભ વિશે નર સોય;

દેહમાં રહેલો ઉત્તમ પુરૂષ જુવે સર્વને રે.
અનુમતિ આપી રક્ષણ તે સહુનું કરનાર,
ભોક્તા ઇશ મહેશ મહાત્મા નામો સર્વ છે રે—પ્રકૃતિ૦

ગુણ સહીત પુરૂષને, પ્રકૃતિ સાથ જણાય,
સ્થિતિ ગમે તે હોય પણ, જન્મ ન તેનો થાય;

કેટલા ધ્યાન થકી એ આત્માને જોઇ રહ્યા રે,
કંઇ તો સાંખ્ય યોગથી જોતા એને સદાય;
કર્મયોગ કરીં કંઇ આત્મ વિશે મોહી રહ્યા રે—પ્રકૃતિ૦

—કન્હૈયા નંદકે લાલા—

કઇ અંજાણ આત્માથી, સુણી બીજાથી ઉપાસે;
સુણીને તેમ કરવાથી, નહિં મૃત્યુ તેને ભાસે—કંઇ૦

સ્થાવર જંગમ પ્રાણી જેજે, ક્ષેત્રજ્ઞ ક્ષેત્ર ઉપજાવે;
સહુ સંયોગથી થાએ, વિકારી તેહ દર્શાવે—કંઇ૦

ભૂતો સર્વેમાં વ્યાપક માન, પ્રભુને જે નિહાળે છે;
વિનાશીમાં અવિનાશી, રૂપે જુવે તે ભાળે છે—કંઇ૦

પ્રભુ સહુમાં વસેલા છે, જાણી આત્મા વિરામે છે;

ન મારે તે મરે કોથી, ગતિ ઉત્તમ તે પામે છે—કુંઇ૦
કર્મો આ જે દિસે સર્વે, પ્રકૃતિ તેની છે કર્તા;
એવું દેખે તે જુવે છે, જાણે આત્માને અકર્તા—કુંઇ૦

—મને જોવાને જાવુંરે બંધ કિલ્લો—

પ્રાણી સહુના શરીરો રે, જુદા જુદા દેખાએ જે જાણ;
વિસ્તાર સહુનો એકથી ગણે જે, પામે તે બ્રહ્મ નિર્વાણ—પ્રાણી૦
અનાદિ નિર્ગુણ અવિનાશી આત્મા, રહીને શરીરોમાં જાણ;
કર્તા છતા ન કરતો રે, કદી થાએ નહીં લિપ્ત માન-પ્રાણી૦
સર્વત્ર સુક્ષ્મ વ્યાપી આકાશ જેમ, રહે તું અલગ સુજાણ;
રહી આત્મા શરીરે રે, પ્રકાશે જેવો કાચમાં ભાણ—પ્રાણી૦
આખા જગતને પ્રકાશ આપે, એકજ સૂર્યનારાણ;
ક્ષેત્ર વિશે પ્રકાશે રે, ક્ષેત્રજ્ઞ તેવો દિલ જાન—પ્રાણી૦
ક્ષેત્રજ્ઞ ક્ષેત્રનો ભેદ જે જાણે, પ્રકૃતિથી મોક્ષ માન;
બ્રહ્મ પદને તે પામે રે, થાય પ્રાણીને એવું જો જ્ઞાન—પ્રાણી૦
હરી ૐ તત્સત્ ભગવદ્ગીતામાં, જ્ઞાન દિધું ભગવાન;
ક્ષેત્ર ક્ષેત્રજ્ઞ વિભાગોરે, ત્રયોદશ અધ્યાય નિદાન—પ્રાણી૦

ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती–संगीत.

भगवद्गीता–त्रीगुण विभागयोग अध्याय १४.

શ્રીકૃષ્ણ— —દિલેના દાનકો હુમસમ—

સર્વ જ્ઞાનોનું જ્ઞાન હું બતાવી દઉં છું,[૨]
જે જાણી મુની સર્વે સિદ્ધિને પામ્યા;
એવું ઉત્તમ જ્ઞાન સમઝાવી દઉંછું—સર્વ૦
જે એ જ્ઞાનનો આશ્રય કરી મુજને મળતા,
આ બ્રહ્માંડમાં તે જન્મ ફરી નહીં ધરતા;
સખ્ત પ્રલયને સમે દુખથી તે ના ડરતા,
મોટી બ્રહ્મયોની છે મારી ગર્ભ ધરતા.
તેમાં હું ગર્ભ ધરૂં રહીને સદા અકર્તા,
જેમાં સર્વે પ્રાણીને એ ગર્ભે જન્માવી દઉંછું—સર્વ૦
આકૃતિ સર્વે યોનીયોને વિશે જે થાએ,
ગર્ભાશય મ્હાન બ્રહ્મ તે સદાએ કહેવાએ;
તેઓને ગર્ભ આપનાર હું છું પિતાએ,
સત્વ રજ અને તમ એ ત્રિગુણો ગણાએ;
જેની ઉત્પતિ એ પ્રકૃતિથી થાએ,
એવા ગુણોથી દેહીને દેહે બંધાવી દઉંછું—સર્વ૦

—પ્રેમનો કોલ દિયો રાજકુમાર—

સત્વગુણ નિર્મળ શુદ્ધ ગણાય, જેના પ્રકાશથી શાંત થવાય—સત્વ૦

સુખ આશક્તિ જીવને બાંધે, જ્ઞાનની ઇચ્છા થાય;
એ આશક્તિથી રજોગુણ થાતો, તૃષ્ણા મૂળ મનાય—સત્વ૦
કર્મ આશક્તિ જીવને બાંધે, વિષયોમાં મન જાય;
અજ્ઞાન તેથી ઉપજ થાએ, તમોગુણી એ ગણાય--સત્વ૦
સર્વ દેહીને મોહથી બાંધે, મોહમાં લુબ્ધ તે થાય;
પ્રમાદ આળસ નિંદ્રા વધારે, બંધનમાં તે સદાય—સત્વ૦
સત્વગુણો સુખ માંહે જોડે, રજો કરાવે છે કર્મ;
તમોગુણે જ્ઞાન ઢંકાઇ જાએ, રહે નહીં સ્વધર્મ—સત્વ૦
ક્રોધ વખત રજ તમને દબાવી, સત્વ પ્રબળ જણાય;
સત્વ તમ કદી જાએ દબાઇ, રજોનું જોરજ થાય—સત્વ૦
સત્વ રજ નહીં દીસે કો વેળા, તમો પ્રગટ લેખાય;
ક્વચિત મિશ્રણ દેખાય તેનું, ક્વચિત તે સમ થાય—સત્વ૦

—રસીલા રંગીલા છબીલા—

દેહના આ સર્વ દ્વારોમાં પ્રગટે, જ્ઞાનરૂપી પ્રકાશ જ્યારે;
ગુણ સત્વ તણી વૃદ્ધિ થઇ છે નિશ્ચય જાણો એમ ત્યારે,
લોભ પ્રવૃતિ આરંભ કર્મોનો, અશાંતિ ઇચ્છા દેખાય જ્યારે;
ગુણ રજો તણી ઉત્પતિ થઇ છે, વદે છે શાસ્ત્ર એ વારે વારે;
જડતા આળસ અંધકાર અને મોહ, એ તુજ પાસ જણાય જ્યારે.
વૃદ્ધિ તમોગુણ તણી કહી છે, દુખ અતિ એ ગણાય ત્યારે;
દેહ જો સત્વગુણે નાશ પામે, તોતો જીવ ઉત્તમ ગતિમાં વિરામે;
રજોગુણે થકી દેહ જો ત્યાગે, તેતો કર્મ આશક્તિમાં જન્મ ધારે;
તમોગુણે કરી ત્યાગે શરીર જો, નિશ્ચે મૂઢ પ્રાણી માંહે તે પધારે.
દેહના આ સર્વ....

—સિયાગે કનરો—

સાત્વિક ગુણથી ઉત્પન્ન થાએ, સુકૃત નિર્મળ ફળ જે કેવાએ—સા૰
જેના થકી દુખ પુર્ણ જણાએ, છે રજોગુણ તણો મહીમાએ—સા૰
તમોગુણે જે પ્રાણી રહ્યા છે, અજ્ઞાન તેનું સદા ફળ થાએ—સા૰
ઉત્પતિ જ્ઞાનની સત્વ થકી છે, લોભની પ્રાપ્તિ રજોગુણેથાએ—સા૰
તમોગુણે મોહ આળસ ઉપજે, અજ્ઞાન માંહે જઇ તે ભળાએ—સા૰

—રાગ એજ—

સત્વગુણે રહી ગતિ ઉંચ પામે, રજોગુણવાળા રહે મધ્યમ ઠામે-સત્વ૰
તમોગુણી નીચ ગતિમાં જાતા, નર્કને માની રહ્યા નીજ ધ મે-સત્વ૰
દ્રષ્ટા ન દેખે જ્યારે અન્ય કરતા, ગુણો થકી સહુ ઉત્પતિ પામે-સત્વ૰
ગુણો થકી પર મુજને જે જાણે, આવી સદા તે રહે મુજ ધામે-સત્વ૰
એ ગુણોને તરી જીવ જો જાએ, જન્મ મૃત્યુ જરા દુખ વિરામે-સત્વ૰
ગુણ તણું જેને જ્ઞાન થયું છે, મોક્ષ રૂપી કરે અમૃત પાને—સત્વ૰

અર્જુન— —સાખી—

ત્રિગુણથી તરી જાય જે, ચિન્હ શું તેના જણાય;
વર્તન કેવું તે કરે, અને શી રીતે તરી જાય.

શ્રીકૃષ્ણ— —તાતનો ભરૂસો નથી રે—

ત્રિગુણો તરી તે ગયો રે, આ જન્મ ધારી. ત્રિગુણો૰
પ્રકાશ પ્રવૃતિ મોહ પ્રાપ્તિમાં, દ્વેષ તેને ન રહ્યો રે—આ૰
જો તે કદી નહીં પ્રાપ્તજ હોએ, ઇચ્છા ન ધારી રહ્યોરે—આ૰
ઉદાસીન સમ તે રહી, ગુણથી તે ન ચળાય;
ગુણો કાર્ય કરે સહુ, એ જાણી સ્થિર થાય—ત્રિગુણો૰

સુખ દુખમાં સમ તે રહે, પથ્થર સોનું સમાન;
પ્રિયા પ્રિય તેને નહિં, નિંદા સ્તુતી સમ જાણ—ત્રિગુણો૦
માન અપમાન ગણે નહિ, મિત્ર ન દુશ્મન કોય;
આરંભ જેને છે નહીં. તો અંત કયાંથી હોય—ત્રિગુણો૦

—ગીતી—

ભક્તિ કરી મને સેવે, હેત થકી દઢતા મુજમાં રાખે,
ત્રિગુણથી તરી જાએ, બ્રહ્મ રૂપ થઇ અમૃત રસ ચાખે;
બ્રહ્મ છું આપ પ્રત્યક્ષ, મોક્ષામૃત સદા અને અવિનાશી,
કારણ કહ્યું મ્હેં સર્વે, ધર્મ અને છું અનંત સુખ વાસી;
કૃષ્ણાર્જુન સંવાદે, યોગશાસ્ત્રે બ્રહ્મગીતા ગાએ,
ગુણ ત્રયી વિભાગે, હરી ૐ તત્સત્ચતુર્દશોધ્યાએ.



ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती-संगीत.

भगवद्गीता-पुरुषोत्तमयोग अध्याय १५.

શ્રીકૃષ્ણ— —શાર્દુલવિક્રીડિત છંદ.

ઉંચે દિસે મૂળ જેની મધ્ય શાખા, નીચે ખીલી કુંપળો,
પત્રો વેદ મંત્રો વદે કહે જ્ઞાની તે, અવ્યયી પીપળો,
નીચે ઉંચે શાખ અંકુર વિશયો, રક્ષા ગુણોથી થતી;
ઉગે નીચે મૂળ તેના મનુષ્યને, કર્મ બંધને બાંધતી,
રૂપ તે તણું આદિ અંત મધ્યમાં, જાણી શકાએ નહિં;
છેદો એ દૃઢ મૂળ વાળો પીપળો, અસંગ શસ્ત્રે સહી,
એવા માર્ગને શોધવો જ્યાં જઇ, પાછા ન આવો કહીં;
જ્યાંથી પ્રવૃતિ પૂર્વની તેજ આદિ, પુરૂષ શર્ણે રહી,
અહં મોહ સંગ દોષ જીતી કરી, આત્માને નીત્યે લહો;
તૃષ્ણા ત્યાગી મુક્ત થઇ સુખ દુખે, અવ્યયી પદ ગહો;
દિસે સૂર્ય ચંદ્ર પ્રકાશ નહીં ત્યાં, અગ્નિ પ્રકાશે નહીં,
જ્યાંથી નહીં ફરી આવતા ગર્ભમાં, ધામ એ મારૂં સહી.

—મારો પાવન કરીયો પલંગ—

મારો અંશ મનુષ્ય લોકે આપ, સનાતન જીવ બને છે;
પ્રકૃતિમાંથી મનની સાથ, છ ઇન્દ્રિયો પોતામાં લેછે—મારો૦
શરીર પ્રાપ્ત કરે સહુ, ત્યાગીને વળી જાય;
વાયુ ગંધ લે પુષ્પથી, તેમ ઇન્દ્રિ સમુહ લઇ જાય—સના૦

કાન આંખ ત્વચા અને, મન જીભ વળી નાક:
તેમાં પણ રહી વિષયો, જીવ ભોગવે આડે આંક—સના૦
ગુણો આધિન સ્થીત રહી, ભોગવે અથવા જાય;
મૂઢો ન દેખે તેહને, પણ જ્ઞાની જનોને દેખાય—સના૦
સૂર્ય થકી જે નીકળી, પ્રકાશ કરે જગમાંય;
પ્રકાશ અગ્નિ ચંદ્રનો, પ્યારા તે પણ મારો મનાય—સના૦

—દુનિયામાં કોઇએ દીઠો નથી—

પૃથ્વીમાં રહી પ્રાણી માત્ર, પોષી હું રહ્યો;
પોષું હું વૃક્ષ રસ થકી, ચંદ્ર બની રહ્યો—પૃથ્વી૦
પેટમાં જઠરાગ્નિ રૂપે, પ્રાણીમાં રહ્યો;
અપાન સાથે અન્નને, પચાવી હું રહ્યો—પૃથ્વી૦
સર્વના હૃદય વિશે, સદા વસી રહ્યો;
જ્ઞાન સ્મૃતિને અભાવ, મારાથી થયો—પૃથ્વી૦
જાણવાને યોગ્ય હું છું, વેદમાં કહ્યો;
જાણનાર વેદનો, કર્તા મને કહ્યો—પૃથ્વી૦

—કરમ કર મેરે હાલ પર—

પુરૂષ બે ગણ્યા વેદ શાસ્ત્રોની માંય
વિનાશી અને અવિનાશી ગણાય—પુરૂષ૦
અવિનાશી આત્મા મરે ના કદાય,
વિનાશી જે પ્રાણી રહે ના સદાય—પુરૂષ૦
પુરૂષ જે ઉત્તમ તેતો બીજોજ છે,
પરમાત્મા એવું નામ તેનુંજ છે—પુરૂષ૦

ત્રિલોક વાસી અમર છે સહાય,
સહુ પ્રાણી પોષે રહી ઉર માય—પુરૂષ૦
વિનાશી અમરથ ઉત્તમ તો કહે,
પુર્ષોતમ વેદો સહુ એ લહે—પુરૂષ૦
સર્વને જાણી પુર્ષોતમ કહે,
ભજી મને ભાવથી મુજમાં રહે—પુરૂષ૦
કહ્યો ગુહ્ય બોધમેં તુજને જે આમ,
જે જાણી કૃતાર્થ થાએ બુદ્ધિમાન—પુરૂષ૦
હરી ૐ તત્સત્ શ્રી ભગવદ્ગીતાય,
પુરૂષોતમ યોગ પંદરમો અધ્યાય—પુરૂષ૦



ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती-संगीत.

भगवद्गीता-दैवासुर संपद्विभाग योग अध्याय १६.

શ્રી કૃષ્ણ—અભય જીવન શુદ્ધિ અને જ્ઞાન યોગ સ્થિરતાય,
દાન સંયમ યજ્ઞને વળી, શાસ્ત્રો વિશે ચિત જાય;
અહીંસા સત્ય અક્રોધને, ત્યાગ શાંતિ દયાય,
નિર્લોભ નમ્રતા સ્થીરતા, લજ્જા સદા ઉર માંય.
તેજ ક્ષમા ધૃતિ શુદ્ધતા, અદ્રોહ નિરાભિમાન,
દૈવ ગુણી તેને જાણવા, હોય એવા ગુણવાન;
દંભ મદ અભિમાનને, અતિક્રોધ કઠોરતા હોય,
અજ્ઞાની તેને કહે, અને આસુરી સંપત સોય.
મોક્ષ દિયે દૈવી સદા, બાંધે આસુરી આપ,
દૈવીમાં તુજ જન્મ છે, કર નહીં મન સંતાપ;
ઉત્પન્ન પ્રાણી જગતમાં, દ્વય પ્રકારે મનાય,
દૈવી અથવા આસુરી, લક્ષણુથી વર્તાય.
દૈવી વિસ્તારી કહી, પ્રેમ થકી મેં એહ,
આસુરી સંપત સુણ હવે, ટાળું તુજ સંદેહ.

ગજલ—પહાડી.

આસુરી પ્રકૃતિ જેની રહી, પ્રવૃત્તિ નિવૃત્તિમાં તે સમજે નહિં,
શુદ્ધિ આચાર તેમાં દેખાએ નહી, સત્યતા રહી તેનાથી દૂર જઇ.
તેઓ કહે છે કે જગતમાં સત્ય નથી, નથી નીતિ હરીને મેં દીઠા નથી,
ઉત્પતિ જગની થઇ સંગ થકી, કર્તા અન્ય આ જગતનો કોઇ નથી.

આવા જે જે વિચારો તે મનમાં ધરે, અલ્પ બુદ્ધિ વિનાશી ગણાય ખરે,
ઉગ્ર કર્મ થકી સૃષ્ટિ નાશ કરે, એવા દુષ્ટ થકી જગ ભારે મરે.
તેની તૃષ્ણા તણો કંઇ પાર નથી, દંભ માન અને મોહ જેને અતિ,
મદવાળો પાપી અપવિત્ર અતિ, જેની ધર્મ વિશે કાંઇ શ્રદ્ધા નથી.

—ધીક સુત્રા ધીક સુજને—

ચિંતા થાએ ઘણી તેહને, આવે મૃત્યુથી અંતજી,
વિષયોને શ્રેષ્ઠ માની સદા, કરે ખાંતેથી ખંતજી—ચિંતા.
આશા પાસેથી બંધાઇને, કામ ક્રોધે ભરાવજી,
ભોગવવા તે અન્યાયથી, દ્રવ્ય સંચે સદાયજી | ચિંતા.
પ્રાપ્ત આજે તો મેં આ કર્યું, કાલ આમ કરીશજી,
આ ધનતો વળી મ્હારૂં છે, પેલું હું મેળવીશજી—ચિંતા.
આવા શત્રુને મ્હેં મારીયો, બીજાને હું હણીશજી,
ભોગવનાર હું આપ છું, સિદ્ધ ઇશનો ઇશજી—ચિંતા.
બળવાનને સુખી છું અતિ, ધન છે નહીં કમજી,
મ્હારા જેવો બીજો કોણ છે, કૂળ મ્હારૂં ઉત્તમજી—ચિંતા.
યજ્ઞને દાન કરીશ હું, આનંદ મારે અપારજી,
મોહ પામીને અજ્ઞાનથી, કરે અનેક વિચારજી—ચિંતા.
મોહ રૂપી જાળમાં ફસી, કામ ભોગે ફસાયજી,
નીચ એવા નર્કમાં જઇ, પડી રહેતા સદાયજી—ચિંતા.

—કેમ મિત્ર મારા શું કરીયે—

માને મોટા પોતાને આપ, ધનનું અભિમાન અમાપ,
હઠ મદથી કરે યજ્ઞ જાણ, નહિં વીધિને શાસ્ત્ર પ્રમાણ.

નામનો કરે યજ્ઞનો ભાસ, લોકને દેખવા માટે ખાસ,
ધારે અહંકાર બળને દર્પ, કામ ક્રોધથી આશ્રિત સર્પ.
પોતા પરાયા દેહમા સાર વ્યાપી રહ્યો છું હુ નિરધાર,
આવા દ્વેષી મનુષ્યો અપાર, સદા કરે મારો તિરસ્કાર.
જગતમાંહે નરાધમ તેહ, મારો દ્વેષી જણાએ જેહ,
આવા દ્વેષિ પુરૂષો ન રાખુ, આસુરી ગર્ભમાં તેને નાખું.
જન્મો જન્મ તે મોહીત રહેતા, આસુરી ગર્ભ તે સદા લેતા,
મને પામ્યા વિના તે સર્વથી, થાય વારે વારે અધોગતિ.

—બનજારા—

દ્વાર નર્ક તણા ત્રણ થાએ, જેમાં નાશ પોતાનો જણાએ,
કામ ક્રોધ અને વળી લોભ, કરે જ્ઞાની જનોને ક્ષોભજી,
તેથી ત્યાગ કરો સર્વથાએ,—જેમાં.
ત્રણ દ્વારથી મુક્ત થવાય, ગતિ ઉત્તમ તેની મનાયજી,
બાકી રહ્યું કલ્યાણ સદાય,—જેમાં.
કરે નિયમ શાસ્ત્રનો ત્યાગ, ખેંચે તૃષ્ણા ભરીને રાગજી,
અતિ સુખ સિદ્ધિ નવ થાએ,—જેમાં.
શું કરવું ને શું નવ થાએ, શાસ્ત્ર થકી પ્રમાણ જણાએજી,
જેથી શંકા ન ઉરમાં થાએ,—જેમાં.
દૈવાસુર સંપત્તિ વિભાગે, કહ્યા કૃષ્ણાર્જુન સંવાદેજી,
પુર્ણ સોળ થયા છે અધ્યાએ—જેમાં.

ॐ श्रीमत्स्वामी.

आनंदानंद सरस्वती संगीत.

भगवद्गीता–श्रद्धा त्रय विभागयोग अध्याय १७.

અર્જુન —ભુજંગીછંદની રાહ

કદી શાસ્ત્ર વીધી તણો ત્યાગ ધારી, કરે યજ્ઞ શ્રદ્ધા પોતાની વધારી,
શ્રદ્ધા તેહની ઉરતારે વસી છે, કેવી સાત્વિકિ રાજસી તામશી છે.

શ્રી કૃષ્ણ—

શ્રદ્ધા દેહીને આપથી ઉપજી છે, સૃષ્ટાએ ત્રણ જાતની તે સૃજી છે,
કહું જેવી તે ઉરમારે વસી છે, કેવી સાત્વિકિ રાજસી તામસી છે.
શ્રદ્ધા સર્વની જાણ સ્વભાવ જેવી, બન્યો માનવી શ્રદ્ધાની મૂર્તિ દેવી
નહિં ભિન્નતા તેહની ઉર આણો, જેવા લક્ષણો તેવી શ્રદ્ધા પ્રમાણો.
કરે સાત્વિકિ વૃત્તિના દેવ પૂજા, સેવે રાક્ષસો રાજસી યક્ષ દૂજા,
ભજે તામસી ભૂત પ્રેતો અતિસે, નહિં અંતરે લેશ આરામ દિસે.
અહંકારને દંભ તૃષ્ણા વધારી, તપસ્યા કરી દુખ સ્હેતાજ ભારી,
સહુ કામ છે શાસ્ત્ર નિષિદ્ધ તેના, રહ્યા કામને રાગ બળવંત જેના
કરે દુખી શરીરના પંચ ભૂતો, રહ્યો હું હતો જેમાં આનંદે સૂતો
કહ્યા આસુરી લક્ષણો જાણ તેના, વિચારો રહ્યા અંગમાં દુષ્ટ જેના

—પાતળીયા પરીશ્રમહયો શાને—

સર્વ મનુષ્યોના આહાર ત્રિવિધિ, શાસ્ત્ર વિશે; સંભળાય છે२
યજ્ઞ દાન અને તપની રીતી, ત્રણ પ્રકારે મનાય છે२
અહારની, યજ્ઞની, તપની, દાનની રે...વિધિ કહું, સાંભળતું–સર્વ.

જીવન ઉત્સાહ શક્તિ આરોગ્ય, સુખ પ્રિતિ વધારતા રે
રસાળા, કસાળા, ટકાળા, રૂપાળા રે...સાત્વિકને, તે પ્રિય છે—સર્વ.
કડવા, ખાટા, ખારા ઉનાને તીખા, લુખા અતિ, વરજીત છે રે
દુખાળા, શોકાળા, ચિંતાદિ રોગાળા રે...રાજસીને તે પ્રિય છે.—સર્વ
રસ કસ વિનાનું દુર્ગંધી વાસી, ઉચ્છિષ્ટ તે અયોગ્ય છે રે
સુખ ન સાવે છે, દુખને લાવે છે, કાળને ભાવે છે રે...તામસીને,
તે પ્રિય છે—સર્વ.

—અયસો સલોને સિપૈયારે—

ફળ ઇચ્છા નવ ધારો રે મોરે પ્યારે
ઇચ્છા વિનાનો યજ્ઞ સાત્વિક ગણાએ—ફળ.
દંભ થકી ફળ ઇચ્છા વધારે નર.
રાજસી યજ્ઞ તે ભાખોરે મોરે પ્યારે—ઇચ્છા.
અન્ન મંત્ર વિધિ દક્ષિણા વિનાનો
શ્રદ્ધા વિનાનો યજ્ઞ માની લીયોરી
શાસ્ત્ર પુકારે અનેક વાર યજ્ઞ એને કહે
સહુ તામસી રે મોરે પ્યારે—ઇચ્છા.

—સુંદર સામળીયા—

દેવ દ્વીજ ગુરૂ પૂજન, જ્ઞાનીની પૂજા ધારે,
શરીર તપ તે પાવન, અહીંસા બ્રહ્મચર્ય પાળે-દેવ.
ખેદ વિનાનું સત્ય ઉચરતો, શ્રોતાને અપ્રિય ન વદતો,
પરહીતમાં તે આનંદ ધરતો, વેદાભ્યાસ સદા તે કરતો.
વાચિક તપ નિરધારે—દેવ.
મન પ્રસન્ન સદાએ તેનું, કોમળતા નહીં બોલવું જેનું,

ચિત્ત સદા નિગ્રહમાં એનું, તેના ઉરમાં કપટજ શેનું;
માનસી તપ ઉચ્ચારે—દેવ.

—લ્હેરગા બુટેદારરે—

શ્રદ્ધા થકી જે થાયરે, તપ પુર્ણું વિધિથી[૨]રે—શ્રદ્ધા
ફળ ઇચ્છા નવ રાખે જે મનમાં, ચિત્ત એકાગ્ર કરે નીજ તનમાં
સાત્વિક તપ તે ગણાય રે—તપ.
સત્કાર માન પુજા મન ધારે, અસ્થિર ક્ષણીક તે તો છે પ્યારે,
રાજસી તપ તે ગણાય રે—તપ.
મૂંઢ દુરાગ્રહી પીડા સહીને, અન્યના નાશમાં તત્પર રહીને,
તામસી તપમાં લેપાય રે—તપ.

—અરે દુખ શું કહું મારૂં રે—

દેવું જોઇએ એવું જે ધારી રે, ભલે હોય અનુપકારી રે[૨]
દેશ કાળ અને પાત્રજ ધારી, શ્રદ્ધા થકી જે અપાય;
યોગ્ય પુરૂષને દાન અપાયું, સાત્વિક તેહ મનાય—દેવું.
બદલો લેવાની ઇચ્છા ધરી, ફળ ઇચ્છા થકી જે દેવાય,
કલેશ થકી જે દાન કરાએ, રાજસી તે કહેવાય—દેવું.
અદેશ કાળે અપાત્રને અપમાન થકી જે દેવાય,
તિરસ્કારથી જે દાન અપાયું, તામસી તેહ ગણાય—દેવું.

—શંખ ચક્રત્રિશુલ બીરાજે—

આદિ નામ તે ૐ ગણાએ, મધ્યં નામ એ તત્ ને એ
સત્ત રહ્યું જે અંત વિશે, એ ત્રણુને શાસ્રો બ્રહ્મજ કહે
સૃષ્ટાએ રચી સૃષ્ટિ જ્યારે, આ બ્રહ્માંડ વિશે નિર્ધાર,

બ્રાહ્મણ વેદો યજ્ઞો સરજ્યા; ૐ તત્ સત્ થકી તે વાર.
તે માટે વિધિ શાસ્ત્રની લઈને, પ્રથમ કરે ૐ નો ઉચ્ચાર.
યજ્ઞદાન અને ક્રિયા જે તપની, કરતાં નેં બ્રહ્મના જાણનાર,
મોક્ષાભિલાષિ ક્રિયાઓ કરતા, કરતા પ્રથમ તત્ નો ઉચ્ચાર.
યજ્ઞ તપ અને દાન કરીને ફળ ઇચ્છા નવ રાખે લગાર,
"જે હોય" તેને સત કહે છે, અસત દ્રષ્ટે નવ દેખાય.
વ્યવ્હારમાં એ સત ને જાણો, ઉત્તમ કાર્ય વિશે વપરાય
યજ્ઞ તપ અને દાન ક્રિયામાં, પરમાર્થે જે કાર્યો થાય.
તેને સત્ય કહે છે સર્વે, એથી ઉલટું અસત વદાય
સત છતાં પણ અસત ગણાએ, જો તે વિણ શ્રદ્ધાથી થાય
લાભ તેને છે નહીં જગમાં, અહીંયા કે પરલોકની માંય
હરી ૐ તત્સત્ ભગવદ્ગીતામાં, કૃષ્ણાર્જુન સંવાદ કહ્યો,
શ્રદ્ધાત્રય વિભાગ યોગનો સત્તરમો અધ્યાય થયો.



ॐ श्रीमत्स्वामी

आनंदानंद सरस्वती–संगीत.

भगवद्गीता–संन्यासयोग अध्याय १८.

અર્જુન— —પ્રાણપ્યારી ઉઠતું—

મહાબાહો શ્રી હરી હેષિ કેશ કેશી મારનારા,
સંન્યાસ તત્વ તે શું હશે, કહો ત્યાગની કથાય,
જાણવા ઇચ્છા છે માહેરી, કર જાહેરી ન્યારા ન્યારા—મહા.

શ્રીકૃષ્ણ—સકામ કર્મના ત્યાગને વિદ્વાનો સંન્યાસ લહે,
કર્મફળ નવ રાખવા કહે ત્યાગ વેદો જાણનારા—મહા.
દોષિત કર્મો સર્વ છે, ડાહ્યા પુરૂષ કહેતા ત્યજવા,
યજ્ઞ દાન તપ ના તજો, કહે અન્ય તત્વો જાણનારા—મહા.

—સાનીપ રેગમપ—

સાંભળી લે નિશ્ચય મ્હારો તું પ્યારા[૨]
સત્ય વાત હું તુજને જણાવું, ત્રણ જાતીના ત્યાગ ગણાવું,
યજ્ઞ દાન તપ કાર્ય જણાવું, યોગ્ય નથી તે બંધજ થાવું—સાં.
પવિત્રને પણ શુદ્ધ કરે છે, સજ્જન પુરૂષો તેને ગ્રહે છે,
આશક્તિ ફળ ત્યાગ કરે છે, પ્રિતે કરવાનું કરી લેછે—સાં.
નિશ્ચય મારો કહ્યો મેં તુજને, જે કંઇ ભાસ્યું ઉત્તમ મુજને,
કર્મો ત્યજવા યોગ્ય ન તુજને, શાસ્ત્રો કહે છે કરવા મનુજને—સાં.
મોહ થકી ત્યજતા જે તેને, તામસી ત્યાગ વદે છે જેને,
માટે કદી નહિ ત્યજવા તેને, ફ્લની ઇચ્છા ત્યાગી દેને—સાં.

કાયા કલેશથી દુખજ ધારી, જે કોઇ કર્મો દિયે વિદારી,
ફળ જેનું નવ મળે લગારી, રાજસી ત્યાગ લિયો તે ધારી—સાં.
કર્મો સર્વે ઉત્તમ માને, સંશય જેમાં લેશ ન આણે,
આ શક્તિ ફળ મંન ન આણે, સાત્વિક તેને પંડિત જાણે—સાં.

—સુણ પ્રીત ભરથરી—

સત્વ ગુણવાળો બુદ્ધિમાન એહ —સંશય જેને લેશ નહીરે.
દુખદાયી કાર્ય ધિક્કારે ન તેહ આશક્તિ સુખ વિશે નહીરે
દેહ ધારી જીવે ત્યાગ ન કરાય સંશય જેને લેશ નહીરે.
કર્મફળ ત્યાગે ત્યાગી તે મનાય- આશક્તિ સુખ વિશે નહીરે
કર્મ ફળ તણા ત્રણ છે પ્રકાર- સંશય જેને લેશ નહીરે
સારા માઠા અને મિશ્રિત વિચાર આશક્તિ સુખ વિશે નહીરે
ફળ ઇચ્છા ધારીને તે પ્રાપ્ત થાય સંશય જેને લેશ નહીરે
ત્યાગી નિર્લેપ રહેતો સદાય આશક્તિ સુખ વિશે નહીરે
સર્વ કાર્ય સિદ્ધિ માટે સાંખ્યમાંય સંશય જેને લેશ નહીરે
પાંચ કારણો વિસ્તારી કહું આંય આશક્તિ સુખ વિશે નહીરે

—લઈ શીખ તમારી આમાત—

દેવ કર્તા શરીર ઇન્દ્રિય, ક્રિયા ભિન્ન તેહની
પાંચ કારણ એ કહેવાય, કહું રીત એહની.
મંન વાણી શરીરથી થાય, મનુષ્યથી કર્મ જે,
સારૂં અથવા હોય ખરાબ, કારણ તેના પાંચ છે.
તેથી મુર્ખ આત્માને સદાય, કર્તા રૂપ દેખેછે
મૂઢ બુદ્ધિ તે અંધ ગણાય, થયું શું તે પેખેછે.

નથી કર્તા હું એનો આપ, બુદ્ધિ લેપાએ નહીં,
હણે ત્રિલોકને દઇ થાપ, પાપે બંધાએ નહીં.
જ્ઞાનજ્ઞેય અને જાણનાર, પ્રેરી રહ્યા કર્મમાં,
કાર્ય કારણને કરતાય, વિભાગો એ કર્મના.
જ્ઞાન કર્મ અને કરતાય, વિધિ ત્રણ સાંખ્યમાં,
સાંભળ પૂર્ણ વિધિથી તેહ અધુરૂં રાખમાં

—સખી પડવાની પડ પ્રિત—

જે જ્ઞાન થકી સહુ જન પ્રભુને નિહાળે રે
સર્વ પ્રાણી વિશે હરી એક નજરે ભાળે રે
અનેક રૂપે અવિનાશ, એક રહ્યો વ્યાપી રે,
એ સાત્વિક જ્ઞાન પ્રકાશ, બુદ્ધિ સ્થાપી રે.
જન જુદા રૂપે અનેક, ઇશ્વર કહેતા રે,
એવું ભિન્ન પણાનું જ્ઞાન, રાજસી લેતા રે.
તત્વ ન જાણે લેશ, આગ્રહ રાખે રે,
અલ્પ બુદ્ધિ તે કહેવાય, તામસી ભાખે રે.
શાસ્ત્ર પ્રમાણે કર્મ જ્ઞાની કરે છે રે,
રાગ દ્વેષ રહીત સદાય, આશક્તિ ન લે છે રે.
ફળ ઇચ્છા નવ થાય, રહે તે નિરાશી રે,
કર્મ સાત્વિક તે કહેવાય, કહે અવિનાશી રે.
ઇચ્છા થકી કરે કર્મ, વળી અહંકારે રે,
એ છે રાજસી કેરા ધર્મ, સહે કષ્ટ ભારે રે.
સમજ્યા વિણ પરિણામ, કર્મ જે કરતા રે.
ક્ષય હિંસા તણો વિચાર, ન ઉરમાં ધરતા રે,

મરે ન બકરી એક, સિંહ પર ધાએ રે,
કર્મ તામસી તે કહેવાય, વિચાર ન થાએ રે,
આશક્તિ અને અહંકાર, નહિં તે રાખે રે.
વળી ધીરજ તે ઉત્સાહ, કર્મમાં દાખે રે
સિદ્ધિ અસિદ્ધિ સમાન, નથી પૂરવાએ રે,
વિકાર વિના કરતાંય સાત્વિક મનાએ રે,
કામ થકી અકળાય, કર્મફળ ઇચ્છા રે.
અતિ લોભી હિંસક તેહ, રહે અસ્વચ્છા રે.
હર્ષ અને છે શોક, જેના સાથી રે.
કહે રાજસી તે કરતાયં ન ઇચ્છા જાતીરે,
સમાન નહીં સહેનાર, વિવેક વિનાનોરે.
હઠી કપટી દ્વેષિ તેહ, આળસુ જાણોરે,
હિંમત છે ન લગાર, ઢીલ બહુ ધારેરે.
એવા તામસી કર્તા સહાય, દુખીછે બારેરે,
વળી બુદ્ધિ ધિરજ જેહ, ભેદ ત્રણ તેનારે.
કહું પૂર્ણ રીતીથી તેહ, સુણ મુજ વેણારે,

—પધારે પોપટ રાજા રામની—

પ્રવૃત્તિને નિવૃત્તિ વળી, કરવા યોગ્ય જ કર્મ,
શું નહિં કરવું મોહરે, કયો મારો છે ધર્મ—પ્રવૃત્તિ.
ભય તણી ઉત્પતિ ક્યાં થકી, કોને અભય કેવાય,
બંધ અને મોક્ષ જાણે જે, સાત્વિક બુદ્ધિ ગણાય—પ્ર.
ધર્મ અને અધર્મને, સમજે નહી તે લગાર,
કાર્ય અકાર્ય જાણે નહીં, રાજસી બુદ્ધિધાર—પ્રવૃતિ.

અધર્મને ધર્મ માનીને, રાખે ઉલટી જે રીત,
બુરૂં બીજાનું જે કરે, તામસિ બુદ્ધિ ખચીત—પ્રવૃતિ.
યોગ થકી મન પ્રાણની, રાખે ક્રિયાઓ ઠીક,
અડગ થઇ રહેતો સદા, ધીરજ તે સાત્વિક—પ્રવૃતિ.
વળગી રહે ફળ ઇચ્છાને, ધર્મ અર્થને કામ,
આશક્તિમાં રહે અંધ તે, ધીરજ રાજસી નામ—પ્ર.
નિંદ્રા ભય વળી શોક જે, ક્લેશ અને અહંકાર,
મુર્ખાઇથી છોડે નહીં, ધીરજ તામસીધાર—પ્રવૃતિ.

—હાર આ દેખું ડુંગરે તણી—

સુખ છે ત્રણ પ્રકારના, સાંભળ તું બળવંત,
આનંદ થાય અભ્યાસથી, દુખનો આવે અંત—સુખ.
વિષ દેખાય આરંભમાં, પણ અંતે સુખ હોય,
સાત્વિક સુખ તેને કહે, થાય જ્ઞાનથી સોય—સુખ.
પ્રથમ અમૃત દિસતું, અંતે વિષ જણાય,
ઇન્દ્રિયોથી તેનીઉત્પતિ, રાજસી તે મનાય—સુખ.
મોહ છે આદિ અંતમાં, નિંદ્રા આળસ થાય,
પ્રમાદ ઉત્પતિ જાણવી, તામસી સુખ ભાય—સુખ.
ત્રણ ગુણો વિસ્તારી કહ્યા, પ્રકૃતિ થકી થાય,
દેવ કે દેવી ને માનવી, મુક્ત તેથી ન થાય—સુખ.

—લતા આ લીલી વૃક્ષની

બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્યને વળી શુદ્ર જે ગણાય,
કર્મો ગુણ સ્વભાવથી, જુદા જુદા મનાય—બ્રાહ્મણ.

શાંતિ તપ શુદ્ધિ ક્ષમા, જ્ઞાન વિજ્ઞાન કહેવાય,
આત્મ નિગ્રહ સીધાપણું, માને શ્રીહરી એક સહાય—બ્રા.
બ્રાહ્મણના એ ગુણ છે, સ્વભાવથી તે થાય,
ગુણ જેના જેવા જેહમાં, તેવી તેવી તે જાત મનાય—બ્રા.
ધિરજ શૌર્યને ચપળતા, યુદ્ધથી ના ધભરાય,
અન્યને વશમાં રાખવા, ક્ષત્રિ સ્વભાવ ગણાય—બ્રા.
વેપારમાં મન વૈસ્યનું, ખેતીને ગૌરક્ષાય,
સેવાએ શુદ્રનું કર્મ છે, સ્વભાવથી તે થાય—બ્રાહ્મણ.

—ધીક ગુવા ધીક સુજને—

પોતે પોતાના કર્મમાં, મચી રહે ધરી ટેકજી—
સત્વર સિદ્ધિ તેને મળે, કહું તેનો વિવેકજી—પોતે.
જે થકી પ્રાણીની ઉત્પતિ, વ્યાપક સર્વમાં જેહજી,
સેવા કરીને કર્મની, પામે સિદ્ધિયો તેહજી—પોતે.
ગુણ ન હોય સ્વકર્મમાં, જાણો બીજાથી શ્રેષ્ઠજી,
પાપ નથીરે સ્વધર્મમાં, પરધર્મ છે વેઠજી—પોતે.
દોષિત કાર્ય ભલે રહ્યું, તજવો નહીં નેમજી,
ધુમ્રથી અગ્નિ વ્યાપ્ત છે, કાર્યો દોષથી તેમજી—પોતે.
અનાશક્ત બુદ્ધિ જેહની, મનો નિગ્રહી જેહજી,
ઇચ્છા રહીત સંન્યાસી છે, પામે સિદ્ધિયો તેહજી—પોતે.

—મારા ભાગ્ય તણો નહી પાર—

સિદ્ધિ પ્રાપ્ત કરે જે જંન, જ્ઞાની જાણો તે ઉત્તમ,
પ્રિતે સાંભળ દઇને મંન, જેથી પ્રાપ્ત થાએ બ્રહ્મ—સિદ્ધિ.
શુધ બુદ્ધિથી યુક્ત થઇને, ધીરજ નિગ્રહ ધારે,

શબ્દ વિષયને રાગ તજીને, દ્વેષ ન રાખે ક્યારે—સિદ્ધિ.
એકાંતે રહી આહાર કરી લઘુ, તન મન ધનને જીતે,
ધ્યાન યોગ પરાયણ રહે તે, વૈરાગી દઢ રીતે—સિદ્ધિ.
અહંકાર બળ ગર્વ ઇચ્છા, ક્રોધ લોભ નહીં તેને,
શાંત સદા મમત્વ વિનાનો, બ્રહ્મરૂપ કહે જેને—સિદ્ધિ.

—ગજલ-પહાડી—

બ્રહ્મ રૂપ થઇ તે પ્રસન્નરહે, ઉર હર્ષ ન શોક ન ઇચ્છા ધરે,
સર્વ પ્રાણી વિશે સમદૃષ્ટિ રહે, મારી ઉત્તમ ભક્તિ તે પ્રેમે કરે.
કોણ કેવો છું હું ક્યાં જવુંછે મારે, કયાંથી આવ્યો ને ભક્તિથી કોણ તારે
એવો અવિનાશી આત્મા જણાય જ્યારે, બ્રહ્મરૂપ થયો પછી મુક્ત ત્યારે
ભલે કર્મ સહુ નિત્ય તેતો કરે, મારે શરણે આવ્યો પછી શાને ડરે,
મારી સર્વદા કૃપાનું પાત્ર ઠરે, અવિનાશી ઉત્તમપદ તેતો ધરે,
તારા કર્મ સહુ મને અર્પણ કરે, મને ઓળખી સુજને ના વિસરે.
બુદ્ધિ યોગ સદા મનમાંહે ધરે, નિત્ય ચિંતન મારૂં તું પ્રેમે કરે,
મારૂં ચિંતન કરતા મારી કૃપા થકી, દુર્ગ સંસારનો તરી જાશે નકી.
મારૂ સાંભળશે નહીં થઇને જકી, નાશ પામશે તુ તારે હાથે થકી,
અહંકારનો આશ્રય જો તું કરે, નહિં યુદ્ધ કરૂં એવું મનમાં ધરે.
એવો નિશ્ચય તારો છે મિથ્યા ખરે, પ્રકૃતિ થકી તારે તે કરવું પડે,
તારા સ્વભાવના કર્મ બંધનથી, મોહ ધરી યુદ્ધ ચ્હાતો નથી.
પ્રકૃતિ તને બાંધશે બળવતી, વિના યુદ્ધ થશે નહીં તારી ગતિ.

—પ્રભાત—

શ્રી હરી સર્વના હૃદય વિશે રહ્યા, નિત્ય નવીન તે ખેલ ખેલે,
એ નહીં એ નહીં એમ ભમાવતા, એક લે ને વળી બીજું મેલે—શ્રી.

સર્વ પ્રકારથી શરણું જા તેહને, દુખ તારા સહુ દુર જાશે,
જેની કૃપા થકી શાંતિ તું પામશે, સ્થાન અવિનાશીનું પ્રાપ્ત થાશે—શ્રી.
ગુહ્યથી ગુહ્ય મેં જ્ઞાન તુજને કહ્યું, પુર્ણ રીતે થકી મનમાં ધારે,
ઠીક ઠસાવીને હૃદય તારા વિશે, યોગ્ય દિસે તેતો કરવું તારે—શ્રી.
એથી પણ ગુપ્ત છે જ્ઞાન જે માહેરૂં, તે કહું તુજને પ્રિય જાણી,
હેત હૈયે ધરી હીત તારૂં કરૂં, પ્રિતથી સુણ તું મુજ વાણી—શ્રી.
મુજમાં મન ધરી ભક્તિ મારી કરી, પ્રેમે પુજી મને નિત્ય નામે,
સત્ય કહું છું તને પ્રિય છે તું મને, અંતમાં મુજને તુંજ પામે—શ્રી.
કર્મો સહુ તાહેરા દે કરી માહેરા, તાહેરા સર્વ હું કષ્ટ કાપું,
શોક તું કર નહિં સત્ય કહું છું સહી, સર્વ પાપો થકી મુક્તિ આપું—શ્રી.

—કુંડળીયા છંદ—

તપ નહીં કરનારને ભક્ત ન હોયે જેહ,
નિંદા જે મા'રી કરે જ્ઞાન ન કહેવું એહ.
જ્ઞાન ન કહેવું એહ શ્રવણ જે ચિત ન ધારે,
જ્ઞાન ન કહેવું એહ, જેહ છે દુષ્ટ જ ભારે.
કહે આનંદાનંદ, જ્ઞાન ન દેવું તારે
જે છે મૂઢ અપાર દયા દિલમાં ન લગારે.
પરમ ગુહ્ય આજ્ઞાન જે, મુજ ભકતોને દે,
ભક્તિ તે મારી કરી, ઉત્તમ પદ મુજ લે.
ઉત્તમ પદ મુજ લે, ભક્તિ જે ભાવથી કરતો,
મારૂં પ્રિય કરનાર, તે થકી અન્ય ન ઠરતો.
કહે આનંદાનંદ જ્ઞાન તારે તો દેવું,
જેના ઉરમાં પ્રેમ લક્ષણથી જાણી લેવું.
પવિત્ર આ સંવાદનો કરશે જે અભ્યાસ,

પૂજા માની લઇશ હું જ્ઞાન યજ્ઞની ખાસ.
જ્ઞાન યજ્ઞની ખાસ પૂજા હું માની લઉં છું,
અવિનાશી જે ધામ પ્રિતેથી તેને દઉં છું.
કહે આનંદાનંદ કાળભય તેને નાહીં,
જે આવે મુજ શરણે, રહે તે અભયપદ માંહી.
શ્રદ્ધા થકી જે સાંભળે, નિંદા કરે નહીં જેહ,
પૂણ્ય કર્મમાં તે રહી, મળશે મુજને તેહ.
મળશે મુજને તેહ જેહ ચિત મુજમા ધરશે,
સાંભળશે આ જ્ઞાન સંદેહ નક્કરમાં ઠરશે.
કહે આનંદાનંદ નિશ્ચય મનનો થઇ જાશે,
સુખમાં રહે સદાય, કાળ તેને નહીં ખાશે.
પારથ! જે આ સાંભળ્યું શુદ્ધ ચિત્તથી જ્ઞાન,
કહે મોહ તુજ કયાં રહ્યો કયાં છે તુજ અજ્ઞાન.
કયાં છે તુજ અજ્ઞાન કહે તે મુજને આંહી,
જ્ઞાન ત્યારે જણાય ઉરમાં શંકા નાંહી.
જો શંકા નવ હોય યુદ્ધ કર તું રણમાંહે,
કહે આનંદાનંદ મોહ સો દૂર પળાએ.

અર્જુન— દોહરો.

મોહ ગયો છે માહરો પ્રાપ્ત થયું સહુ જ્ઞાન,
વિણ સંદેહ હું તો લડું, આજ્ઞા તારી માન.

સંજય— —પ્યારા હમારા તુંહ મેરે—

શ્રી કૃષ્ણને અને અરજુન તણો હું સુણીને આ સંવાદ,
રોમ રોમ મુજ ઉભા થાએ, થાએ અતિ અહલાદ—અર્જુન.

શ્રીહરી કૃષ્ણનો યોગ કહ્યો મ્હેં અર્જુનથી સંવાદ,
દષ્ટિ સમીપ નિહાળી કહ્યાં જે, વ્યાસ કૃપાનો પ્રસાદ—અર્જુન.
કૃષ્ણ અને અરજુન તણો એ અદભુત શુધ સંવાદ,
આનંદ આનંદ થાઉં અતિ હું આવે જ્યારે યાદ—અર્જુન.
અદભુત રૂપ એ શ્રીહરી કેરૂં, યાદ કરૂં આ વાર,
આશ્ચર્ય મનમાં થાઉં અતી હું, આનંદ થાય અપાર—અર્જુન.
યોગેશ્વર હરી કૃષ્ણ અને જ્યાં હોએ અરજુન વીર,
લક્ષ્મી વિજય સુખ સંપતિ વાધે સુખમાં રહે શરીર—અર્જુન.
હરીૐ તત્સત શ્રીમતિ કહીએ ભગવદગીતા જેહ,
આનંદાનંદે કરી સંગીત, આનંદ ગીતા એહ—અર્જુન.
અર્જુનને શ્રીકૃષ્ણ સંવાદનો, સંન્યાસ યોગજ નામ,
અષ્ટાદશ અધ્યાયજ પુરણ આનંદ આનંદ ધામ—અર્જુન.

સમાપ્ત.

—વિશ્વ દર્શણુ પ્રવેશ—

આ જગત રૂપી શરીરના મધ્ય પ્રદેશમાં (ઈંગ્લો લૅન્ડમાં) મહારાણી શ્રી ફતેહદેવી (વિકટોરીયા) રાજ કરતા હતા. તે પોતે ઘણુાજ ઉદાર દિલના તથા માયાળુ સ્વભાવ વાળા હતા. તેમના રાજમાં ચોર લુટારા ઇત્યાદિનો ભય હતો જ નહીં. તેમજ પ્રજા પણુ સુખ ચેનમાં દિવસ ગુજારતી હતી. મંદીરમાં જઇ દેવ દર્શણુ કર્યા વિના તો કોઇ ખાતું જ નહોતું. ધર્મ કર્યા વિના તો કોઇને ચેન જ પડે નહીં. જ્યાં જોઇએ ત્યાં માણસો સાધુ સંતને સત્સમાગમ માટે ખોળતાજ હોય એટલુંજ નહીં પણુ કેટલીક વખત પોતે પણુ સાધુ થઇ જતા. અવી રીતે સર્વના મન વૈરાગ્યથી પુર્ણ હોવાને લીધે સાધુઓને ઇશ્વર કરીને માનતા હતા અને મોટા મોટા રાજાઓ પણુ સાધુની સેવા કરવામાંજ મોટાઇ માનતા હતા આવી રીતે યથા રાજા તથા પ્રજા તે પ્રમાણે સર્વ "સંસારમાં સરસા હતા મન પ્રભુની પાસ; સંસારથી અળગા રહી કરતા પ્રભુમાં વાસ" અર્થાત સર્વ સંસારથી નિર્લેપ રહી આનંદથી સ્વધર્મ પાળી પોત પોતાના કાર્યો કર્યા જતા હતા.

રાજ કર્તા જ્યારે મનને સાધુ સેવામાં દોરે છે તો સર્વ પ્રજા તે જ પ્રમાણે કરે છે તેમ મોટા મોટા મહારાજાઓ સાધુ થવાને ચહાતા હોય અને રાજને તુચ્છ ગણુતા હોય તો રાજ લેવાને માટે લડાઇ પણુ શાની થાય. એ સર્વ મહારાણી શ્રી સારી રીતે સમજતા હોવાને લીધે તેમણે પોતાનું મન પરમાર્થમાંજ અર્પણુ કર્યું હતું. અને પરમાર્થ એજ ઇશ્વરની સેવા છે. આ સર્વ મારૂં નથી પણુ ઇશ્વરનુંજ છે એમ જે જાણુતુ હોય તેને આખા જગતમાં ડર પણુ

કોનો હોય ? એજ કારણથી મહારાણી શ્રીની સર્વ પ્રજા પૂર્ણ રીતે સુખી ગણાતી હતી. એ પ્રમાણે ઇશ્વર સેવન કરતા કરતા મહારાણી શ્રીને એક પુત્ર રત્ન થયું. ઇશ્વર સેવનમાં પોતાનું નિત્ય ચિંતન હોવાથી તે પુત્રનું નામ પણ "ઇશ્વર સેવન" રાખ્યું હતું. પણ તે પુત્ર ઘણો લાડકવાયો હોવાથી તેને લાડમાં "ઇડવર સેવન અથવા ઍડવર્ડ સેવન" કહેતા હતા. અને તેના પરજ પોતાનો પુર્ણ પ્રેમ હોવાથી પોતાના દેહાંત પછી પોતાની દેવસુમી ઇશ્વર સેવનમાં અર્પણ કરી. અર્થાત ઍડવર્ડ સેવન ગાદિપર બેઠા. ઇશ્વર સેવન કરવાથી અદ્વૈત થવાય છે, ઇશ્વર રૂપ થવાય છે, તેથી ઍડવર્ડ સેવનના લગ્ન શ્રી અદ્વૈત દેવી (ઍાલ-એક-ઝાંડ્રા) સાથે થયા હતા. એ મહારાણી શ્રી જાણતા હતા કે સર્વ જીવોનું રક્ષણ કરીશું અને તેને ઇશ્વર (મોટા) કરીશું તો જ આપણે ઇશ્વરના દર્શણ કરવાને ભાગ્યશાળી થઇશું કારણ કે સર્વ જીવો મળીને એક ઇશ્વર થાયછે. જ્યારે પારકું પોતાનું એક કરવું હોય તો અન્યનું રક્ષણ કરવું જ જોઇએ અને જેનું આપણે રક્ષણ કરીયે તે આપણું થયા વિના રહેજ નહીં. તેથી સર્વ જીવોને એક કરવા માટે જીવ રક્ષાનો કાયદો કાઢયો અને અનેક સ્થળે જીવ રક્ષણના ફંડો સ્થપાયા અને એ બાબતમાં ઇશ્વર સેવને પણ પુરતી મદદ કરી. એ જીવ રક્ષાથી સર્વ જીવોનો એડવર્ડ સેવનને ત્યાં જન્મ થયો, (પૃથ્વી-પગ. જળ-જાંગ. અગ્નિ-પેટ. વાયુ-છાતી. અને આકાશ-માથું) એ પાંચે મળી એક ઇશ્વર ગણાય છે. જ્યારે ઇશ્વર પ્રગટ થાય ત્યારે આનંદાનંદ થવોજ જોઇએ તેથી શ્રી પ્રભુના લગ્ન આનંદ (મેરી) સાથે થયા અને "જીવ પંચાનંદ" (જ્યૉર્જ પંચમ મેરી) નામ ધારણ કરી ઇશ્વર પદે બિરાજમાન થયા. અને ઇશ્વરના દર્શણ કરી ઇશ્વર સેવન મુક્તિને પામ્યું. અને જે જીવ હતા તેજ શીવ થઇને

ગાદિએ બેઠા. જેને આપણે દિવા કહેતા હતા તેજ આજે વિજળી થઇ ગયા. પૂર્વમાં જેકૃષ્ણની વાત સાંભળી હતી તે આજ પ્રત્યક્ષ દેખાવા લાગી કે શ્રીકૃષ્ણની બેન વિજળી હતી જે કંસના હાથમાંથી છટકી ગઇ હતી. આવી રીતે સર્વને પ્રત્યક્ષ જણાયું કે જેને આપણે જીવ કહેતા હતા એ જ મહારાજાધિરાજ શીવ છે. એ જ પરમાત્મા છે અને તે, જેમાં સૂર્યનો અસ્ત નથી એવી લેન દેન (લન્ડન) ની ગાદિપર બિરાજમાન થયા.

પ્રજા જાણતી હતી કે ઇશ્વરને મેળવવા માટે દાન કરવાની ઘણીજ જરૂર છે. એ દાન કયાં સુધી કરવું કે આપણો ઇશ્વર હાથ પકડે ત્યાં સુધી. ઇશ્વરે જેટલું લીધું હશે તે દેવાને માટે હાથની જરૂર પડી કારણ કે હાથ હોય તોજ લેન દેન થાય. તેથી જીવ મહારાજે પ્રજાની પાસે દાન લેતા પ્રજાનો હાથ પોતાને કબજે કરી લીધો અને હસ્તિનાપુરની ગાદી પર બેઠા. અને પેટ (ભરતખંડ) ના મહારાજા થયા. અહીંથી દાન ધર્મ કરવાનું જીવ પંચને તાબે થયું. અર્થાત કંઇ ધર્મ યા દાન કરવું હોય તો તેને માટે પંચ નીમવી પડે અને પંચ કહે તે પ્રમાણેજ દાન અથવા ધર્મ થાય. પણ સ્વતંત્ર રીતે થાય નહીં આવી રીતે જે પોતાનો ધર્મ હતો તે પ્રજાએ શ્રી જ્યૉર્જ મહારાજને અર્પણ કર્યો, આથી સાધુ સંતોને માનવાનું બંધ રહ્યું. જે સાધુઓને આજથી માત્ર વીસ વર્ષ પર મહારાજાઓ પગે લાગતા હતા તેજ સાધુઓ આજે તેમને પગે લાગે છે પણ મહારાજાઓના મિજાસ એટલા વધી ગયા છે કે સાધુઓના સામું પણ જોતા નથી. જે જગદગુરૂઓને માટે પોતાના તન મન અને ધન અર્પણ કરતા હતા તેજ જગદ ગુરૂઓની આજે પ્રજા તરફથી મોટી મોટી ટીકાઓ થાય છે. ભલે જે થાય તે ખરૂં પણ અમો તો સાધુ રહેવામાં જ

આનંદ માનીયે છીયે અને સાધુઓના ઉપર કંઇકના રાજ્યો ઓવા-રીને ફૂંકી દઇએ છીયે. ઇશ્વરે પોતાના સ્વમુખથી કહ્યું છે કે “ સંર-ક્ષાકાજ સાધુની પાપીના નાશ કારણે; ધર્મ સુસ્થાપવા માટે, જન્મુ છું હું યુગે યુગે.” હશે સાધુનુ રક્ષણ કરવાનું કામ ઇશ્વરનું છે. હા-લમાં આપણી ચાલુ વાત ચાલવાદો.

સુખની ઇચ્છાર્થા જે પ્રજાએ લાંબા વખત સુધી ઇશ્વર સેવન કર્યું. દાન કર્યા, ભક્તિયો કરી, જીવ રક્ષણો કર્યાં ઇત્યાદિ અનેક કષ્ટો સહન કર્યા તે કંઇ નિષ્કામ ભક્તિ નહીં હતી પણ સકામ હતી તેથી જ્યારે ઇશ્વરે પ્રત્યક્ષ થઇ દર્શણ આપ્યા તો પ્રજા પણ પોતાના હકો કેમ ન માગે અલ્બત માગે જ. માત્ર જેણે નિષ્કામ ભક્તિ કરી હોય તેજ ન માગે બાકી બીજાના શું આસરા ? કારણ કે નિષ્કામ વાળો જાણેજ છે કે સૌની વલે તે વહુની થશેજ થશે. તો પછી મા-ગવાની જરૂરજ શું છે. આથી ચારે જીવો પાંચમા જીવની પાસે સ્વ-રાજની માગણી કરવા લાગ્યા. અને સર્વને પોત પોતાના ઘરના મહા-રાજા થવાની ઇચ્છા થઇ. કારણ કે પ્રજાએ દાન ધર્મ અર્પણ કર્યા હતા પણ મન અર્પણ કર્યું નહોતું તેથી સર્વના મન બ્હેકી ગયા. સર્વને સારૂં સારૂં ખાવાનું જોઇએ, સારા સારા કપડા લતા જોઇએ, ગાડી ઘોડા જોઇએ, મોટર વિના તો ચાલેજ નહીં અને સાધુ લો-કાને તો દેખે ત્યારથીજ જાણે એમના કાળ આવ્યા તો સેવા તો કયાંથી જ થાય. સર્વને રાજનીજ ઇચ્છા હોય તો વૈરાગ્ય થાયજ કેમ. તેમાં સ્ત્રિયો એ તો જાણે પગનો છેડો માથેજ નાખી દીધો. જ્યાં જોઇએ ત્યાં બૈરાંઓના લેકચર ચાલતાજ હોય અને તે સાંભળવા મરદ જાય અને તેમના સામું પોતાના નમાયલા ચાડા વિકાસીને બેસે. બ્રાહ્મણોએ કોટ પાટલુન ને હૅટ પ્હેરી ઉંચી પંક્તિમાં ભળવા માંડયું એટલે વૈશ્ય તથા શુદ્રો પોતાના પૂર્વજ બ્રાહ્મણ છે એમ સિદ્ધ

આપની જે ઇચ્છા હોય તે કહો, મારામાં હવે લડવાનો દમ નથી, ઇત્યાદિ શબ્દો બોલી શ્રી પત્રજી મહારાજની પાસે દયામણું મ્હોં કરીને પુતળાની માફક ઉભો રહ્યો આ વાત આપણે અત્રેથી છોડીશું અને રાજકોટમાં શું બને છે તે તરફ જરા લક્ષ દોડાવીયે.

રાજકોટમાં.

રાજકોટને વિશે રા. રા. શ્રી બળવંતરાય ત્રિપુરાશંકર કરીને મીલીટરીમાં એકાઉન્ટન્ટ હતા તેમની પુને બદલી થતા સ્વામી શ્રી આનંદાનંદજીની પોતાને ત્યાં પધરામણી કરી તેમને માન તથા પ્રિતિ પૂર્વક આસન આપી પૂજા આરતી ઇત્યાદિ કરીને સ્વાભાવિક પ્રશ્ન કર્યો કે હે મહારાજ આ લડાઇને વિશે શું થશે તે જો આપ જાણુતા હો તો કૃપા કરીને કહો કારણ કે મહાત્માઓની દૃષ્ટિ દિવ્ય હોય છે. આ ઉપરથી સ્વામી આનંદાનંદજીએ સમાધિ ચડાવી પોતાની દિવ્ય દૃષ્ટિથી રણુની સર્વે હકીકત જોઇ ત્યાં શું શું બને છે તેનું વર્ણુન નીચે પ્રમાણે કરવા લાગ્યા.

આનંદાનંદ—હે બળવંતરાય! જ્યૉર્જ મહારાજાએ જોયું કે હઝારો બલ્કે કરોડો માણુસોનો નાશ થવા છતા પણુ લડાઇનો અંત આવતો નથી. મારી સર્વે પ્રજા અતિશય દુખી થઇ રહી છે. તેમજ આ તરફ કાઇઝર પણુ મારો ભાઇજ થાય છે એને મારવાથી પણુ મને તો શોકજ થશે ઇત્યાદિ જેવી રીતે અર્જુનને મહાભારતના યુદ્ધ વિશે વૈરાગ્ય આવ્યો હતો તેવીજ રીતે જ્યૉર્જ મહારાજને પણુ વૈરાગ્ય આવવાથી ગમે તે પ્રકારે લડાઇ પતાવવાની ઇચ્છાથી સલાહ કરવા માટે ગોઠવણુ કરવા લાગ્યા.

હે બળવંતરાય! જેવી રીતે અર્જુનનો રથ હાંકનાર શ્રીકૃષ્ણુજી

હતા તેવીજ રીતે જ્યૉર્જનો રથ હાંકનાર શ્રીપત્રજી મહારાજ હતા. તે આવી રીતે દુશ્મન સાથે સલાહ કરવાના વિચારમાં પડેલા મહારાજા જર્યોર્જને પુતળાની માફક ઉભા રહેલા જોઇને હસીને આ પ્રમાણે કહેવા લાગ્યા.

પત્રજી મહારાજ—હે જ્યૉર્જ! તુ આ શું કરે છે. રાજાઓની કિર્તિ લડાઇથીજ વધે છે. વળી લડાઇની શરૂઆત કંઇ તેં પોતે કરી નથી. તેમજ સલાહ કરવાને જ્યારે આપણે ઇચ્છા દર્શાવી હતી ત્યારે કાઇઝરે સાફ ના કહી હતી અને કહ્યું હતું કે સૂર્ય એકજ હોય, બે ન હોય તેથી આપણે કોઇ પણ પ્રકારે સલાહ કરવી યોગ્ય નથી. આપણે કોઇ પણ જાતનો અધર્મ કર્યો નથી તો પછી આપણે ડરવાનું કોઇ પણ પ્રયોજન નથી. વળી આપણા રાજમાં કોઇએ કંઇ પણ ગુનો કર્યો હોય, તેને ન્યાય પૂર્વક શિક્ષા કરવામાં આવે છે. તો કાઇઝરના અપરાધથી કરોડો માણુસની હાની થઇ છે તેથી રાજાનો ધર્મ વિચારવા જતા પણ આપણે એને શિક્ષા કરવી ઘટે છે. વળી બેલજીયમનો આપણે પક્ષ લીધો છે તેને રઝળતા મુકી આપણે સલાહ કરવી યોગ્ય નથી. એવી રીતે સલાહ કરવાથી આપણી અપકિર્તિ થશે. વળી ધર્મ ઉપર અધર્મનો જય થએલો ગણાશે. જ્યાં સુધી સૂર્યનો દુશ્મન રાહુ જીવતો હશે ત્યાં સુધી સુર્યનો અસ્ત નહી હોવા છતાં પણ અસ્ત જ ગણાશે. રાહુ જેમ સૂર્યને ઘેરી લેછે તેમ એ દુશ્મન રૂપી રાહુને જો પૂર્ણ રીતે વશ કરવામાં નહીં આવે તો તે હેરાન કર્યા વિના રહેશે નહીં. માટે દુશ્મન જ્યાં સુધી હાથમાં ન આવે ત્યાં સુધીની એ સલાહ નકામીજ છે. માટે હવે જેમ બને તેમ તેને વિસામો ન આપતા આપણે કમર કસી લડાઈનીજ તૈયારી રાખવી યોગ્ય છે.

આગળ પણ મહાભારતનું યુદ્ધ થયું હતું અને તેમાં અર્જુન પણ એવીજ રીતે હીંમત હારી ગયો હતો જેને શ્રીકૃષ્ણે સ્વામી આનંદાનંદની રચેલી ગીતા ગાઈ સંભળાવી હતી. અને એજ ગીતાના પ્રતાપ વડે અર્જુન પોતાનાથી દોઢ ઘણી સેન્યાવાળા દુર્યોધનને જીતવાને શક્તિવાન થયો હતો એ આનંદાનંદજી મારા પિતા થાયછે અને એમણે મને સંભળાવી હતી અને તેજ ગીતા હે મહારાજાધિરાજ જ્યોર્જ! હું આપને સંભળાવું છું. જેના જ્ઞાનવડે આપ અવશ્ય દુશ્મનપર જય મેળવશોજ એમાં કોઇ પણ શંકા નથી. માટે હવે આપ એક ચિત્ત થઇને સાંભળો અને મનમાં કંઇ પણ શંકા થાય તો ખુશીનીસાથે પુછજો. હું તેનું સમાધાન કરીશ. છતાં પણ મને આશા છે કે સ્વામીશ્રી આનંદાનંદજીની રચેલી ગીતાથી વિશેશ સંદેહ રહેતો જ નથી કારણ કે એમણે પોતાનું સ્વરૂપ શું છે તે જાણ્યું છે. પોતાના આત્માના દર્શણ કર્યા છે, એટલું જ નહીં પણ તેમણે અન્યને પણ આત્મ દર્શણનો લાભ આપી કૃતાર્થ કર્યા છે. અને તેજ લાભ આપને આપવાની ઇચ્છાથી મને અત્રે મોકલ્યો છે.

આનંદાનંદ—હે બલવંતરાય! એમ કહીને શ્રીપત્રજી મહારાજે આનંદાનંદ પ્રણીત સંગીત ગીતાના મહાત્મસહીત અઢાર અધ્યાય શ્રી યૉર્જ મહારાજને ગાઇ સંભળાવ્યા. અને અંતમાં જણાવ્યું કે હે મહારાજાધિરાજ હવે આપને એ વિશે જે શંકા હોય તે ખુશીની સાથે પુછો.

ઇતિ શ્રી પત્ર પુરાણે યુનીયન પ્રેસે, ગીતાક્ષેત્રે શ્રીપત્રજી જયૉર્જ સંવાદે સરસ્વતી સ્વામી આનંદાનંદ કરી તે જ્યૉર્જ વિષાદ યોગોનામ પ્રથમો અધ્યાયઃ ॥

વિશ્વદર્શણુ યોગ.

અધ્યાય ૨ જો.

જ્યોર્જ—હે પત્રજી મહારાજ! આપના મુખથી આ અમૃત રૂપી કથાનું પાન કરતા હું પોતે પણ તૃપ્ત થતો નથી. એ ગીતા વડે મારા સર્વ સંશયો છેદાઇ ગયા છે વચમાં વચમાં મને કેટલાક પ્રશ્ન કરવાની ઇચ્છા થતી હતી પણ તેનું સમાધાન આપોઆપ આગળ આવીને ઉભુંજ રહેતું હતું. આ સર્વ આપે જે મને ગીતાના વચનો કહ્યા તે સંપૂર્ણ રીતે મારા હૃદયમાં લખાઇ ગયા છે. અને તે સર્વ હું સત્યજ માનું છું. તથાપિ કોઇ માણસ જેમ બીજા શહેરનું વર્ણન કરી બતાવે પણ સાંભળનારને પ્રત્યક્ષ જોયા શિવાય આનંદ થતો નથી તેથી મારા મનમાં અનેક સંકલ્પ વિકલ્પ થાય છે કે અર્જુન કેવો ભાગ્યશાળી હશે કે જેને શ્રી કૃષ્ણના વિશ્વ દર્શણુ થયા. તે દર્શણુ કેવા હશે કેવી દિવ્ય દૃષ્ટિ થઇ હશે શું તે દર્શન મને નહીં થાય ? તેથી કૃપા કરી મને અગીયારમા અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે શ્રીકૃષ્ણે જેવું અર્જુનને વિશ્વદર્શન કરાવ્યું હતું તેવુંજ જો મારાથી પણ થઇ શકે એમ હોય તો મને કૃપા કરી પ્રત્યક્ષ આપનાજ રૂપમાં તે દર્શણુ કરાવી કૃતાર્થ કરો. કારણ કે આત્મદર્શણુ થયા પછી મનમાં કોઇ પણ જાતનો સંશય રહેતોજ નથી એવું મારૂં માનવું છે પછી તો આપને જે યોગ્ય લાગે તે ખરૂં.

કરી બ્રાહ્મણ થવા માંડયું. તેમાં ભંગી લોકોએ તો હદ કરી. તે લોકો કહે છે કે હમે તમારી અનેક વર્ષથી તમારા માબાપ સેવા ન કરે એવી હમે કરી છતાં તમે ધાવતા ગયા ને લાત મારતા ગયા તે પણ હમે સહન કર્યું. હવે તમે મોટા થયા છો માટે હવે હમારા જેવા ઘરડા વરડાની સેવા તમે બજાવો. એમ કરી તેઓ યુરોપીયન લોકોના ભડીયારા થયા જેથી મહાદેવની સાથે સાંઢીયા પણ પુજાવા લાગ્યા. હવે રહ્યામાં માત્ર યુરોપિયન રહ્યા છે તે જો હિંદુ બની જાય તો અદ્વૈત થઇ જાય. અને સ્વરાજ માગવાની જરૂરજ રહે નહીં. અને સર્વ વાતનો નિવેડો આવી જાય. જો એમ થાય તો જગદગુરૂઓના વહાણુ ફાટયા છે તેમાં મારૂં પણ એક નામ દાખલ કરાવી દઉં અને નહીં તો જગતના ચેલા તો છીયે જ છીયે તેમાં તો કોઇ ના કહે એમ નથી જ. આ પ્રમાણે પ્રજાએ પોતાનું મન રાજાને અર્પણ કરેલું નહીં હોવાથી સર્વના મન બ્હેકી ગયા. અને જેને જેને જેમ ફાવ્યું તેમ વિચાર કરવા લાગ્યા. મનને જીત્યા વગર વૈરાગ્ય શી રીતે આવે અને વૈરાગ્ય વિના જ્ઞાન પણ કેમ થાય અને જ્ઞાન વિના મુક્તિની આશા પણ કેમ બંધાય. તેથી પ્રથમ મનને જીતવું જોઇએ. પણ પ્રથમ મનનું સ્વરૂપ તથા તેનો પરિવાર (પ્રજા) ને જાણવી જોઇએ તે જાણવા માટે વૃત્તિને હવે જરામન (જરમન) તરફ દોરીયે અને જોઇએ કે તે શી રીત છટક્યું.

મહારાણી શ્રી વિક્ટોરીયાને દુનિયા પર દિગ્વિજય કરવાની ઇચ્છા હતી તેથી તેમને એક આશા નામની પુત્રીનો જન્મ થયો હતો. તે યોગ્ય ઉમરની થતા પોતાના પ્રધાન સાથે પરણાવી તેને હૃયપુર (છાતીનું) રાજ આપી મનનો માલીક કર્યો. જ્યાં સુધી ઇશ્વર સેવન હોય ત્યાં સુધી મનનું કંઈ ચાલી શકે નહીં તે પ્રમાણે એડ-

વર્ષ સેવને રાજ કર્યું ત્યાં સુધી તે મન ચુપ ચુપ શાંતીથી બેસી રહ્યું. પણ ઇશ્વર સેવન પુરૂં થતાં જ મનને કામ (વિલ્ર) નામનો પુત્ર થયો અને તેનું નામ વિલ્હેમ બીજ રાખ્યું.

જીવ પંચમ જ્યારે હાથની ગાદી લઇને પેટના મહારાજા થયા એટલે કામ ભડકયો અને તેને મહારાજા થવાની ઇચ્છા થઇ અને પોતે જર (પૈસા) મની (પૈસા) જરમની એવું પોતાની રાજધાનીનું નામ રાખ્યું અને નિત્ય કંસાર ખાવાની ઇચ્છાથી કાઇસર એ નામથી પ્રસિદ્ધ મહારાજા થયા. જ્યારે કામ મહારાજા થાય ત્યારે મોહ વધી જાય છે તે પ્રમાણે જરમનીની પ્રજામાં મોહ વધી ગયો. અને તે કાંડી નાખવા માટે પેટમાં (હીંદુસ્તાનમાં) ઘણે જ સસ્તે ભાવે વેચવા માંડયો. ઇશ્વરેચ્છાથી આ વાતનું રહસ્ય જીવ મહારાજ ચેતી ગયા કે જો મોહ બધો પેટમાં આવશે તો કામ વધી જશે અને પછી કામને મારવો એ મુશ્કેલ થઇ પડશે. એમ વિચારી સ્વાસનો દરીયો પોતાને કબજે કરી જરમનીનો જે મોહ (માલ) આવે તેના પર જકાત ઠરાવી જેથી જેમ બને તેમ પેટમાં ઓછા પ્રમાણમાં માલ આવે. એટલું છતા પણ હિંદુસ્તાનમાં ઘણો મોહ આવી ગયો અને સર્વના મન મોહમાં લુબ્ધ કરી દીધા જેથી પેટમાના સર્વ કરમીયાઓએ "જે આવે તે ખાઉં" જે આવે તે ખાઉં" કરી સ્વરાજને માટે કુરકુર કરવા લાગ્યા. પણ જીવ મહારાજે હાથની ગાદી પોતાને વશ રાખેલી એટલે જ્યાં સુધી હાથ મ્હોંમાં ન મુકે ત્યાં સુધી મોહનું કંઇ ચાલે નહીં તેથી સારૂં સારૂં ખાવાના ચરકાવાળા કામે (વિલ્હેમે) જીભને કહેવડાવ્યું કે મને હાથની પાસે જે હોય તે બધું ખુંચાવી લેવાનો રસ્તો આપ- પણ જીભે કહ્યું કે મ્હારૂં મ્હોં (રાજ) નાનું છે અને તેમાં એક કે બે કોળીયાથી વધારે રહી શકે એમ

નથી તેથી હું તને રસ્તો આપી શકીશ નહીં આથી વિલ્હેમને ગુસ્સો ચડયો અને જીભને નોટીસ આપી કે તારે તારા રાજમાંથી ચાલ્યા જવું અને મ્હોં મારે કબજે કરવું. જીવ શિવાય જીભનું રક્ષણ કરનાર કોઇ નહીં હોવાથી જીભ પેટ (ભરતખંડ) માં પેસી ગઇ અને જીવને શરણે આવી. અને કાઇસરે (કંસારે) બત્રિસ બત્રિસ મન દાંતના ગોળા મારી બેલજીઅમ (બેલજીયમ) ની રાજધાની બગાડી નાખી (બોલતી બંધ કરી) આથી પેટમાં આવતો માલ બંધ થયો અને અનાજ મળતુ બંધ થયું (મોંઘુ થયું).

મહારાજાધિરાજ જીવે વિચાર કર્યો કે જયાં સુધી જીભને એનું રાજ પાછું નહીં મળશે ત્યાં સુધી ખાવાની મારામારી રહેશે. શ્રેષ્ઠ પુરૂષોના લક્ષણ એ જ છે કે પ્રથમ તેને યુક્તિપ્રયુક્તીથી સમજાવવો અને ન માને તો પછી તેને દંડ દેવો. તેથી વિલ્હેમને સમજાવવા માટે કોને મોકલવો મુખારવિંદજી મહારાજતો બોલતા બંધ થએલા હોવાને લીધે તે જઇ શકે એમ નથી. જીભનો કંસારને જોઇને જ થથરી જાય છે. આખરે સર્વની સુરતના મહારાજાધિરાજ શ્રી પત્રજી મહારાજને મોકલવાનો નિશ્ચય થયો. તેથી જીવ મહારાજે શ્રી પત્રજી મહારાજનું સ્મરણ કરી તેમને બોલાવ્યા અને તેમની સ્તુતી કરી કહ્યું કે હે પત્રજી મહારાજ આપ સર્વથી શ્રેષ્ઠ છો. હું આપના વિશે તો એક રમકડા જેવો છું. મારો શરીર રૂપી રથ આપ જ્યાં લઇ જાઓ ત્યાં જાય છે. મારા રાજની સર્વ લગામ આપના જ હાથમાં છે. હું આપનો જ ભક્ત છું. માટે આપે જેમ પુર્વમાં ભક્તોના કામ સંભાળ્યા હતા. તેમ આજ મારૂં કામ સંભાળો. અર્જુન તરફથી જેમ શ્રીકૃષ્ણ વિષ્ટિ કરવા ગયા હતા તેમ આપ પણ મારી તરફથી વિષ્ટી કરવા જાઓ. અને કામને સમજાવો કે બોલ્ જીભનું રાજ પાછું આપીદે.

આથી શ્રી પત્રજી મહારાજ ઉત્તમ શસ્ત્રો (શબ્દો) સજીને બલુન (વિમાન) માં બેસીને કામ મહારાજના દરબારમાં આવ્યા. અને તેને સમજાવ્યો કે આ બધું તારી ખાવાની કામના છોડી દે અને હમે તને જેટલા કોળીયા આપીયે એટલાજ તું ખા જેથી તારૂં શરીર સારૂં રહેશે પણ બધું ખાવા જતા અપચો થશે. પણ કામ જેનું નામ તે માનેજ શાનો અને ઉલટો પત્રજી મહારાજને ફાડી નાખવાનો ધાક બતાવવા લાગ્યો અને કહેવા લાગ્યો કે પેટમાં એક કોળીયો પણ હું જવા દઈશ નહીં. પણ તમારી પાસે જે હોય તે બધું મને આપી દો એમ કહી શ્રી પત્રજી મહારાજને મારી નાખવાની પેરવી કરવા લાગ્યો. પણ પત્રજી મહારાજે પોતાનું ઉગ્ર સ્વરૂપ બતાવી કહ્યું કે મને ફાડી નાખતા તું પોતે ફાટી જશે કારણ કે તારૂં ચિત્ર પણ મ્હારામાંજ છે. આથી કામ નરમ પડી ગયો અને શ્રી પત્રજી મહારાજ ક્ષેમકુશળ જીવ મહારાજ પાસે આવ્યા અને કામની સર્વ હકીકત જણાવી. યુદ્ધ નક્કી થયું અને જીવ મહારાજે પેટમાના બધા કરમીયા (જીવ રક્ષણ કરનારા) ની મદદ લઇ એરાનમાં (ઇરાનમાં) વેરના વસ્ત્ર (બસ્ત્રા) માં ઔષધોપચાર રૂપી કરૂક્ષેત્રમાં મુકામ કર્યો અને હાથ, પગ, આંગળા ઇત્યાદિ મિત્રરાજ્યોની સાહાયતા લઇ ઉપચાર (લડાઇ) શરૂ કર્યા. પાંચ પાંચ વર્ષ સુધી ઉપચારો કર્યા પણ જીવ મહારાજનું કંઇ ચાલ્યું નહીં. અનેક ઉપચારો કર્યા પણ કંઇ જ ટીકી લાગી નહીં તેથી જીવ મહારાજને વૈરાગ્ય થયો કે હવે ગમે તેમ કરીને સલાહ કરવી. તેથી પોતાના રથ હાંકનાર શ્રી પત્રજી મહારાજને કહેવા લાગ્યા કે હે પત્રજી મહારાજ આ સર્વે તો મારા ભાઇ ભાડુંઓ છે એમના ફોલ્લા ફોડી નાંખવાથી મને પાપ લાગે તેથી હું તો હવે જેમ બને તેમ સલાહજ કરવા માંગું છું માટે

—લલીત છંદ—

કૃપા કરો મને વેણુ જે કહ્યાં, પ્રિત થકી સહુ ચિત્તમાં લહ્યાં,
પરમ ગુહ્ય એ ધારી હું રહ્યો, સુણીને મારો મોહના રહ્યો.
સર્વ પ્રાણીની નાશ ઉત્પતિ, સુણી વિસ્તારથી જે તમે કથી,
મહાત્મ્ય આપનું જાયના કર્યું, કમળ નેન મ્હેં સર્વ સાંભળ્યું.

રૂપ જે આપનું આત્મને વિશે, અતિ અદ્‌ભુત તે, મુજને દીસે,
પ્રચ્છું હું તે પ્રભુ દષ્ટે ન્યાળવા, મન તણા સહુ, વ્હેમ ટાળવા.
ફરી હું રૂપ તે જોઇ જો શકું, દયા કરી મને, ઘોને પારખું,
રહીત નાશ જે આત્મ ઇશ્વર, બતાવો તે મને હે યોગેશ્વર.

પત્રજી મહારાજ—હે જ્યોર્જ ! મારા શરીરને વિશે હઝારો ખ્રીસ્ત હઝારો રામ, કૃષ્ણ, અલ્લાહ અને સૃષ્ટિમાં મનાતા સર્વ દેવો બતાવું છું. આવું આશ્ચર્ય કોઇએ જોયું પણ નથી અને જોવાશે પણ નહીં મારા શરીરને વિશે આખું બ્રહ્માંડ એકજ સ્થળમાં જોઇ લો અને એ ઉપરાંત પણ જે તમારી ઇચ્છા હોય તે જોઇ લો. પણ મારૂં આ સ્વરૂપ તમારી દષ્ટિથી દેખાવું ઘણુંજ મુશ્કેલ છે તેથી હું તમને મારા અક્ષરો રૂપી દિવ્ય ચક્ષુ આપુંછું જેવડે મારૂં પૂર્ણ સ્વરૂપ જોઇને તમારા સર્વ સંદેહ દૂર કરો

—તુમ ચીજે કયા કયા લાએહો—

મારા સેંકડો રૂપ હઝારાજો (૨), અનેક પ્રકારની આકૃતિ જો (૨) મારા.
આદિત્ય વસુ રૂદ્ર મરૂત નિહાળો, વળી તું અશ્વની કુમારો જો. મારા.
હઝારો રામ ને કૃષ્ણ, કરોડો અલ્લાને ખ્રીસ્ત, શંકર વિશ્નુના ચિત્ર
મારા જો. મારા.

આશ્ચર્ય સહુ બતાવું, જોયું હશે નહીં આવું,
વળી જગમાં ન થાવું પ્યારાજો—મારા.

રૂશિયાને તુર્ક જોતું, જર્મની રહ્યું છે રોતું,
સ્વીડન નોર્વે છે ખોટું હાં...એ સહુ ભક્ષછે મારાજો—મારા.

હોય ઇચ્છા જેજે તારી દેહમાં તું ભાળે મારી,
મૅપ મ્હારો જો નિહાળી હાં...ચરાચર બ્રહ્માંડ સારાજો—મારા.

દિસે નહીં દષ્ટે તારી આપું દિવ્ય ચક્ષુ મારી,
સુક્ષ્મ દર્શક ધારી હાં—દૂર કર સંદેહ તારાજો—મારા.

આનંદાનંદ—હે બલવંતરાય ! આ પ્રમાણે કહીને શ્રીપત્રજી મહારાજે પોતાનું નકશારૂપી વૈરાટ સ્વરૂપ શ્રી જ્યૉર્જ મહારાજને બતાવ્યું જેમાં અનેક ગામો શહેરો ઇલાકાઓ ખંડો અનેક મુખો, અનેક આંખો અનેક પ્રકારની આકૃતિયો જેમાં કોઇએ વસ્ત્ર ધારણ કર્યા છે, કોઇએ માળા ધારી છે. કોઇએ દિવ્ય ગંધો લેપન કર્યા છે ઇત્યાદિ આશ્ચર્યથી પૂર્ણ ભરપુર અને જાણે આકાશમાં કરોડો સૂર્ય સાથે ઉગ્યા હોય એવા પ્રત્યક્ષ માણસોના શરીરો જોઇને જ્યૉર્જ મહારાજના આશ્ચર્યથી રોમે રોમ ઉભા થઇ ગયા.

આનંદાનંદ— —ચટકતી ચાલ ચાલી આવ્યા—

મહાયોગેશ્વર શ્રી હરી પત્રજી આપરે,
બતાવ્યું રૂપ અંત વિણ પ્રેમથી ત્યાં જ્યૉર્જને—મહા.

સાખી—મુખ ઘણા આંખો અતી, અદ્ભુત દર્શણ જાણ,
દિવ્ય આભુશણ શોભતા, આયુધ શ્રેષ્ટ સુજાણ—મહા.
દિવ્યમાળા વસ્ત્રો ધરી, દિવ્ય ચર્ચિત ગંધ,
આશ્ચર્યથી ભરપુરતે, મનુષ્ય મુખ અનંત—મહા.

સૂર્ય પ્રકાશ આકાશમાં, જાણે કોટી હઝાર,
પ્રગટ નિરખ્યો મૅપ ત્યાં, પત્રજીનો તે વાર—મહા.
દેવોના પણ દેવના, શરીર વિશે નિરધાર,
દુનિયા સર્વે નિરખી, દીઠી એકજ ઠાર—મહા.
વિસ્મયથી ત્યાં જ્યૉર્જનાં, રોમ ઉભા થઇ જાય,
કરજોડી સ્તુતી કરી, શીશ નમાવ્યું પાય—મહા.

હે બળવંતરાય! આ પ્રમાણે શ્રીપત્રજી મહારાજનું વૈરાટ રૂપી નકશા સ્વરૂપ જોઇને પૂર્ણ રીતે આશ્ચર્ય પામેલા એવા શ્રી જ્યૉર્જ મહારાજ શ્રી પત્રજી મહારાજની નમી નમીને આ પ્રમાણે સ્તુતી કરવા લાગ્યા.

જ્યૉર્જ—

હે પત્રજી મહારાજ ?

આપ આ જગતના ગુરૂ છો. કારણ કે આખી સૃષ્ટિનું જ્ઞાન આપમાં જ સમાયલું છે. ચારે વેદ, છએ શાસ્ત્ર અને અરાડે નહિ પણ અનેક પુરાણો આપમાં જ રહ્યા છે જેથી આપ સાક્ષાત જ્ઞાનરૂપ છો, સાક્ષાત સરસ્વતી છો. જગતમાં સઘળા આપનીજ સેવા કરે છે તેથી આપ જગતના મહારાજા છો. સર્વ જગતનું આપજ પોષણ કરી રહ્યા છો તેથી આપનું વિશ્વંભર નામ યોગ્ય છે. સૂર્ય વડે તો હમે થોડુંજ જાણી શકીયે છીયે પણ આપનાથી તો હમે સારી સૃષ્ટિની ખબર મેળવી શકીયે છીયે, તેથી આપ સૂર્યના પણ મહા સૂર્ય છો. ચંદ્ર, તારા, પૃથ્વી, સાગરો, મહા સાગરો તેમજ અનેક બ્રહ્માંડો આપના એક અંશ માત્રમાં સમાયલા હોવાને લીધે આપ કેટલા મોટા હશો તેનું માપ કરવું એ હમારી શક્તિની બહાર છે.

વળી નોટ, લોન, હુંડી, ચેક, હુકમ ઇત્યાદિ ઐશ્વર્યથી યુક્ત હોવાને લીધે આપ સાક્ષાત ઇશ્વર છો. લક્ષ્મી કહું તોએ આપ અને મહાલક્ષ્મી કહું તો પણ આપજ છો. આપ જેની પાસે જાઓ છો તેને પણ ઇશ્વર તુલ્ય કરી દો છો તેથી આપને સાક્ષાત સજીવન સ્પર્શમણી કહું તો પણ યોગ્ય છે. આખી સૃષ્ટિનો વ્હેવાર આપનાથીજ ચાલે છે જેથી આપ જગન્નિયંતા છો. વસ્ત્ર રૂપથી સર્વ પ્રકારે આપજ હમારી રક્ષા કરી રહ્યા છો તેથી હમારા માતા પિતા છો. ગુપ્તમાં ગુપ્ત વાત હમે આપની પાસે કરીયે છીયે માટે હમારા મિત્ર છો, તેમજ નિત્યના સાથી હોવાથી હમારી સ્રી રૂપ પણ આપજ છો. હમારા ઘરબાર તેમજ આખા જગતનું ચિત્ર તમારામાં હોવાથી આપ આખા જગતના માલીક છો; સૃષ્ટિના સ્વામી છો. દુનિયામાં જે આનંદાનંદ દેખાય છે તે આપનોજ હોવાથી આપ સાક્ષાત આનંદાનંદ છો. આપનામા જેનું ચિત્ર હોય તે નામ તથા રૂપ આપજ છો. જગતનું ચિત્ર હોય તો જગત કહીએ અને મહારાજાનું ચિત્ર હોય મહારાજા કહીએ. અને સૂર્યનું ચિત્ર હોય તો સૂર્ય કહીએ તેથી આપ સર્વ રૂપવાળા છો. જયજય પત્રજી મહારાજ! આપને ધન્ય છે.

નમો સ્વનંતાય સહસ્ત્ર મુર્તયે, સહસ્ત્ર પાદાય કિશોર બાહુવે,
સહસ્ત્ર નામને પુરૂષાય શાસ્વતે, સહસ્ત્ર કોટી યુગ ધારીણેનમઃ

અર્થાત—આપ અનંત છો, હઝારો મૂર્તિ આપનીજ હોવાથી આપ હઝારો મુર્તિ છો. આપના અનેક હાથ છે, અનેક નામ છે, અનંત કોટી યુગના ધારણ કરવાવાળા એવા હે પત્રજી મહારાજ! હું આપને નમન કરૂં છું.

—નિરાકાર સ્વરૂપ—

હે પત્રજી મહારાજ ? હું આપને શી રીતે ખુશી કરૂં તે હું સમજી શકતો નથી. મારી પાસે એવી કોઇ વસ્તુ પણ નથી કે જે આપની સેવામાં અર્પણ કરૂં. છતા આપ મારી દયા જાણીને મારા તરફથી ભક્તિ ભાવ વડે અર્પાયલા પત્ર, પુષ્પ, ફળ, જળ (ખડીયો, કલમ, શાહી) ઇત્યાદિ સ્વીકારો છો એ હું મારા મહદ્‌ભાગ્ય સમજું છું. વળી આપને બોલાવું પણ શી રીતે ? કારણ કે આપ મારી પાસે જ છો. મુર્તિમાં પણ આપજ છો તેમજ ફુલમાં પણ આપજ છો તો હું ભગવાન પર ભગવાન શી રીતે ચડાવું ? તમને ખવડાવું પણ શું કારણ કે આપ આખા જગતને ખવડાવી રહ્યા છો. સૂર્ય કરતા પણ આપનું તેજ વિશેશ છે તો આપને દિવો પણ શું બતાવું. વળી આપને મ્હોં માથુ, પગ ઇત્યાદિ કંઇ છેજ નહીં તો હું આપને ચંદન પણ ક્યાં ચડાવું ?

ગજલ—કવાલી.

અજબ હેરાન હું ભગવન્ તુમ્હેં ક્યું કર રીઝાવું મૈ,
નહિં વસ્તુ કોઇ ઐસી, જીસે સેવામે લાવું મૈ—અજબ.
કરૂં કૈસે મેં આવાહન્, કિ તુ મોજુદ હૈ હરજા,
નિરાદર હૈ બુલાને મેં, અગર ઘંટી બજાવું મૈં—અજબ,
તુહીં વ્યાપક હે મુર્તિ મેંભી, તુહીં વ્યાપક હૈ ફુલોમે,
ભલા ભગવાન પર ભગવાન્, કહો કૈસે ચડાવું મૈ—અજબ.
લગાના ભોગ કુછ તુજકો, એ એક અપમાન કરનાહૈ,
ખીલાતા હૈ જો આલમકો, ઉસીકો ક્યા ખીલાવું મૈ—અજબ.
તેરેહી જ્યોતસે રોશન, હૈ સૂરજ ચંદ્ર ઓર તારે,
બડા અંધેર હૈ તુજકો, અગર દીપક દિખાવું મૈ—અજબ.

ભૂજાયે હૈ ન સીના હૈ, ન ગરદન્ હૈ ન પૈશાની,
તું હૈ નિર્લેપ નારાયણ, કહાં ચંદન ચડાવું મૈ—અજબ.

છતા આપ પોતાના વચન સત્ય કરવા માટે ધુપ, દીપ, નૈવેદ, ચંદન ઇત્યાદિ સર્વે સ્વિકારો છો કારણ કે આપે આપના શ્રી મુખથી કહ્યું છે કે—

પત્ર પુષ્પ ફળ વારી, મુજને અર્પાય છે,
હેતથી સ્વિકારૂં તેને, ભક્તિમાં ગણાય છે.

વળી મને આશા છે કે જેમ ભ્રમરીનું ધ્યાન કરતો કીટ ભ્રમરીપણાંને પામેછે તેમ આપની સેવા કરવાથી હું આપના રૂપ અવશ્ય થઇશજ.

પત્રજી મહારાજ--હે જ્યૉર્જ ! શું હજુ તું મારા રૂપ થયોછે એ તને નથી માલમ પડતું ? જરા તું તારા પોતાના તરફ નજર કર કે જે આ તારા વસ્ત્ર છે એ મારૂંજ રૂપ છે. એ વસ્ત્રની સેવા કરીને તેં વસ્ત્રને મહારાજા બનાવ્યા છે તેમજ વસ્ત્રરૂપે મેં પણ તારી સેવા કરી તને મહારાજાજ બનાવ્યો છે.

જ્યૉર્જ—(પોતાના તરફ દૃષ્ટિ કરીને) અહા પત્રજી મહારાજ આપની વાત હું સત્ય માનું છું.

—સાકાર વર્ણન—

અહા હું આપને વાયુમાં ઉડતા, પાણીમાં તરતા તેમજ મારી આસપાસ હસી રહેલા જ્યાં ત્યાં અનેક રૂપે વિલાસ કરી રહેલા જોઉં છું. વળી આપનામાં વૃક્ષનું ચિત્ર હોય ત્યારે વૃક્ષરૂપે, અગ્નિનું ચિત્ર હોય ત્યારે અગ્નિ રૂપે અને આપનામાં જેનું ચિત્ર હોય તેજ રૂપે આપને જોઉં છું એટલું જ નહીં પણ આપે હરવખત મારી પાસેજ

રહીને મને પણ આપના રૂપજ કરી દીધો છે. કારણ કે હું જ્યારે બહાર જોઉં છું ત્યારે હું સર્વાંગે તમારામાંજ વિંટળાવલો હોવા છતા કોઇ એમ નથી કહેતું કે આ વસ્ત્રજી મહારાજ આવ્યા પણ મારૂં જ નામ દેછે તેમજ મારી છબી આપમાં હોવા છતા કોઇ એમ નથી કહેતું કે આ પત્રજી મહારાજ છે પણ મારૂંજ નામ દેછે તેથી મને સ્પષ્ટ માલમ પડેછે કે હું આપના રૂપ થઇ ગયો છું, અથવા આપ મારા રૂપ થઇ ગયા છો. અથવા આપણે બંને એક થઇ રહ્યા હોઇએ એમ જણાય છે.

—મૂર્તિમંત ભીતિ ઉભી—

રમ્ય મૂર્તિ નાથની, શી દૃષ્ટિએ તરી રહી,
દિવ્ય કાન્તિ કાન્ત કેરી, આ હૃદયે રમી રહી—રમ્ય,
જોતો વાયુમાં ઉડંતી, જોઉં વારીમાં તરંતી,
આસપાસ એ હસન્તિ, જ્યાં ત્યાં વિલસી રહી—રમ્ય.

વૃક્ષમાંહી વૃક્ષરૂપ, અનળમાં અનળ સ્વરૂપ,
તેજમાંહી તેજ રૂપ, સર્વમાં સમી રહી—રમ્ય.

આ વિધિ સમીપ રહીને, સાક્ષ સર્વદા થઇને,
અંકમાં રમાડી મને, નીજ સ્વરૂપ કરી રહી—રમ્ય.

હે પત્રજી મહારાજ! આપના શરીર વિશે હઝારો રામ, કૃષ્ણ, શંકર, અલ્લાહ ખ્રીસ્ત, બ્રહ્મા, વિશ્નુ, સૂર્ય, ચંદ્ર, પ્રથ્વી, તારા ઇત્યાદિ અનેક બ્રહ્માંડો તેમજ દેવો, ઋષિયો, પ્રાણી માત્રો અનેક સર્પો ઇત્યાદિ નહીં જોયલું પણ જોઇને હું અતિ આશ્ચર્ય થાઉંછું. આપનું આ વૈરાટ સ્વરૂપ જોઇને મારી ધીરજ અને શાંતિ જાણે જતી રહી હોય

એમ મને ભાસ થાયછે. હે પત્રજી મહારાજ ! પ્રસન્ન થાવ, પ્રસન્ન થાવ, હું આપને શર્ણું છું.

—પ્રિતકા વાયદા કરેકે પિયા—

અહો પત્રજી હું તમ દેહમાં દેખું, પ્રાણી માત્રો દેવ સર્વને પેખું,
કમળાસન એવા બ્રહ્મા ઉવેખું, રૂષિયો સર્વ સર્પ દિવ્ય લેખું;
અનેક બાહુ ઉદર મુખ નેત્ર, અનેક રૂપ જુવે મુજ ચક્ષ,
અંત ન મધ્ય ન આદિ કલત્ર, રૂપ હું તેવું દેખુ છું પ્રત્યક્ષ.

કિરીટ ગદા અને છો ચક્રધારી, પ્રકાશ સર્વત્ર છે તેજ ભારી,
સૂર્ય ચંદ્ર જાણે કાંતિ તમારી, નિહાળતા મન જાયછે હારી;
અવિનાશી છો જાણવા યોગ્ય ભારી, ઉત્તમ વિશ્વમાં ઉપમા ન ત્હારી,
ધર્મ સનાતન મૂર્તિ તમારી, પ્રભુ સનાતન છો જયોર્જ ભારી.

આદિ ન મધ્ય ન અંત ન ત્હારા, અનંત બાહુ અતિ બળવાળા.
ચંદ્ર સૂર્ય નેત્ર દિસે તમારા, સ્વતેજથી વિશ્વ તપાવનારા;
સ્વર્ગ પાતાળને મૃત્યુના લોક, એકજ આપ રહ્યા સહુ રોક,
રૂપ છે આપનું ઉગ્ર અનોપ, વ્યથા પામે જેને જોઇ ત્રિલોક.

દેવો સહુ તમ દેહે પ્રવેશે, ભીતિ ધરી સહુ સ્તુતી કરેછે,
મહર્ષિ સિદ્ધ કલ્યાણ ચહેછે, સ્તોત્ર થકી તમને વિનવેછે;
રૂદ્ર આદિત્ય વસુ વિશ્વ દેવો, સાધ્યો બે અશ્વિની મરૂત જેઓ,
ગંધર્વ યક્ષ અસુર કરે સવો, સિદ્ધો લહે તને આશ્ચર્ય જેવો.

અદભૂત રૂપ ઘણા મુખ ભાળું, અનંત આંખ ઘણા હાથવાળું,
જાંગ અતિ પગ બહુ પેટવાળું, ઉગ્ર ત્રિલોકને વ્યથા દેનારૂં;
નભ સ્પૂશી વર્ણ અનેક પ્રકાશી, વિશાળ નેત્રને મુખ વિકાશી,
ધીરજ શાંતિ ગઇ સહુ નાશી, આત્મા તમોને જોઇ રહ્યો ત્રાસી.

મુખ ભયાનક દાંત કરાળ, જે જોઇ દિશા ન સુઝે લગાર,
દિસે ન ખાલી કો તમ વિણુ ઠાર, પ્રસન્ન થાવ હે પત્ર મોરાર;

હે પત્રજી મહારાજ ! અનેક રાજાઓ આપના મુખમાંજ પ્રવેશ કરી રહ્યા છે (છબી પડાવી રહ્યા છે) અહંકારી દુશ્મનો પણુ નગારાથી બચે એમ જણાતુ નથી.

—ગજલ-કવાલી——

સમુહ રાજા તણો સર્વે, પ્રવેશે મુખમાં ત્હારા,
દૂશ્મનો જે ભર્યા ગર્વે, દિસે નહિં કોઇ બચનારા—સમુહ.
કોઇઝર જરમન તણો કહીયે, ઓસ્ટ્રીયા હંગરી લઇયે,
પરાયું આપણું જોઇએ, યોધ સહુ મુખ્ય જે સારા—સમુહ.
કઇના થયા ચુર્ણ માથા, રૂધિરે થઇ ગયા રાતા,
ભયંકર વક્ર છે દાંતા, દીસે એ દાઢમાં ત્હારા—સમુહ.
નદીના પૂર દર્શાએ, સાગરના મુખમાં ધાએ,
તેમ નરવીર ખેંચાએ વિકાસીત મુખમાં ત્હારા—સમુહ.
પતંગ દીવા વિશે ધાએ, નાશ વેગે અતિ થાએ,
તેમ તું આ લોકને ખાએ, ન થાએ મુખથી ન્યારા—સમુહ.
ચોપાસે ચાટતા રહોછો, ખાઇને લોક આ સર્વે;
કાન્તિથી જગત બાળો છો, મળે સહુ તેજમાં ત્હારા—સમુહ.
કોણ છો ઉગ્ર રૂપ ધારી, નમી સ્તુતી કરૂં ત્હારી,
ન જાણું માયા જે ત્હારી, જણાવો તે મને પ્યારા—સમુહ.

હે પત્રજી મહારાજ ! આપ આવા ઉગ્ર રૂપ ધારી કોણ છો.

હું આપની માયા જાણી શકતો નથી. કૃપા કરી આપ મને જણાવો, હું આપની નમી નમીને સ્તુતી કરૂં છું.

શ્રી પત્રજી મહારાજો વાચ—

હે જ્યૉર્જ ! હું વૃદ્ધિ પામેલો કાળ છું. અને સર્વનો સંહાર કરવા આ લોકમાં આવેલો છું. તું શત્રુને મારશે નહીં તો પણ તે બચવાના નથી માટે હિંમત રાખી ઉઠ અને શત્રુઓને જીતીને જશ લે.

—શું નટવર વસંત થઇ થઈ—

હું છું નાશ કરનાર વૃદ્ધિ પામેલો કાળ (૨),
વૃદ્ધિ પામેલો કાળ, કરૂં સર્વનો સંહાર— હું છું.
આવ્યો છું આ લોકમાં, કરવા સૌનો અહાર,
હણશે નહિ તું શત્રુને, પણ નથી તે બચનાર.
માટે ઉઠી યશ વધાર, શત્રુઓને જીતીને,
રિદ્ધિ વાળું રાજ તું તો પ્રિતેથી પાળ—હું છું.
શત્રુ સર્વે પ્રથમથી, માર્યા છે મ્હેં જાણ,
નિમિત થાતું આ સમે, કર તોપો સંધાણ.
જર્મન ઑસ્ટ્રીયા સાર, મહારણ ધીરારે,
વળી તુર્કસ્તાનના તેમ, બીજા યોધ વીરારે.
મરેલાને માર તું, ધર નહીં મન શંકાય,
યુદ્ધ કર રણક્ષેત્રમાં નિશ્ચે જીતજ થાય.

આનંદાનંદ ઉવાચ—

મુકુટ ધારી જ્યૉર્જ, એવું સાંભળીને બોલીયા,
હેતે નમસ્કાર પ્યારા પત્ર મોરાર—મારા—હું છું.

જ્યૉર્જ ઉવાચ— —છાંડો છાંડોજી મોરી કલઇયા—

જગ ગાય કિર્તિ તારી, પામે હર્ષ અતિ ભારી,
ઉર આનંદ અપારી.
દુશ્મનો અપાર, નાસી રહ્યા દ્વારો દ્વાર,
સિદ્ધો સર્વે કરે નમસ્કાર, બ્રહ્મા આદિના છો કરતાર
નમું હું મોરારી—જગ.
દેવાધિ દેવનામ છો પ્રભુ સર્વ જગતના ધામ,
સત્ અસત્ત ઉત્તમ અવિનાશી, છો વ્યાપી રહ્યા ઠામો ઠામ,
નારાયણ, નરહરી, આનંદાનંદજી-હે...ગીરધારી—જગ.

હે પત્રજી મહારાજ! આખું વિશ્વ આપમાં જ રહેલું હોવાથી આપ વિશ્વના ભંડાર છો, વિદ્યાના સાગર છો. મ્હેં આપને સ્નેહી જાણી અગર વિના સમજથી કાગજ, લેટર, પેપર, પેજ, લીફ ઇત્યાદિ નામોથી આપને બોલાવ્યા તેમજ ભુલથી આપને ફડછ ગયા હોય અથવા વાંચતા કે લખતા, એકાંતમાં મનન કરતા અથવા ખડીયા કલમ પાસે કે શાહીની સમક્ષમાં મારાથી આપનું કંઇ પણ અપમાન થયું હોય અથવા છેકો પડયો હોય કે ડાઘા ડુઘો પડયા હોય તો કૃપા કરી ક્ષમા કરશો. આપનું આ અપૂર્વ વૈ:
આજ ધન ભાગ્ય થયો છું.

—મન માયાના કરનારેરે—

પુર્ણ પત્ર તમે છો આદિ દેવારે, વિદ્યા ધામ અનંત. તમ કાયા.
જાણવા યોગ્ય અને જાણનારારે, વિશ્વ ભંડાર આપ મનાયા.

વાયુ અગ્નિ ચંદ્ર વરૂણ પ્રજાપતિ પીતામઃ અને યમરાયા,
હઝાર વાર નાથ નમસ્કાર માની લેજો, પ્રિતે ધરૂતમ પાયારે—વિશ્વ.

આગળ નમસ્કાર પાછળ પણ વંદુ, નમું હું સર્વ દિશાયા,
અનંત બળ અતિ પરાક્રમ વાળા, સર્વરૂપ આપ જણાયારે—વિશ્વ.

સ્નેહી જાણી તમને વિના વિચારે, કાગળ કહીને બોલાવ્યા,
લેટર પેપર કહી તમને પોકાર્યા, પ્રમાદથી જમરાયારે—વિશ્વ.

વાંચતા કે લખતા જોતા એકાંતમાં, ભુલથી તમને ફ્રડાયા,
સાહીની સમક્ષ અપમાન થયું હોયજો, યાચું ક્ષમા વશ જાયારે—વિશ્વ.

હે પત્રજી મહારાજ! આપ સ્થાવર અને જંગમ એવા સર્વ જગતના માતા પિતા છો. ગુરૂથી પણ અધિક પુજવા યોગ્ય છો. આપનાથી વધારે આ ત્રિલોકમાં પણ કોઇ નથી જ નથી, હું આપની શું સેવા કરૂં. આ શરીરજ આપનું છે તો હું આપને પ્રણામ પણ શું કરૂં, છતા પિતા પુત્રનું સાંખી રહેછે સન્મીત્ર પોતાના મિત્રનું સાંખી રહે છે તેમ આપ મારા અપરાધ સહન કરી રહો છો અહા આગળ કોઇએં પણ જે જે નથી દીઠું તે જોઇને મને પૂર્ણ આનંદ થાય છે. પણ આ આપનું વૈરાટ સ્વરૂપ જોઇને મારૂં મન ભયથી વ્યાકુળ થઇ રહ્યું છે તેથી હે જગત્પતિ આપનું પૂર્વનું રૂપ ધારણ કરી પ્રસન્ન ચિત્તવડે કિરીટ, ગદા. ચક્રને ધારણ કરી તેમજ જે આપના હઝારો હાથ છે તેને બદલે ચતુર્ભુજ રૂપ ધારણ કરી પૂર્વરૂપથી દર્શણ આપી કૃતર્થ કરો.

—અથે કમજાત પિંગલા—

ચર અને અચર જગતના છો તમે પિતા,
ગુરૂ થકી અધિક યોગ્ય આપ પુજીતા.

આપથી અધિક અન્ય ના ત્રિલોકમાં,
અતિ પ્રભાવ આપનો ન હોય કોકમાં.

નમાવી દેહ દંડવત્ પ્રણામ હું કરૂં,
પ્રસાદ છે એ તાહેરો પ્રસન્ન શું કરૂં.

પિતા સહે છે પુત્રનું સનિમિત્ત મિત્રનું,
પ્રિય પ્રિયાનું સહે તેમ સાંખો મુજનું.

પૂર્વ માંહે કોઇએ જે જે દિઠું નથી,
આનંદ મને થાયછે તે જોઇ સર્વથી.

ભય થકી વ્યાકુળ મન મ્હારૂં છે અતિ,
જગત્પતિ પ્રસન્ન થાવ પૂર્વ રૂપથી.

કિરીટ ગદા ચક્ર ધારી પૂર્વ રૂપ જે,
ચિત્ત મારૂં તેજ રૂપ જોવાને ચહે.

હજાર હાથ વિશ્વમુર્તિ આપને લહું,
ચાર હાથ આપના હું જોવાને ચહું.

પત્રજી મહારાજ—   —અદ્ભુત રચના શી—

તુજને મ્હેં પ્રસન્ન થઇ, અહીં, અતિ હે જ્યૉર્જ પંચ,-
દાખવ્યું આત્મ યોગથી, પરમ સ્વરૂપ મ્હારૂં પાવન
જેનો આદિ અને નહીં અંત, તેજોમય એ વિશ્વદર્શન—તુજને.

તુજ વિના એ મુજ દર્શન, કર્યું નથી પૂર્વે કોઇ જન,
તે દર્શન આજ તું, અહીં, કરી, થયો ધન ધન્ય—તુજને.

હે જ્યૉર્જ! આવા પૂર્વમાં કોઇને દર્શણ થયા નથી તે દર્શણ આજ તું કરીને કૃતાર્થ થયો છે. હવે તારા મનની ભીતી દુર કરી

દે. ઉઠ અને સાવધ થઇને યુદ્ધ કર. અવશ્ય તારો જય થશેજ. હિંદુસ્તાનના તેત્રિસ કોટી દેવતાઓ તારી સાહાયતા કરી રહ્યા છે. દ્વારીકાના છપન ક્રોડ દેવતા તારી સહાયતા કરી રહ્યા છે, અનેક મિત્ર રાજ્યો તારી સહાયતા કરી રહ્યા છે. હું તારા પર પ્રસન્ન છું, તારો એક પણ દુશ્મન આસૃષ્ટિમાં રહેવો જ ન જોઇએ, ભીમસેને દુર્યોધનના મસ્તકપર તેમજ વામન ભગવાને બળીરાજાના મુસ્તક પર પગ મેલ્યો હતો તેમ તું દુશ્મનના મસ્તકપર પગ મુક, ઉઠ, ઉભોથા અને યુદ્ધ કર.

—વચન માટે થયા વનવાસી—

વેદ ન યજ્ઞ અભ્યાસ ન દાનથી, ક્રિયા ન તપથી જણાય,
તુજ વિના મુજ રૂપ જણાવું, અશક્ય જગમાં મનાય—વેદ,
રૂપ એવું મારૂં ઉગ્ર દેખી દુખી થા નહી ના ધભરા,,
પ્રસન્ન ચિત્તે બીતી દુર કરીને, પૂર્વનું જોતુ જરા—વેદ,

આનંદાનંદ ઉવાચ—

પત્રજીએ એવું કહીને ફરીથી, પૂર્વનું રૂપજ લીધ,
શાંતિ રૂપથી સંતોષ્યો જ્યોર્જને, થયો હતો ભયભીત—વેદ,

જ્યૉર્જ ઉવાચ—

સ્વસ્થ થયો છું શ્રી હરી દેખી સુંદર પૂર્વ શરીર,
મનુષ્ય રૂપ આ જોઇને તારૂં આવી સબળી ધીર—વેદ,

હે પત્રજી મહારાજ !

આપ આવા મોટા તેમજ આટલા બધા રૂપો વાળા હોવા

છતા જે આપને નિરાકાર માને છે તેની આંખો મારા ધારવા પ્રમાણે ઘણીજ ઝીણી હોવી જોઇએ, કારણ કે કીડી આપણા શરીર પર ચાલે છે પણ તેની આંખ ઘણીજ ઝીણી હોવાથી તેને આપણું શરીર દેખાતું જ નથી પણ મોટો પ્હોળો નિરાકાર રસ્તોજ દેખાય છે તેમ નિરાકાર માનવા વાળાની ઝીણી આંખે આપ જે અતિ મોટા છો તે ન દેખાવ એમાં કંઇ આશ્ચર્ય નથી,

અથવા તો આપને જે નિરાકાર માને છે તેઓની આંખ ઘણી જ મોટી હોવી જોઇએ, કારણ કે કીડી પોતાની ઝીણી આંખ વડે જે વસ્તુને જોઇ શકે છે તે વસ્તુ આપણી મોટી આંખ હોવાને લીધે આપણાથી જોઇ શકાતી નથી તેથી નિરાકાર માનવા વાળાની મોટી આંખે આપ જે અતિ ઝીણા છો તે ન દેખાવ એમાં પણ કંઇ નવાઇ જેવું નથી,

અને તેમ નહીં હોય તો તે લોકો પોતાના ઇશ્વરને હળદી જાણતા હશે અને તેથી તેને નિરાકાર માને તેમાં પણ ખોટું નથી કારણ કે તે લોકો કહે છે કે ઇશ્વર હમને જુવે છે પણ હમે ઇશ્વરને જોઇ શકતા નથી, આ ઉપરથી એટલું તો સમજી શકાય છે કે ઇશ્વર કંઇ ખુણે ખોચરે પડયા હશે અને તેમને નહીં દેખાવાની સિદ્ધિ પ્રાપ્ત થઇ હોવી જોઇએ, એ સિદ્ધિ શાથી પ્રાપ્ત થઇ હશે તે વિશે તેમના હળદી ઇશ્વર કહે છે કે—

भोदलींद्रः नमस्तुभ्यम्, सिद्धोहं तत्प्रसादतः ॥
पश्याम्यहं जगत्सर्वम्, माञ्च पश्यति कश्चन ॥

અર્થ—હે હળીંદ્ર તને નમસ્કાર છે, કારણ કે તારા વડે મને

સિદ્ધિ પ્રાપ્ત થઇ છે કે હું સારા જગતને જોઉં છું.(આંગણે આંગણે ભટકીને) પણ મને કોઇ દેખાતું નથી.

અથવા નિરાકાર માનવા વાળાનો ઇશ્વર મરી ગયો છે એમ કહું તો પણ ખોટું નથી, અથવા ભુત થયલો છે એમ પણ કહું તો વાંધો નથી અથવા તો જનમ્યો જ નથી એમ કહીશું તો પણ ચાલશે કારણ કે મરી ગએલા, કે ભૂત થએલા, અથવા નહીં જન્મેલા આ દુનિયામાં કોઇ પણ જોવામાં આવતા નથી. તેથી તેઓ નિરાકાર માને એમાં પણ કંઈ આશ્ચર્ય જેવું નથી.

અને જો નિરાકાર માનવા વાળાની આંખજ નિરાકાર હોય અને તેથી ઇશ્વરને નિરાકાર માને તોપણ યોગ્ય છે કારણ કે—

આંખ વિના અંધારૂંરે, સદાય મારે—આંખ,
દેખતાને લાલ લીલું, દેખે તેને પીળું ધોળું,
અંધાને મન સઘળું કાળું કાળું રે—સદાય.

અગર આપ આકાશ રૂપથી પોતાને નિરાકાર ગણાવતા હો તો પણ હું માનું એમ નથી કારણ કે જેમ ઘટાકાશ તરીકે આપ સાકાર છો તેમ આ બ્રહ્માંડ રૂપી પણ હું મોટો ઘડોજ માનું છું અને તેમાં આપ રહેલા હોવાથી પણ, હું આપને સાકાર જ માનું છું. હું તો ધારૂં છું કે આપ જ્યારે જન્મ્યા હશો ત્યારે જોશી લોકોએ આપની જન્મ કુંડલી કરી હશે અને આપનું નામ કુંભ (રાશીમાં) આવ્યું હશે તેથી આપનું સાકાર એવું નામ પડયું હશે અને આપના બાપની વૃશ્ચિક રાશી હશે તેથી આપના પિતાનું નામ નિરાકાર હશે. અથવા લાડમાં આપનુંજ નામ નિરાકાર રાખ્યું હશે. તેથી સાકાર કહું તો પણ આપજ છો અને નિરાકાર કહું તો પણ આપજ છો.

આપને લેટર, પેપર, પાનું, પેજ, લીફ ઇત્યાદિ કોઇ પણ નામથી બોલાવું તો પણ આપજ છો. નામ તમને ગમે તે રાખો પણ હું તો તમને પત્રજી મહારાજ નામથી જ ઓળખીશ.

પત્રજી મહારાજ— —ધીમા ધીમા ચાલો મારા—

રૂપ મ્હારૂં જોવું છે મુશ્કેલરે,
રૂપ મ્હારૂં આ જીવપંચ જે તેં દીઠું,
ધારે દેવો મીઠું–નથી સ્હેલરે—રૂપ.

દર્શન તેં મારૂં કર્યું, દુર્લભ છે જગમાંય,
વેદ તપ કે દાનથી, વળી હોમથી ના દર્શાય.

મારી ભક્તિ થકી મને જોઇ શકે,
તત્વ જાણે તેને કોણ રોકી શકે;
સર્વ અર્પણ કરી મારૂં નામ જપે.
તજી આશક્તિ વૈર ન કોથી રખે.
નથી સ્હેલરે—રૂપ.

ભગવદ્ગીતા મ્હેં કહી બ્રહ્મવિદ્યા કહેવાય,
વિશ્વરૂપ દર્શન થયું, સ્પેશ્યલ એ અધ્યાય—નથી-રૂપ.

ઇતિશ્રી પત્ર પુરાણે યુનીયન પ્રેસે, ગીતા ક્ષેત્રે પત્રજી જ્યૉર્જ સંવાદે સન્સ્વતી સ્વામી આનંદાનંદ કરી તે દુનિયા દર્શણુ યોગોનામ દ્વિતિયો અધ્યાયઃ ॥

—રમ્ય મૂર્તિ નાથની શી—

What a fine image of God
I see before my sight
Fine the face of God is seen
To give me ever shine & light–What

I see It flying in the wind
Again in water too swiming
Laughing It all around & round
Watching me all the day & night–What

In the tree He is the tree
Even the fire is not free
Shines It also in the light
Here & there He has the right–What

In this way being with me
Giving His help always I see
Keeping me ever in His breast
He has given me all His rights–What

Gita-sun-git ***O****f* *anandanan****D***

No. Re. 1—4—0

Government Of the worlD.

સર્વ અક્ષરાધિપતિ

મહારાજાધિરાજ શ્રી તમે

પત્રજી મહારાજ.


Shrimon guru U patra bhagwaN

Pay—All that is yours in the heart of

Blisses—1000. SARASWATI.

For the,

Gita-sun-git Of anandananD


॥ॐ॥